પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY
# અબતક®
સાંધ્ય દૈનિક
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા
ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૧૭-૨-૨૦૨૬, મંગળવાર
વર્ષઃ ૧૪, અંક : ૨૯૦
Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 © 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**

કઠોર પરિશ્રમ અને ધૈય જ સફળતાનો મૂળ મંત્ર છે.

**સીબીએસઈ બોર્ડની પરીક્ષાનો શાંતિપૂર્ણ માહોલમાં પ્રારંભ**

(વાંચો છેલ્લા પાને)

### ૨૦૧૬ નોટબંધીઃ શ્રાપિત નહિ પરંતુ આશીર્વાદ સાબિત થઈ

# નોટબંધી પછી વાર્ષિક ૧૧ ટકાના વધારા સાથે બજારમાં 'રોકડા' રૂ.૪૦ લાખ કરોડ ફરી રહ્યા છે

## ડિજિટલ ઈન્ડિયાની બોલબાલા વચ્ચે પણ 'કેશ ઈઝ કિંગ': યુપીઆઈના રેકોર્ડબ્રેક ટ્રાન્ઝેક્શન્સ છતાં રોકડનો મોહ અકબંધઃ નોટબંધી વખતે જેટલી રોકડ હતી તેના કરતા બમણી રકમ હાલ માર્કેટમાં ફરતી થઈ

### રોકડનું પ્રમાણ વધવાના મુખ્ય કારણો

- **આર્થિક વિકાસ :** ભારતનું અર્થતંત્ર વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર છે. જેમ અર્થતંત્રનું કદ વધે, તેમ વ્યવહારો માટે વધુ નાણાંની જરૂર પડે છે.
- **રીયલ એસ્ટેટ અને સોનુંઃ** જમીન-મકાન અને સોનાની ખરીદીમાં હજુ પણ રોકડ વ્યવહારોનું પ્રમાણ મોટું છે.
- **ગ્રામીણ અર્થતંત્રઃ** ભારતના ગામડાઓમાં હજુ પણ ઈન્ટરનેટ અને સ્માર્ટફોનની પહોંચ હોવા છતાં, રોકડ વ્યવહારો જ મુખ્ય છે. ખેતી અને નાના વેપારો રોકડ પર જ નભે છે.



### યુપીઆઈ રેકોર્ડ તોડે છે, છતાં રોકડ કેમ વધે છે?

આ એક મોટો કોયડો છે. વાસ્તવમાં, યુપીઆઈનો ઉપયોગ 'નાના વ્યવહારો' માટે થાય છે. જેમ કે કરિયાણું, દૂધ કે પેટ્રોલ. જ્યારે રોકડનો ઉપયોગ 'સંપત્તિના સંગ્રહ' અને મોટા અનૌપચારિક વ્યવહારો માટે થાય છે. લોકો બેંકમાં પૈસા રાખવાને બદલે અમુક રકમ હાથ પર રોકડ સ્વરૂપે રાખવાનું પસંદ કરે છે.

- **હાલમાં કુલ રોકડઃ રૂ.૪૦ લાખ કરોડ (રેકોર્ડ હાઈ)**
- **વાર્ષિક વૃદ્ધિઃ ૧૧%**
- **નોટબંધી સમયે ૨૦૧૬માં રોકડઃ રૂ.૧૭.૯૭ લાખ કરોડ**
- **ડિજિટલ ઈફેક્ટઃ યુપીઆઈ વધ્યું, પણ રોકડ ઘટી નહીં**

**અબતક, નવી દિલ્હી**

એક તરફ દેશમાં 'ડિજિટલ પેમેન્ટ' ક્રાંતિ ચાલી રહી છે, ગલીએ ને ખૂણે શાકભાજી વાળાથી લઈને ચાની કિટલી સુધી ક્યુઆર કોડ અને યીપીઆઈનો ઉપયોગ થઈ રહ્યો છે. પરંતુ બીજી તરફ, એક આશ્ચર્યજનક અને વિરોધાભાસી સત્ય સામે આવ્યું છે. ભારતીયોનો 'રોકડ' પ્રત્યેનો પ્રેમ જરા પણ ઘટ્યો નથી, ઉલટાનો વધ્યો છે. તાજેતરના રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ડેટા અનુસાર, ભારતીય અર્થતંત્રમાં ફરતી રોકડ એ ઐતિહાસિક સપાટી વટાવી દીધી છે. આ આંકડો હવે રેકોર્ડબ્રેક રૂ.૪૦ લાખ કરોડ સુધી પહોંચી ગયો છે.

છેલ્લા એક વર્ષમાં ચલણમાં રહેલી રોકડમાં ૧૧%નો વધારો નોંધાયો છે. સામાન્ય રીતે એવી માન્યતા હતી કે નોટબંધી અને ત્યારબાદ યીપીઆઈના આગમન પછી રોકડનો ઉપયોગ ઘટશે. પરંતુ આંકડા કંઈક અલગ જ વાર્તા કહે છે. જ્યારે ડિજિટલ વ્યવહારો વોલ્યુમની દ્રષ્ટિએ વધી રહ્યા છે, ત્યારે મૂલ્યના સંગ્રહ તરીકે લોકો હજુ પણ રોકડને જ પ્રાથમિકતા આપી રહ્યા છે.

યાદ કરીએ નવેમ્બર ૨૦૧૬નો સમય, જ્યારે નોટબંધી જાહેર થઈ ત્યારે દેશમાં આશરે રૂ.૧૭.૯૭ લાખ કરોડ રોકડ ચલણમાં હતી. આજે લગભગ ૮-૯ વર્ષ બાદ, આ આંકડો બમણાથી પણ વધુ થઈને રૂ.૪૦ લાખ કરોડને પાર કરી ગયો છે. આ દર્શાવે છે કે નોટબંધી બાદ સિસ્ટમમાં રોકડ પાછી ફરી

(અનુ. આઠમા પાને)

### સાવધાનઃ જથ્થાબંધ ભાવાંક ૧૦ મહિનામાં વધીને ૧.૮ ટકાએ પહોંચ્યો

# રાજ્યો અને કેન્દ્રોનું દેવું 'ભારે' પડી રહ્યું છે

## ખાદ્યચીજો અને ઈંધણના ભાવમાં ભડકો થતાં જથ્થાબંધ મોંઘવારી બેકાબૂઃ રિટેલ બાદ હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સમાં પણ ઉછાળો આવતા આરબીઆઈ દ્વારા વ્યાજદરમાં ઘટાડાની આશાઓ પર ફરી વળતું પાણી

**અબતક, નવી દિલ્હી**

દેશના અર્થતંત્ર માટે અને સામાન્ય જનતા માટે ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. રિટેલ મોંઘવારી બાદ હવે જથ્થાબંધ મોંઘવારીએ પણ માથું ઊંચક્યું છે. સોમવારે જાહેર થયેલા સરકારી આંકડા મુજબ, જાન્યુઆરી મહિનામાં હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સ આધારિત ફુગાવો વધીને ૧.૮% નોંધાયો છે, જે છેલ્લા ૧૦ મહિનાની સર્વોચ્ચ સપાટી છે. આ આંકડો અર્થશાસ્ત્રીઓની ધારણા કરતા વધુ આવ્યો છે, જે દર્શાવે છે કે ઉત્પાદન સ્તરે જ ભાવવધારો થઈ રહ્યો છે, જેની સીધી અસર આગામી દિવસોમાં ગ્રાહકોના ખિસ્સા પર પડશે.

જથ્થાબંધ મોંઘવારીમાં આ ઉછાળા પાછળનું મુખ્ય કારણ 'ફૂડ આર્ટિકલ્સ' (ખાદ્ય સામગ્રી)ના ભાવમાં થયેલો વધારો છે. ખાસ કરીને શાકભાજી, કઠોળ અને ડુંગળીના ભાવ જે રીતે આસમાને પહોંચ્યા છે, તેણે જથ્થાબંધ ભાવાંકને ઉપર ધકેલ્યો છે. આ ઉપરાંત ક્રૂડ ઓઈલના ભાવમાં વધઘટ અને મેન્યુફેક્ચરિંગ કોસ્ટમાં થયેલા સામાન્ય વધારાએ પણ આમાં ભાગ ભજવ્યો છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના ડેટા અનુસાર, ડિસેમ્બર મહિનામાં જે સુસ્તી જોવા મળી હતી તે જાન્યુઆરીમાં ગાયબ થઈ ગઈ છે અને મોંઘવારીનો પારો ઉપર

(અનુ. આઠમા પાને)

**ખાદ્યચીજોમાં તેજીઃ** શાકભાજી, કઠોળ અને અનાજના જથ્થાબંધ ભાવમાં મોટો ઉછાળો નોંધાયો છે, જેણે ઈન્ડેક્સને ઉપર ધકેલ્યો.

**ગ્લોબલ ફેક્ટર્સઃ** વૈશ્વિક સ્તરે સપ્લાય ચેઈનમાં વિક્ષેપ અને શિપિંગ કોસ્ટમાં વધારો થવાને કારણે આયાતી માલ મોંઘો થયો છે.

**બેઝ ઈફેક્ટઃ** ગયા વર્ષે આ સમયગાળામાં ફુગાવો નીચો હતો, તેની સરખામણીએ આંકડાકીય રીતે આ વર્ષનો વધારો મોટો દેખાઈ રહ્યો છે.



### સામાન્ય માણસના ખિસ્સા પર શું અસર થશે?

**રિટેલ મોંઘવારી વધશેઃ** ડબ્લ્યુપીઆઇ વધવાનો સીધો અર્થ છે કે આગામી ૧-૨ મહિનામાં રિટેલ માર્કેટમાં સામાન મોંઘો થશે, કારણ કે કંપનીઓ વધેલા ખર્ચનો બોજ ગ્રાહકો પર નાખશે.

**લોન સસ્તી નહીં થાયઃ** મોંઘવારી ઊંચી રહેતા આરબીઆઇ રેપો રેટ ઘટાડવાનું સાહસ નહીં કરે. એટલે કે તમારા ઈએમઆઈ (હપ્તા) ઘટવાની જે આશા હતી, તે હજુ ઠગારી નીવડશે.

**બચત પર ફટકોઃ** જીવનજરૂરી ચીજવસ્તુઓ મોંઘી થવાથી મધ્યમ વર્ગના ઘરનું બજેટ ખોરવાશે અને બચત ઘટશે.

# વર્ષ ૨૦૨૬નું પ્રથમ સૂર્યગ્રહણઃ બપોરે ૩.૨૬ થી સાંજે ૭.૫૬ મિનિટ સુધી દેખાશે

## ભારતમાં સૂર્યગ્રહણ દેખાશે નહીં, જેના કારણે સૂતક કાળના નિયમો લાગુ પડશે નહીં

**અબતક, રાજકોટ**

વર્ષ ૨૦૨૬ની શરૂઆત સાથે જ અવકાશી ઘટનાઓમાં રસ ધરાવતા લોકો માટે એક રોમાંચક સમાચાર સામે આવ્યા છે. આજે ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ વર્ષનું પ્રથમ સૂર્યગ્રહણ થવા જઈ રહ્યું છે. આ ગ્રહણ 'વલયાકાર' પ્રકારનું હશે, જેમાં ચંદ્ર સૂર્યની મધ્યમાં આવી જતાં સૂર્ય એક ચમકતી વીંટી જેવો દેખાય છે, જેને વિજ્ઞાનીઓ 'રિંગ ઓફ ફાયર' તરીકે ઓળખાવે છે.



ભારતીય સમય અનુસાર, આ સૂર્યગ્રહણનો પ્રારંભ બપોરે ૩:૨૬ વાગ્યે થશે અને તે સાંજે ૭:૫૮ વાગ્યે પૂર્ણ થશે. આમ, આ ખગોળીય ઘટના અંદાજે ૪ કલાક અને ૩૨ મિનિટ સુધી ચાલશે. ગ્રહણનો સૌથી પ્રભાવશાળી સમય એટલે કે 'પીક ટાઈમ' સાંજે ૫:૧૩ થી ૬:૧૧ દરમિયાન રહેશે.

જોકે, ભારતીય આકાશપ્રેમીઓ માટે મહત્વની વાત એ છે કે આ સૂર્યગ્રહણ ભારતમાં દેખાવાનું નથી. આ ગ્રહણ મુખ્યત્વે દક્ષિણ આફ્રિકા, એન્ટાર્કટિકા, આર્જેન્ટિના, ચિલી અને દક્ષિણ અમેરિકાના કેટલાક ભાગોમાં સ્પષ્ટપણે જોઈ શકાશે. ભારત આ ગ્રહણના દ્રશ્યપથમાં ન હોવાથી અહીંના લોકો આ નજારો નરી આંખે જોઈ શકશે નહીં.

### કર્ણાટકમાં રાજકીય ઉથલપાથલ

# ડીકે ગ્રુપમાં ઉઠાવી જવાની ભીતિએ સિદ્ધારમૈયાના ૨૭ ધારાસભ્યોને ઓસ્ટ્રેલિયા-ન્યુઝીલેન્ડ પ્રવાસે મોકલ્યા

**અબતક, રાજકોટ**

કર્ણાટકમાં કોંગ્રેસ પાર્ટીની અંદર ચાલી રહેલી સત્તાની લડાઈ તાજેતરમાં નવી ઊંચાઈએ પહોંચી ગઈ છે. મુખ્યમંત્રી સિદ્દારામૈયાના ટેકેદાર શિબિરે આશરે ૨૭ ધારાસભ્યો અને ધારાસભ્ય પરિષદના સભ્યોને ઑસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડની વિદેશ પ્રવાસ પર લઈ જવાની યોજના બનાવી છે, જેને ડેપ્યુટી સીએમ ડી.કે. શિવકુમાર દ્વારા ક્લેગ્સ લીડરશિપ પાર્ટી મીટિંગની માંગને અટકાવવાની રણનીતિ તરીકે જોવામાં આવી રહી છે.

(અનુ. આઠમા પાને)



# રૂ.૪.૫૦ લાખના ચેક રિટર્ન કેસમાં અમિષા પટેલ વિરૂધ્ધ બિનજામીનપાત્ર વોરંટ

## રાજપાલ યાદવ બાદ અભિનેત્રી સામે કાનૂની ગાળિયો કસાયોઃ મુરાદાબાદમાં લગ્ન સમારંભમાં પરફોર્મ કરવા ૧૧ લાખ લેવા છતાં હાજર નહિ રહેતા કેસ દાખલ થયો'તો

**અબતક, રાજકોટ**

ચેક બાઉન્સ અને છેતરપિંડીના જૂના કેસમાં જ્યારે અભિનેતા રાજપાલ યાદવને તિહાડ જેલમાંથી જમાનત મળી ગઈ છે ત્યારે અભિનેત્રી અમીષા પટેલ સામે ૨૦૧૭ ના કેસમાં ગેર-જમાનતી વોરંટ જારી થયું છે. મુરાદાબાદની એસએએમ-૫ કોર્ટે અમીષા પટેલ નિર્ધારીત તારીખ પર ગેરહાજર રહેતા તેની સામે આ સખત પગલુ ભર્યું છે અને તેને ૨૭ માર્ચના રોજ હાજર થવાનો આદેશ આપ્યો છે.

આ કેસ વર્ષ ૨૦૧૭નો છે જ્યારે મુરાદાબાદમાં એક ઈવેન્ટ કંપનીએ કોર્ટમાં ફરિયાદ કરી હતી કે અમીષા પટેલે એક લગ્ન સમારંભમાં પરફોર્મ કરવા માટે ૧૧ લાખ રૃપિયાની ફી લીધી હતી, પણ કાર્યક્રમમાં સામેલ નહોતી થઈ. આયોજકોના દાવા અનુસાર ફી લેવા છતાં અભિનેત્રીએ

(અનુ. આઠમા પાને)



# મોદીનો ધાર્મિક જગ્યાઓ તરફનો ઝુકાવ રિયલ એસ્ટેટને બખ્ખા કરી રહ્યું છે

## 'શ્રધ્ધા ત્યાં સંપત્તિ': અયોધ્યા બાદ હવે કાશી, મથુરા અને દ્વારકા હોટ ફેવરિટ! દેશના દિગ્ગજ બિલ્ડરોની 'ટેમ્પલ ટાઉન્સ' તરફ દોટ

### મેટ્રો સિટીઝને બદલે હવે તીર્થધામોમાં સેકન્ડ હોમ અને હોટેલ પ્રોજેક્ટ્સનો ક્રેઝઃ જમીનોના ભાવમાં તોતિંગ વધારો

### ગુજરાતના તીર્થધામો પણ રડાર પર

આ તેજીમાં ગુજરાત પણ બાકાત નથી. દ્વારકા અને સોમનાથ જેવા સ્થળોએ પણ ટુરિઝમ વધતા જમીનની માંગ વધી છે. ખાસ કરીને દ્વારકામાં 'સિગ્નેચર બ્રિજ' અને ઓખા-બેટ દ્વારકા કનેક્ટિવિટીને કારણે ભવિષ્યમાં અહીં રિયલ એસ્ટેટ માર્કેટ મોટો જમ્પ લેશે તેવી શક્યતા છે.

**અબતક, નવી દિલ્હી**

ભારતના રિયલ એસ્ટેટ સેક્ટરમાં એક નવો અને ઐતિહાસિક બદલાવ જોવા મળી રહ્યો છે. અત્યાર સુધી જે મોટા બિલ્ડરો અને ડેવલપર્સ મુંબઈ, દિલ્હી-એનસીઆર, બેંગલુરુ કે પુણે જેવા મેટ્રો શહેરોમાં જ પ્રોજેક્ટ્સ સ્થાપવા માટે પડાપડી કરતા હતા, તેઓ હવે ભગવાનના શરણે ગયા છે. આ પાછળનું કારણ માત્ર ભક્તિ નથી, પરંતુ 'ભક્તિ સાથે બિઝનેસ' છે. અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ બાદ જે રીતે રિયલ એસ્ટેટ માર્કેટમાં તેજી આવી, તેણે આખા દેશના ડેવલપર્સની આંખો ઉઘાડી દીધી છે. પરિણામે, હવે રિયલ્ટર્સે દેશના પ્રમુખ 'ટેમ્પલ ટાઉન્સ' એટલે કે તીર્થધામો તરફ દોટ મૂકી છે.

તાજેતરના અહેવાલો મુજબ, અયોધ્યા, વારાણસી (કાશી), વૃંદાવન, પૂરી, તિરુપતિ, દ્વારકા અને શિરડી જેવા શહેરો હવે રિયલ એસ્ટેટના નવા હોટસ્પોટ બની ગયા છે. આ શહેરોમાં સરકાર દ્વારા રોડ, રેલવે અને એરપોર્ટ કનેક્ટિવિટી (ઈન્ફ્રાસ્ટ્રક્ચર) પર જે જંગી ખર્ચ કરવામાં આવ્યો છે, તેના કારણે રોકાણકારોનો વિશ્વાસ વધ્યો છે. અયોધ્યામાં જમીનોના ભાવ આસમાને પહોંચ્યા બાદ હવે રોકાણકારો અન્ય ધાર્મિક સ્થળો પર પણ તેવું જ વળતર મળવાની આશા રાખી રહ્યા છે.



પહેલા તીર્થધામોમાં માત્ર ધર્મશાળાઓ કે સાદી હોટેલો જોવા મળતી હતી. પરંતુ હવે ત્યાં લક્ઝરી હોટેલ્સ, પ્રીમિયમ રિસોર્ટ, વેલનેસ સેન્ટર્સ અને ગેટેડ કોમ્યુનિટી બની રહ્યા છે. 'ધ હાઉસ ઓફ અભિનંદન લોઢા' જેવા મોટા ગ્રુપે અયોધ્યા, વૃંદાવન અને અમૃતસર જેવા શહેરોમાં જંગી રોકાણની જાહેરાત કરી છે. તેમના પ્લોટિંગ પ્રોજેક્ટ્સ લોન્ચ થતાની સાથે જ સોલ્ડ-આઉટ થઈ રહ્યા છે. આ ઉપરાંત તાજ, મેરિયોટ અને રેડિસન જેવા હોસ્પિટાલિટી જાયન્ટ્સ પણ ધાર્મિક નગરીઓમાં પોતાની લક્ઝરી હોટેલ્સ ખોલી રહ્યા છે. ડીએલએફ અને ગોદરેજ જેવા દિગ્ગજો પણ આ ટ્રેન્ડ પર બારીકાઈથી નજર રાખી રહ્યા છે.

ડિમાન્ડ વધતા આ નાના શહેરોમાં પ્રોપર્ટીના ભાવ મેટ્રો

(અનુ. આઠમા પાને)

### ધાર્મિક સ્થળોએ રહેવાનો ભારે ક્રેઝ

**સીનિયર સિટિઝન્સ :** નિવૃત્તિ બાદ શાંતિપૂર્ણ જીવન ગાળવા માંગતા લોકો અહીં ઘર ખરીદી રહ્યા છે

**એનઆઈઆર :** વિદેશમાં વસતા ભારતીયો પોતાના વતન અને સંસ્કૃતિ સાથે જોડાયેલા રહેવા માટે તીર્થધામોમાં 'સેકન્ડ હોમ' ખરીદવામાં રસ દાખવી રહ્યા છે.

**યંગ ઈન્વેસ્ટર્સ :** રજાઓ ગાળવા માટે 'હોલિડે હોમ' તરીકે અને બાકીના

## હૃદયની લાગણીઓથી વિશ્વને જોડો

# માનવ ભાવના જીવનને રંગીન બનાવે છે, જ્યારે આત્મા જીવનનો શાશ્વત અર્થ: આજે વિશ્વ માનવ ભાવના દિવસ

## કોઈ મહાન વસ્તુ સાથેનો ઊંડુ જોડાણ શાંતિ અને પરિપૂર્ણતાની ઊંડી અનુભૂતિ લાવે છેઃ આત્માનું પોષણ કરવાથી શાંતિ અને આનંદનું જીવન મળી શકે છેઃ આ દિવસ માનવ તરીકે આ ગ્રહ પર મળેલી સિદ્ધિઓ પર આશ્ચર્ય પામવાનો છે, તેમજ માનવીઓના આત્મામાં રહેલી અનંત શક્યતાઓ પર ચિંતન કરવાનો છે

કાર્લ રોજર્સ અને અબ્રાહમ માસ્લો જેવા માનવતાવાદી મનોવૈજ્ઞાનિકો સુધી, આધુનિક વિચાર આત્માને બદલે આંતરિક વિકાસ, સ્વ-વાસ્તવિકતા અને સ્થિતિસ્થાપકતાની વાત કરવા તરફ વળે છે, છતાં સર્જનાત્મક, શાંતિપૂર્ણ, પ્રેમાળ માનવ ભાવનાના મુખ્ય વિચારને જાળવી રાખે છે. આજે વિશ્વ સ્તરે રાષ્ટ્રીય દયાળુ કાર્યો દિવસ અને વિશ્વ માનવ ભાવના દિવસ ઉજવાય રહ્યો છે. બંને દિવસનો હેતુ જીવન મૂલ્ય શિક્ષણ કે માનવીય ગુણોને ઓળખવા અને તેનો વિકાસ કરવાનો છે, એટલેજ આ દિવસોની સંકલન વાત વાંચકો માટે આ કોલમમાં પ્રસ્તુત કરી છે. માનવ જીવનમાં ભાવના અને આત્મા બંનેનું વિશેષ સ્થાન છે. ક્યારેક સૌથી નાનું કાર્ય પણ સૌથી મોટી અસર કરે છે. આભાર કહેવા જેવું સરળ કાર્ય પણ તમારા દિવસને બદલી શકે છે અને જીવનને વધુ સારું બનાવી શકે છે. દયાના રેન્ડમ કાર્યો નાના અને મોટા બધા સ્વરૂપોમાં આવે છે. દરેક માનવીમાં પ્રેમ, હૂંફ, લાગણી અને દયાભાવ હોવો જોઈએ. જરૂરિયાતમંદોને મદદ કરવી એ આપણી મનાવતા અને ધર્મ કે ફરજ છે.કોઈ સારી વસ્તુ સાથેનું ઊંડું જોડાણ શાંતિ અને પરિપૂર્ણતાની ઊંડી અનુભૂતિ લાવે છે. આત્માનું પોષણ કરવાથી શાંતિ અને આનંદનું જીવન મળી શકે છે.




આ દિવસ માનવ તરીકે આ ગ્રહ પર મળેલી સિદ્ધિઓ પર આશ્ચર્ય પામવાનો છે, તેમજ માનવીઓના આત્મામાં રહેલી અનંત શક્યતાઓ પર ચિંતન કરવાનો છે. આજકાલ ઘણા લોકોના કહે છે કે આપણે જે દુનિયા જાણીએ છીએ તે દુનિયા સાથે સમાપ્ત થાય છે. વિશ્વ માનવ ભાવના દિવસ એ હકીકતની ઉજવણી કરે છે કે માનવીઓ ખરેખર આપણા પોતાના વિશ્વ વિશે જે જાણે છે તે મર્યાદિત અને ઉપરછલ્લી માહિતી છે. વિશ્વ માનવ ભાવના દિવસનો ઈતિહાસ જોઈએ તો ઈ.સ. પૂર્વે ચોથી સદી પ્લેટો ત્રિપક્ષીય આત્માની શોધની વાત કરી હતી. ઈ.સ. પૂર્વે ચોથી સદીમાં એરિસ્ટોટલે આત્માને શરીરના સ્વરૂપ તરીકે વ્યાખ્યાયિત કર્યું હતું. તે આત્મા (માનસ) ને જીવંત પ્રાણીના જીવન સિદ્ધાંત તરીકે રજૂ કરે છે, જે તર્કસંગત માનવ ક્ષમતાઓને અલગ પાડે છે અને માનવ આત્માને અનન્ય બનાવે છે. ખ્રિસ્તી વિચાર માનવ આત્માને ભગવાન સાથે જોડે છે. પોલ ધ એપોસ્ટલ, ઓરિજેન અને ઓગસ્ટિન જેવા પ્રારંભિક ખ્રિસ્તી ધર્મશાસ્ત્રીઓ શીખવે છે કે માનવ આત્મા એ આંતરિક કોર છે ૧૨મી-૧૩મી સદીમાં યહૂદી રહસ્યવાદ અને પ્રારંભિક કબાલાહનો ઉદય થયો હતો. જે ચિંતન અને ભક્તિ દ્વારા આધ્યાત્મિક ઉન્નતિની શક્યતા પર ભાર મૂકે છે. ૧૭મી સદીમા ડેસકાર્ટેસ મન અને શરીરને અલગ પાડે છે.૧૮મી સદીમાં કાન્ટ માનવ ગૌરવ અને નૈતિક ભાવના પર ભાર મૂકે છે.

ઈમેન્યુઅલ કાન્ટનું નૈતિક ફિલસૂફી માનવોને આંતરિક ગૌરવ ધરાવતા તર્કસંગત એજન્ટ તરીકે રજૂ કરે છે, જેમની સદ્ભાવના અને સ્વાયત્તતા નૈતિકતા પર આધારિત છે, જે માનવ ભાવનાના દષ્ટિકોણને મજબૂત બનાવે છે. ૧૯મી-૨૦મી સદીઓમાં મનોવિજ્ઞાન અને માનવતાવાદી વિચાર આંતરિક જીવનને ફરીથી ઘડે છે. માનવ ભાવના એ માનવતાને વ્યાખ્યાયિત કરતી સ્થિતિસ્થાપકતા, કરુણા, હિંમત અને આંતરિક શક્તિ છે. માનવ ભાવનાના અમૂર્ત છતાં શક્તિશાળી ગુણો પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે વ્યક્તિઓને પ્રતિકૂળતાઓને દૂર કરવામાં, આશાને પ્રેરણા આપવા અને સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવામાં મદદ કરે છે. સતત પડકારોથી ઘેરાયેલી દુનિયામાં, વિશ્વ માનવ ભાવન માનવતાના સહિયારા મૂલ્યો, ભાવનાત્મક શક્તિ અને દયા, દ્રઢતા અને એકતા માટેની ક્ષમતા અને વ્યક્તિગત વિકાસ પર કેન્દ્રિત છે.



વિશ્વ માનવ આત્મા દિવસ ઉજવણીનો હેતુ ધ્યાન દ્વારા માઈન્ડફુલનેસને પ્રોત્સાહન આપવું, આપણા દબાણયુકત સમાજમાં સંતોષ અનુભવવા માટે સતત ચિંતનની આદતો સાથે ભાવના એ જાગૃતિ, સૂઝ, સમજણ, નિર્ણય અને અન્ય તર્કનું માનસિક કાર્ય છે.માનવ ભાવના વાસ્તવિક વ્યક્તિ છે અને આપણા અસ્તિત્વનો આવશ્યક ભાગ છે. તે સામાજિક દબાણ વચ્ચે પણ આપણા આધ્યાત્મિક સ્વ સાથેના જોડાણને મજબૂત બનાવવામાં મદદ કરવાનો છે. આપણા બધા માટે આધ્યાત્મિક રીતે જોડાવાનો, આપણા ભૌતિક શરીરની બહાર બ્રહ્માંડને જોવાનો અવસર છે.

શ્રદ્ધા - ઉચ્ચ હેતુમાં સંપૂર્ણ વિશ્વાસ રાખવાની વાત કરે છે, આપણે વિશ્વાસ રાખવો જોઈએ કે ભગવાન આપણી પરિસ્થિતિ ગમે તે હોય, પણ તે પૂર્ણ પણે પૂરું પાડશે. શાંતિ - આપણી વાસ્તવિકતા સાથે સહજ રહેવું અને આપણને જે આશીર્વાદ મળ્યો છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરવું. પ્રેમ - એવો પ્રેમ જે દરેક સમયે બીજા માટે સર્વોચ્ચ ભલું પસંદ કરે છે. નિઃસ્વાર્થ, બિનશરતી, અને નિઃસ્વાર્થ પ્રકારનો પ્રેમ. શાણપણ - દુન્યવી સંસાધનોના સંદર્ભમાં ઓછામાં ઓછા જીવનનો અનુભવ કર્યા પછી, આપણને જીવનમાં ખરેખર શું મહત્વનું છે તે સમજવાની શાણપણ પ્રાપ્ત થાય.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આત્મ-નિયંત્રણ - અમે એક શિસ્તબદ્ધ જીવનશૈલી વિકસાવી અને રોજગાર અને શિક્ષણની તકો મેળવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે, ઈચ્છાઓની વાત આવે ત્યારે નાણાકીય રીતે ખૂબ નીચે જીવતા, શિક્ષણ અને જરૂરિયાતો જેવી મહત્વપૂર્ણ બાબતો માટે ભંડોળ બાબતે વ્યવસ્થા કરી છે.ભાવના એ મનની સ્થિતિ છે, જેમાં આનંદ, દુઃખ, પ્રેમ, ક્રોધ, દયા વગેરેનો સમાવેશ થાય છે. જૈન અને યોગ દર્શનમાં ભાવનાને મનની તરંગો માનવામાં આવે છે, જે વારંવાર સ્મરણ અને વિચારથી આત્માને મોક્ષ તરફ દોરી શકે છે. ભાવના માનવને સંવેદનશીલ બનાવે છે અને જીવનમાં અર્થ આપે છે. આત્મા માનવનું શાશ્વત, અચળ તત્વ છે, જે શરીર અને મનથી અલગ છે. મન પૂર્વ જન્મની માન્યતાઓનું પ્રતિબિંબ છે, જ્યારે આત્મા અવિનાશી છે અને સાચી ઓળખ છે. યોગ અને ધ્યાન દ્વારા મનની અસ્થિરતા દૂર કરીને આત્માના શુદ્ધ સ્વરૂપને ઓળખી શકાય છે. ટૂંકમાં માનવ ભાવના જીવનને રંગીન બનાવે છે, જ્યારે આત્મા જીવનને શાશ્વત અર્થ આપે છે. ભાવનાઓ બદલાય છે, આત્મા અચળ છે. મનને શુદ્ધ કરીને આત્માની ઓળખ કરવી એ આધ્યાત્મિક માર્ગનો મુખ્ય હેતુ છે.

**ઘણી વાર આપણે સ્પર્શ, સ્મિત, દયાળુ શબ્દ, સાંભળનાર કાન, પ્રામાણિક પ્રશંસા કે કાળજીના નાનામાં નાના કાર્યની શક્તિને ઓછી આંકીએ છીએ પણ આ બધામાં જીવનને બદલી નાખવાની ક્ષમતા હોય છે**

# શહેર ભાજપ દ્વારા શિવ રથયાત્રાનું મહાકાલેશ્વર મહાદેવ મંદિર ખાતે કરાયું ભવ્ય સ્વાગત

## શિવરાત્રીએ શહેર હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠ્યું



**અબતક, રાજકોટ**

મહાશિવરાત્રીના દિવસે રાજકોટ શહેરમાં નીકળતી શિવ રથયાત્રાનું રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર ભાજપ દ્વારા માલવીયા ચોક ખાતે આવેલ મહાકાલેશ્વર મહાદેવ મંદિર પાસે સ્વાગત કરવામાં આવેલ હતું.

આ તકે વિધાનસભા-૬૯ ના ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજા, શિક્ષણ સમિતિ ચેરમેન વિક્રમભાઈ પુજારા, શાસક પક્ષના દંડક નેતા મનીષભાઈ રાડીયા, પૂર્વ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, પૂર્વ મેયર રક્ષાબેન બોળીયા, મહિલા મોરચા પૂર્વ પૂર્વ પ્રમુખ કિરણબેન માકડીયા સહિતના તમામ શ્રેણીના કાર્યકર્તાઓ સ્વાગતમાં ઉપસ્થિત રહયા હતા. આ સ્વાગત કાર્યક્રમને સફળ બનાવવા કાર્યાલય મંત્રી હિતેષ ઢોલરીયા, શૈલેષ દવે, કાર્યાલયના પી. નલારીયન પંડિત, ભાવીન ધોળકીયાએ જહેમત ઉઠાવી હતી.

# સોમનાથમાં મહાશિવરાત્રી પર્વ પર સર્વ રોગ નિદાન કેમ્પમાં૧૦૬૩ ભાવિકોને અપાયો સેવા લાભ



**અબતક જયેશ પરમાર સોમનાથ**

સોમનાથ તીર્થધામમાં મહાશિવરાત્રી પર્વ પર દર વર્ષની જેમ આ વર્ષે પણ હીરાબેન સતીકુવર ટ્રસ્ટ દ્વારા યોજાયેલા સર્વરોગ નિદાન કેમ્પમાં ૧૦૬૩ ભાવિકોને નિદાન સારવાર નો લાભ આપવામાં આવ્યો હતો.૧૫-૨ રવિવારે સોમનાથ પરિસરમા યોજાયેલા નિદાન કેમ્પમાં દર્દીઓને , નિઃશુલ્ક સારવાર અને દવા આપવામાં આવી હતી. કેમ્પનો ૧૦૬૩ દર્દીઓએ સેવા લાભ લીધો હતો

ગુજરાત પ્રદેશ મહિલા મોરચાના મહામંત્રી સ્વ,સોની હીરાબેન પ્રભુદાસ સતી કુવર સેવા ટ્રસ્ટઅધ્યક્ષ મીનાબા જાદવ મોહનભાઈ કાનજીભાઈ કુહાડા પ્રશ્ન પ્રમુખ જીતુભાઈ કુહાડા દ્વારા આયોજિત કેમ નો પ્રારંભ સોમનાથ સનાતન હિંદુ સેવા સમાજના અધ્યક્ષ કિશોરભાઈ કુહાડા, મિલનભાઈ જોશી પી. આઈ ગોસ્વામી ઉપસ્થિતિમાં ડોક્ટર દિનેશભાઈ બારોટ દ્વારા કરાવવામાં આવ્યો હતો.

આ નિદાન કેમ્પમાં ડો, ડી કે બારડ પીઆઈ એ ચાર ગોસ્વામી જીતેન્દ્રસિંહ ચૌહાણ નું સન્માન કરવામાં આવ્યુંહતું.

આસરો રોગ નિદાન કેમ્પમાં સાંગાણી મળતી સ્પેશિયલ હોસ્પિટલ ના ડોકટર મિતુલ ભાલોડીયા, ડો, શ્યામ પંડિત, ભવ્ય ગઢીયા, મહેફૂઝ સુમરા, આદિલ ધેરારા, વિરેન્દ્ર ગાવડીયા પ્રફુલ ચુડાસમા દ્વારા૧૦૬૩યાત્રાળાનું નિદાન અને સારવાર આપી હતી અતુલભાઈ શાહ એ સહયોગ આપ્યો હતો.

# ઉપલેટાઃ ચંદ્રમોલેશ્વર મંદિરે મહા શિવરાત્રીની ઉજવણી



**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટામાં દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ મહાશિવરાત્રીના પવિત્ર પર્વે ઉપલેટાના બડા બજરંગ મંદિરે બિરાજમાન ચંદ્રમોલેશ્વર મહાદેવના સાનિધ્યમાં ભકિતમય માહોલ સર્જાયો હતો. નગરપાલિકાના ઉપપ્રમુખ જીજ્ઞાબેન વ્યાસ અને સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ જીગ્નેશભાઈ વ્યાસ દંપતી દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ૨૫૧ કિલો ફૂલોનો ભવ્ય શણગાર મહાદેવના ચરણોમાં અર્પણ કરવામાં આવ્યો હતો. આ મનોહર પુષ્પ શણગારને નિહાળવા ભાવિકો ઉમટી પડ્યા હતા. વ્યાસ દંપતી દ્વારા દર વર્ષે શિવરાત્રીના પર્વે કરવામાં આવતી આ નિઃસ્વાર્થ ભક્તિ અને સેવા ઉપલેટાના ધર્મપ્રેમી જનતામાં આકર્ષણનું કેન્દ્ર બની છે.

# એસજીવીપી દર્શન સંસ્કૃત મહાવિદ્યાલયના ઋષિકુમારો દ્વારા કરાયુ શિવપુજન



**અબતક, રાજકોટ**

શાસ્ત્રી માધવપ્રિયાદાસજી સ્વામીની પ્રેરણા અને યજ્ઞ વલ્લભદાસજી સ્વામીની આગેવાનીમાં સવારે એસજીવીપી યજ્ઞ શાળામાં સ્થાપિત ભગવાન શ્રી શિવનું ષોડશોપચારે પુજન કરી વિદ્યાર્થીઓએ શિવ ભગવાનનો દૂધથી અભિષેક કર્યો હતો.

ધો. ૧૦ અને ૧૨ પરીક્ષામાં સારી સફળતા માટે ગુરુકુળ પરિસરમાં બિરાજીત ભગવાન શિવ આગળ ઋષિકુમારોએ શિવસ્ત્રોત્ર તથા વેદના મંત્રોના ગાન સાથે શિવ ભગવાનને પ્રાર્થના કરી હતી.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૭-૦૨-૨૦૨૬ મંગળવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (વાર તેહવાર)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી )
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રજવાડી ઉંધીયું)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો સંજય દેસાઈ )
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (ડબલ સવારી )
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલ જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૮-૦૨-૨૦૨૬ બુધવાર**
૦૦:૦૭ થી ૧૦:૦૦ ભાગવતકથા (પુ.દિપાલી દીદી )
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ ( પનીર રોલ )
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા. ૧૮-૨ -૨૦૨૬ બુધવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિઃ** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ફાગણ શુદ એકમ વસંત ઋતુ પ્રારંભ પંચક
**નક્ષત્ર** સતભીષા
**યોગ** શિવ **કરણઃ** બાલવ
**સુર્યોદય** ૭.૧૮ **સુર્યાસ્તઃ** ૬.૪૪
**ચંદ્ર રાશી** કુંભ
**રાશિ અક્ષર** ગ.શ.સ
**દિશાશૂળ** ઉત્તર દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧૨ થી ૧.૩૦
**દિવસનાચોઘડીયા** લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ
**રાત્રીનાચોઘડીયા** ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૮ થી ૧.૨૪

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૬૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | | | | | ૪ | | |
| ૪ | | ૧ | | | | | | ૮ |
| | | ૫ | ૨ | | | ૧ | | |
| ૧ | | ૨ | ૪ | ૯ | | ૭ | | ૬ |
| | ૫ | | | | ૨ | ૩ | | ૧ |
| ૮ | | ૪ | ૧ | | | | | |
| ૩ | ૭ | | | ૮ | | | | ૪ |
| | | | ૫ | | ૪ | | ૩ | ૯ |
| ૫ | ૪ | ૬ | ૩ | | ૯ | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૬૦ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૯ | ૪ | ૭ | ૧ | ૨ | ૮ | ૫ | ૩ |
| ૭ | ૫ | ૮ | ૩ | ૯ | ૬ | ૧ | ૪ | ૨ |
| ૧ | ૨ | ૩ | ૮ | ૪ | ૫ | ૭ | ૯ | ૬ |
| ૩ | ૪ | ૯ | ૧ | ૨ | ૭ | ૫ | ૬ | ૮ |
| ૮ | ૭ | ૧ | ૫ | ૬ | ૩ | ૯ | ૨ | ૪ |
| ૫ | ૬ | ૨ | ૯ | ૮ | ૪ | ૩ | ૭ | ૧ |
| ૨ | ૮ | ૭ | ૪ | ૫ | ૧ | ૬ | ૩ | ૯ |
| ૯ | ૩ | ૬ | ૨ | ૭ | ૮ | ૪ | ૧ | ૫ |
| ૪ | ૧ | ૫ | ૬ | ૩ | ૯ | ૨ | ૮ | ૭ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૮.૨.૨૦૨૬, બુધવાર, સંવંત ૨૦૮૨, ફાગણ સુદ એકમ, શતતારા નક્ષત્ર, શિવ યોગ, બવ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ કુંભ (ગ,સ,શ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ)** : મનમાં અન્ય પ્રત્યે અભાવ આવી શકે છે પરંતુ નકારાત્મક વિચારો ટાળવા સલાહ છે, દિવસ મધ્યમ રહે.

**વૃષભ (બ,વ,ઉ)** : ઉતાવળે કાર્ય નહિ કરી શકો ધીમી પ્રગતિ જોવા મળે, કામકાજમાં સફળતા મળે.

**મિથુન (ક,છ,ઘ)** : સંઘર્ષ પછી સફળતા મળે, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે શુભ, પ્રગતિકારક દિવસ.

**કર્ક (ડ,હ)** : તમે કરેલા કાર્યના સારા પરિણામ મેળવી શકશો, પોઝિટિવ વિચારોથી આગળ વધશો તો અવશ્ય કાર્યસિદ્ધિ મળશે.

**સિંહ (મ,ટ)** : અટવાયેલા કાર્ય પૂર્ણ થાય, કોર્ટ કચેરીમાં સારું રહે, ઘણા સમય થી રાહ જોઈ રહ્યા હોય તેવી બાબતો સામે આવે.

**કન્યા (પ,ઠ,ણ)** : લાગણીના સંબંધોમાં સારી અનુભૂતિ થાય, અંગત સંબંધોમાં સારું રહે, મનની વાત વ્યક્ત કરી શકો.

**તુલા (ર,ત)** : સવાર બાજુ દોડધામ રહે, સાંજ ખુશનુમા વીતે, ઈચ્છીત પરિણામ મેળવી શકો, શુભ દિન.

**વૃશ્ચિક (ન,ય)** : ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રોને સારી તક પ્રાપ્ત થાય, વિદેશ જવા માંગતા મિત્રોને પણ વાત આગળ વધે!.

**ધન (ધ,ભ,ફ,ઢ)** : આધ્યાત્મિક ચિંતન થાય, મનોમંથન કરી શકો, સત્સંગથી સંશયો દૂર થાય, શુભ દિન.

**મકર (ખ,જ)** : વિલંબથી પણ તમને કાર્યમાં સફળતા મળે,અંતરાય દૂર થાય,જીવનમાં નવો પ્રકાશ ફેલાતો લાગે.

**કુંભ (ગ,સ,શ )** : તમે તમારી જાત સાથે રહી શકો,શોખ અને આનંદની બાબતો કરી શકો, મનોમંથન કરી શકો.

**મીન (દ,ચ,ઝ,થ)** : સવાર બાજુ થોડી કામગીરી રહે, તમારી પ્રગતિના દરવાજા ખુલતા જણાય, અંતરાયો દૂર થાય.

# ચોટીલા: બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલય દ્વારા અમરનાથ દર્શનની કરાવી અનુભૂતિ

## ૯૦ મણ બરફના શિવલિંગ બનાવી: દર્શનાર્થી નિહાળી થયા અભિભૂત





**અબતક, રણજીતસિંહ ધાધલ, ચોટીલા**

પ્રજાપિતા બ્રમાકુમારી વિશ્વ વિદ્યાલય ચોટીલા દ્વારા મુખ્ય સંચાલિકા આદરણિય બ્રમાકુમારી મીરાદીદીના માર્ગદર્શન નિચે ચોટીલા મુકામે તા ૧૫-૦૨-૨૦૨૬ નાં દિને મહાશિવરાત્રિ પર્વે ભવ્ય પ્રદર્શન રાખી પરમાત્મા શિવનો સંદેશ વધૂને વધૂ લોકો સુધી પહોંચે તે માટે ભવ્ય પ્રદર્શનનુ આયોજન કરવામાં આવ્યું,

આ ભવ્ય પ્રદર્શન નિમિત્તે પધારેલ પુ.અમૃતગિરીબાપુ ( શકતિધામ ચોટીલા) તેમજ આદરણિય વિદ્વાન વકતા, કથાકાર તેમજ શિવજી મંદિર પીપરાળીના મહંત પુ.હિતેષભાઇ શાસ્ત્રીજીના હસ્તે પ્રદર્શન ખુલ્લુ મુકવામાં આવ્યુ.

પ્રદર્શનમા આશરે ૯૦ મણ બરફના શિવલિંગ બનાવી અમરનાથ દર્શન અનુભૂતિ, પૃથ્વીના ગોળા ઉપર બાલક્રિષ્ન, શિવલિંગ પર જલાભિષેક તેમજ બાર જયોતિર્લિંગ અને આત્મા, પરમાત્મા, સૃષ્ટિકાલચક્ર તેમજ શિવરાત્રીનું મહત્વ સમજાવા માટે એક ટીવી શો દ્વારા અલગ કક્ષ રાખી ભવ્ય પ્રદર્શની રાખવામાં આવેલ હતી. મહાશિવરાત્રિના પવિત્ર દિવસે આ પ્રદર્શનમાં કિરીટસિહ રહેવર (મામા), પીનાકિભાઇ મેઘાણી (રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પૌત્રની પ્રેરક ઉપસ્થિતી રહી તેમજ આશરે ૫૦૦૦ દર્શનાર્થિએ દર્શનનો લાભ લઈ ખુશી વ્યક્ત કરી હતી.

આજના અશાંતિ, કલેષ, દુખદાયી ભર્યા સમયમા આ સંસ્થા દ્વારા કોઈ પણ સ્વાર્થ વિના, વિશ્વની આત્માના કલ્યાણ, સુખશાંતી, સ્વર્ણિમ દૂનિયાને પાછી લાવવા માટે ભગવાન શિવનો સંદેશ અનેક લોકો સુધી પહોંચે તેવા ઉદેશથી આ કાર્યક્રમ છેલ્લા ૨૦ વર્ષથી રાખવામા આવે છે. બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલય ૧૩૦ કરતા વધૂ દેશોમા ૮૫૦૦ થી વધુ શાખા ધરાવતી આંતરરાષ્ટ્રીય સંસ્થા છે, તે સંસ્થાના નામની ભારત સરકારે ટપાલટિકીટ બહાર પાડી બહુમાન કર્યુ હતુ તેમજ વિશ્વ શાંતિ માટે યુનોની સંસ્થામા શાંતિદૂત તરીકેનુ સભ્યપદ પણ ધરાવે છે.

તેમજ આ સંસ્થા દ્વારા વિશ્વશાંતી, કલ્યાણ, યોગીક ઓર્ગેનિક ખેતી, રકતદાન, જેવી અનેકવિધ પ્રવૃત્તિ સાથે સહજ રાજયોગનુ નિશૂલ્ક પ્રશિક્ષણ આપે છે, તે વિધ્યાલયની એક પ્રશાખા ચોટીલા મુકામે, રાજ પેલેસ હોટલ પાછળ, નેશનલ હાઈવે, સ્થાને આવેલી છે, તે સંસ્થાની કોઈ પણ વ્યક્તિ મૂલાકાત લઈ શકે છે, સમય સવારના ૯-થી ૧૨ અને સાંજના ૪ થી ૮ છે.

# ધારીના ગોવિંદપુરમાં સિંહણના હુમલામાં ઘાયલ મહિલાનું મોત

## વનવિભાગે ગણતરીની કલાકોમાં જ સિંહણને પાંજરે પુરી



**અબતક, મેહુલ ત્રીવેદી, ધારી**

ધારી તાલુકાના ગોવિંદપુર ગામે આંબાના બગીચા માં કામ કરી રહેલ મહિલા પર સિંહણે અચાનક હુમલો કરી દેતા રાડા રાડ મચી ગઈ હતી અને યુવાનોએ હુમલાખોર સિંહણ પાછળ દોટ મુકતા સિંહણ મહિલાને લોહી લુહાણ હાલતમાં મૂકી જંગલમાં ભાગી ગઈ હતી. સિંહણના હુમલામાં ગવાયેલી મહિલા ને દવાખાને લઈ જવામાં આવી હતી પરંતુ સારવાર શરૂ થાય તે પહેલા જ મહિલાનું મોત નીપજ્યું હતું.

સીમ વિસ્તારમાં આંબાવાડીમાં કામ કરતી મહિલા પર હુમલો કરી જંગલમાં ભાગી ગયેલી સિંહણને તાત્કાલિક લોકેટ કરી પાંજરે પૂરી દેવામાં આવી હતી આંબરડી સફારી પાર્ક એનિમલ કેર ખાતે સિંહણને લઈને તેની તપાસ હાથ ધરવામાં આવી.

ધારી તાલુકાના ગોવિંદપુર ગામે આંબાના બગીચામાં કામ કરતા મંજુલાબેન દિનેશભાઈ સોલંકીઉમર ૪૫ને અચાનક વાડમાંથી ઘસી આવેલ સિંહણે હુમલો કર્યો હતો અચાનક થયેલા હુમલા થી આજુબાજુમાં કામ કરતા લોકો પણ મંજુલાબેન ની ચીસ સાંભળીને વાડીમાંથી પાવડો ત્રિકમ લઈ સિંહણ પાછળ દોટ મૂકી હતી સિંહણે મંજુલાબેનના શરીરના ભાગે પંજો તેમજ દાંત મારતા મંજુલાબેન ઈજાગ્રસ્ત બન્યા હતા લોકોના કોલાહલ થી સિંહણે મંજુલાબેન ને છોડી જંગલમાં પલાયન થઈ ગઈ હતી ત્યારબાદ સ્થાનિકો દ્વારા મંજુલાબેન ને ધારી સરકારી હોસ્પિટલ ખાતે રિફર કરવા માટે લઈ જવામાં આવ્યા હતા . પરંતુ મંજુલાબેન સરકારી હોસ્પિટલ પહોંચે એ પહેલા જ તેમનું મૃત્યુ થયું હતું.

ઘટનાની જાણ થતા વન વિભાગ તાત્કાલમાં હરકતમાં આવ્યું હતું ધારીના ડી સી એફ વિકાસ યાદવ એ આ બાબતે જરૂરી માર્ગદર્શન આરએફઓ વણિક ને આપતા વન વિભાગની રેસ્ક્યુ ટીમ અને દલખાણીયા રેંજનો સ્ટાફ ત્રણ પિંજરા લઈને તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યો અને ગણતરીની કલાકોમાં સિંહણને પાંજરે પૂરી હતી સિંહણ પાંજરે પુરાતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

પકડાયેલી સિંહણને આંબરડી સફારી પાર્ક એનિમલ કેર ખાતે ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

## ખોડલધામ કેન્સર હોસ્પિટલ એન્ડ ઈન્સ્ટિટ્યુટ માટે

# કાલાવડ: ડાંગરવાડા ગામે માત્ર ૨૦ મિનિટમાં માં ખોડલ યાત્રા રથની જોલી ચાર લાખના દાનથી ભરાઈ

**અબતક, રાજુ રામોલિયા, કાલાવડ**



શ્રી ખોડલધામ કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ માટે જાગૃતિ યાત્રામા કાલાવડ તાલુકાના ડાંગરવાડા ગામે માત્ર ૨૦ મિનિટમાં ચાર લાખથી વધુ નું દાન જાહેર કરવામાં આવ્યું છે.

ભક્તિ દ્વારા એકતાની શક્તિના પવિત્ર સૂત્રને સાકાર કરતા શ્રી ખોડલધામ ટ્રસ્ટ, કાગવડ દ્વારા સર્વ સમાજના હિત માટે રાજકોટ નજીક અમરેલી ગામે શ્રી ખોડલધામ કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટનું ભવ્ય નિર્માણ કાર્ય પ્રગતિ પર છે. સૌરાષ્ટ્રના કેન્સર પીડિત દર્દીઓને વિશ્વસ્તરીય, આધુનિક અને વ્યાજબી દરે સારવાર મળી રહે તે હેતુસર ૪૩ એકર વિસ્તારમાં અંદાજે પાંચ લાખ ચોરસ વારના બાંધકામ સાથે આ ઐતિહાસિક સામાજિક પ્રોજેક્ટ ઉભો થઈ રહ્યો છે.

આ મહત્ત્વાકાંક્ષી કાર્યમાં જનસહભાગિતા વધે અને દરેક વ્યક્તિ પોતાનું યોગદાન આપી શકે તે માટે જનજાગૃતિ તથા નિધિ સંકલન અભિયાન અંતર્ગત મા ખોડલનો રથ સૌરાષ્ટ્રના તાલુકાના દરેક ગામે પરિભ્રમણ કરી રહ્યો છે.

તારીખ ૧૫થી કાલાવડ તાલુકામાં યોજાયેલી શોભા યાત્રા અંગે જિલ્લા કન્વીનર મયુરભાઈ મૂંગરા, તાલુકા કન્વીનર અલ્પેશભાઈ વેકરીયા અને તાલુકા સહ કન્વીનર તુષારભાઈ વાદીએ જણાવ્યું કે, પ્રથમ દિવસે ડાંગરવાડા ગામમાં માત્ર ૨૦ મિનિટમાં ચાર લાખથી વધુનું ભૂમિદાન જાહેર થયું, જે ગામલોકોના ઉત્સાહ અને શ્રદ્ધાનું પ્રતિબિંબ છે.

આ યાત્રા દરમિયાન દરેક ગામમાં દીકરીઓ દ્વારા માતાજીના સામૈયા કરવામાં આવે છે, બહેનો આરતી કરે છે અને સંગઠનના કાર્યકર્તાઓ તથા સમાજના આગેવાનો ઉત્સાહ, ભક્તિ અને સેવા ભાવનાના અનોખા સંગમ સાથે જોડાઈ રહ્યા છે.

# ઉપલેટાનાં મોજ કેનાલના ડી-૨ વિભાગમાં પાઈપલાઈન કામ મંજૂર કરાવતા ધારાસભ્ય ડો.પાડલીયા

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટા વિસ્તારના ખેડૂતો માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. મોજ કેનાલના ડિ-૨ વિભાગની કેનાલ પર નિર્ભર ૬૦૦થી વધુ ખેડૂતોની જમીન ધોવાણની ગંભીર સમસ્યાનો હવે કાયમી ઉકેલ આવવા જઈ રહ્યો છે. સરકાર દ્વારા આ વિસ્તારમાં પાણીના યોગ્ય નિકાલ માટે ૪૪ લાખ રૂપિયાના ખર્ચે ભૂંગળા (પાઈપલાઈન) નાખવાનું કામ ખેડૂતોની રજૂઆતને પગલે ધારાસભ્ય ડો. મહેન્દ્ર પાડલીયા દ્વારા મંજૂર કરવામાં આવ્યું છે.

ઉપલેટા મોજ કેનાલની અંદાજે ૬ કિલોમીટર લાંબી ઉ-૨ વિભાગની કેનાલ પર ૬૦૦થી વધુ ખેડૂતો ખેતી માટે નિર્ભર છે. જોકે, આ કેનાલમાં યોગ્ય 'કાઢ્યા' (પાણીના નિકાલની વ્યવસ્થા) ન હોવાને કારણે છેવાડાના ખેડૂતોની જમીન ધોવાઈ જવાનો મોટો પ્રશ્ન ઊભો થયો હતો. ખેતરોમાં પાણી ભરાઈ રહેવાથી પાકને નુકસાન થતું હતું અને ખેડૂતો લાંબા સમયથી આ બાબતે પરેશાન હતા. આ અંગે છેલ્લા ઘણા વર્ષો થયા રજૂઆત કરવામાં આવતી હતી પણ કોઈ ઉકેલ આવતો ન હતો સ્થાનિક



ખેડૂતો તેમજ ભાજપના આગેવાનોએ કરેલી રજૂઆતના પગલે ધારાસભ્ય ડો.મહેન્દ્રભાઈ પાડલીયા એ સરકારમાં રજૂઆત કરતા સરકારે ત્વરિત નિર્ણય લઈ ૪૭ લાખ રૂપિયામંજૂર કર્યા.

આ કામ મંજૂર થતા જ હવે કેનાલના પાણીનો યોગ્ય નિકાલ થશે જેને કારણે છેવાડાના ખેડૂતોની જમીન ધોવાતી અટકશે અને પિયત માટે પણ સુવિધા વધશે મંજુ થયેલા રૂપિયા માથી આગામી દિશામાં ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી પાઈપલાઈન નાખવાની કામગીરી હાથ ધરવામાં આવશે તેમ ધારાસભ્ય ડો. મહેન્દ્ર પાડલીયા એ જણાવ્યું હતું

# રાજુલા-ભેરાઈ રોડ અતિ બિસ્માર હાલતમાં



**અબતક, ચેતન વ્યાસ, રાજુલા:** રાજુલા તાલુકાના અતિ મહત્વના એવા રાજુલા ભેરાઈ રોડ જે તાજેતરમાં પડેલા ભારે વરસાદ બાદ બિસ્માર થઈ ગયેલ છે જેમાં રાજુલા થી હાઈવે ચોકડી સુધી રીપેરીંગ કરવામાં આવેલ છે પરંતુ હાઈવે ચોકડી થી ભેરાઈ સુધી આ રોડ માં પડી ગયેલા મસ્ત મોટા ખાડાઓ તેમજ ઉખડી ગયેલા ડામરો તેમજ અતિ બીમાર હાલતમાં રહેલા પુલિયાઓ ની મરામત કરવામાં આવેલ નહીં હોવાથી રાહદારીઓને ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડી રહેલ છે. આ રોડ રાજુલા થી પીપાવાવ જવા માટે ખૂબ જ ટૂંકો રસ્તો હોય તેમજ ભેરાય ,ભચાદર ઉચૈયા, વડ જેવા ગામો માં જવા માટે નો પણ આ મુખ્ય રસ્તો હોવાથી ચારથી પાંચ કામના લોકોને ખૂબ જ હાલાકી નો સામનો કરવો પડી રહેલ છે. ભેરાઈ ના સરપંચ વાલાભાઈ રામ તેમજ પચાદરના સરપંચ , તખુભાઈ દ્વારા જણાવવામાં આવેલ છે કે, આ રોડને ભેરાઇ ચોકડી થી ભેરાઈ ગામ સુધી તાત્કાલિક અસરથી રીપેર કરવામાં આવે.

## સાબરકાંઠાને મળી આધુનિક રેલ સુવિધાની ભેટ

# હિંમતનગર રેલ્વે સ્ટેશન ખાતે ઉદયપુર-અસારવા વંદે ભારત એક્સપ્રેસને લીલી ઝંડી આપતા સાંસદ શોભનાબેન બારૈયા

## સાંસદ રમીલાબેન બારા સાંસદ મયંકનાયક કલેકટર લલીત નારાયણ સિંઘ સહિતના અગ્રણી ઉપસ્થિત રહ્યા

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**



સાબરકાંઠા જિલ્લાના મુસાફરો માટે આજે ઐતિહાસિક દિવસ રહ્યો છે. રેલ્વે મંત્રાલય દ્વારા લેવામાં આવેલા મહત્વના નિર્ણય મુજબ, ઉદયપુર - અસારવા (અમદાવાદ) વંદે ભારત એકસપ્રેસને હવે હિંમતનગર સ્ટેશન પર સ્ટોપેજ આપવામાં આવ્યું છે. આ સ્ટોપેજથી સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર અને આસપાસના વિસ્તારના લોકો હવે માત્ર ગણતરીના કલાકોમાં અમદાવાદ અથવા ઉદયપુર પહોંચી શકશે. અમદાવાદ અને રાજસ્થાન સાથે સીધી અને ઝડપી કનેક્ટિવિટી મળતા સ્થાનિક વેપાર, શિક્ષણ અને પ્રવાસન ક્ષેત્રને મોટો ફાયદો થશે. ''આ સ્ટોપેજ માત્ર એક ટ્રેન ઊભી રાખવાનો નિર્ણય નથી પરંતુ હિંમતનગરના વિકાસ માટેનો એક નવો માઈલસ્ટોન છે. વિદ્યાર્થીઓ, વેપારીઓ અને દર્દીઓ માટે અમદાવાદ જવું હવે વધુ સુલભ અને આરામદાયક બનશે.''

આ અવસરે રાજ્યસભા સાંસદ રમીલાબેન બારા, રાજ્યસભા સાંસદ મયંકભાઈ નાયક, જિલ્લા કલેકટર લલિત નારાયણ સિંઘ સાંદુ, મુખ્ય પોલીસવડા ડો.પાર્થરાજસિંહ ગોહિલ, અમદાવાદ રેલવે મંડળના ડી.આર.એમ વેદપ્રકાશજી, રેલવે વિભાગના અધિકારીઓ તેમજ ડી.આર.યુ.સી.સી મેમ્બર મોહનભાઈ પટેલ(ખેડબ્રહ્મા), રાજુભાઈ પંચાલ(હિંમતનગર) તથા વિવિધ પદાધિકારીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે હિંમતનગર થી ખેડબ્રહ્મા સુધી બ્રોડગેજ લાઈનનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે અને આ લાઈન પર ટ્રેનો ક્યારે દોડાવવામાં આવશે તેવું લોકોમાં ચર્ચા ચાલી રહી છે ત્યારે આ અંગે આધારભૂત સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે કે આગામી દિવસોમાં હવે આ રેલવે લાઈન પર ઝડપથી ટ્રેનો દોડતી થશે.

# સામખિયાળી-માળીયા ધોરીમાર્ગને આઠ લેનમાં રૂપાંતરિત કરી ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ-વે તરીકે ડેવલપ કરવા ગાંધીધામ ચેમ્બરની રજૂઆત

## ચેમ્બર દ્વારા માર્ગ મંત્રી નીતીન ગડકરીને વિનંતી પત્ર પાઠવ્યો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

કચ્છના સર્વગ્રાહી વિકાસ અને જનહિતના કર્યો માટે સદાય કાર્યરત રહેતી કચ્છની અગ્રણી વેપાર-ઉદ્યોગ સંસ્થા ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ તેજાભાઈ કાનગડે કેન્દ્રીય માર્ગ-પરિવહન મંત્રી નીતિન ગડકરીને સ્મૃતિપત્ર રૂપે કચ્છનું પ્રવેશદ્વાર ગણાતા સામખીયાળી-માળીયા રાષ્ટ્રીય ધોરીમાર્ગને આઠ લેનમાં રૂપાંતરિત કરવા સાથોસાથ કચ્છને જોડતા અત્યંત મહત્વના આ રાજમાર્ગને ગ્રીનફિલ્ડ એક્સપ્રેસવે તરીકે વિકસાવવા અંગે વિગતવાર અને ભારપૂર્વક રજૂઆત કરી છે, તથા આ પત્રની નકલ કચ્છના સંસદસભ્ય વિનોદભાઈ ચાવડાને પાઠવીને તેઓની કક્ષાએથી પણ ઉચ્ચ સ્તરે રજૂઆત કરવા વિનંતી કરાઈ છે.

પત્રમાં ચેમ્બર પ્રમુખે જણાવ્યું છે કે સામખીયાળી-માળિયાનો રાષ્ટ્રીય ધોરી માર્ગ દેશ માટે અત્યંત વ્યૂહાત્મક તથા આર્થિક દ્રષ્ટિએ મહત્વનો માર્ગ છે. વળી કચ્છને સૌરાષ્ટ્ર સાથે જોડતો. એક માત્ર ધોરીમાર્ગ કે જે ભારત સરકારના મહત્ત્વાકાંક્ષી ભારતમાલા પ્રોજેક્ટનો અગત્યનો હિસ્સો છે. કચ્છ સરહદી જિલ્લો હોઈ આંતરરાષ્ટ્રીય સરહદની નજીક હોવાથી. આ માર્ગ રાષ્ટ્રીય સુરક્ષા માટે પણ અતિ મહત્વ ધરાવે છે. ખાસ નોંધનીય છે કે દેશના ત્રણ મહત્ત્વના મિલિટરી સ્ટેશનો પણ આ માર્ગ દ્વારા સીધા જોડાયેલા છે. દેશના બે મહાબંદરો ને જોડતો આ ધોરીમાર્ગ દેશના ઊડઈખ વેપાર માટે જીવનરેખા સમાન છે. વળી આ ધોરીમાર્ગ દ્વારા દેશના પશ્ચિમ અને દક્ષિણ વિસ્તારોમાંથી આ બંદરો સુધી આયાત-નિકાસ થતાં તમામ પ્રકારના માલ ઉપરાંત વિશ્વ નું સીરામીક હબ ગણાતા મોરબી-વાંકાનેર કલસ્ટર ના માલનું પરિવહન થાય છે, જે દેશના એક્ઝિમ ટ્રેડને સરળ લોજિસ્ટિક્સ અને સપ્લાય ચેઈન સુવિધા ઉપલબ્ધ કરે છે. જેથી ફક્ત કચ્છ માટે જ નહિ પરંતુ દેશના આ અતિ મહત્વના રાજમાર્ગને તાત્કાલિક ધોરણે આઠ લેનમાં રૂપાંતરિત કરી ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ-વે તરીકે વિકસાવવા ભારપૂર્વક રજૂઆત કરાયેલ છે.

ચેમ્બર કારોબારી સમિતિ અને ટ્રાન્સપોર્ટ પેટા સમિતિના સભ્ય હરીશ માહેશ્વરીએ જણાવ્યું હતું કે હાલમાં આ માર્ગ પર રોજના સરેરાશ ૩૦,૦૦૦ થી વધુ વાહનો, જેમાં મોટા પ્રમાણમાં હેવી મલ્ટી-એક્સલ ટ્રક સહિતનો ભારે ટ્રાફિક પસાર થાય છે. જેથી હાલમાં આ ધોરીમાર્ગ પરનું ટ્રાફિક વોલ્યુમ આશરે ૧ લાખ ઙઈઅત પ્રતિદિન છે, જે હાલના ૬-લેન માર્ગની મહત્તમ ક્ષમતા માટે અપર્યાપ્ત છે.


**રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.**

રજી. અને હેડ ઓફિસ : 'અરવિંદભાઈ મણીઆર નાગરિક સેવાલય', ૧૫૦ ફુટ રીંગ રોડ, રૈયા સર્કલ પાસે, રાજકોટ. ફોન : ૨૫૫૫૫૫૫

**સોના ધિરાણ લેનારના દાગીનાની જાહેર હરરાજી**

આથી નીચે જણાવેલ ખાતેદારોને બેન્ક દ્વારા સોનાના દાગીના ઉપર ધિરાણ આપવામાં આવેલ. જેની ચડત હપ્તાની રકમ ભરપાઇ ન થતાં/ધિરાણ ભરપાઇ કરવાની મુદત પુરી થતાં તે ખાતાઓ એન.પી.એ. થયા છે. નીચે દર્શાવેલ બાકીદારો કે જેઓને અવારનવાર નોટીસથી જાણ કરવામાં આવેલ છે છતાં ધિરાણની બાકી રકમ ભરપાઇ કરેલ નથી. આ સબબ આ જાહેરાતથી આખરી નોટીસ આપવામાં આવે છે કે જો તેઓના ખાતાની ચૂકતે બાકી રકમ **૧૮/૦૩/૨૦૨૬** સુધીમાં ભરપાઇ નહીં કરવામાં આવે તો તેમણે થાલમાં મુકેલ સોનાના દાગીના જાહેર હરરાજીથી વેચાણ કરી નાખવામાં આવશે અને બેન્કની વ્યાજ સહિતની બાકી નિકળતી રકમની વસુલાત કરવામાં આવશે. આ અંગેની સઘળી જવાબદારી સોના ધિરાણ ખાતેદારના શિરે રહેશે.

**જાહેર હરરાજી : તા. ૨૦/૦૩/૨૦૨૬, શુક્રવાર, સવારે ૧૦.૦૦ કલાકે, ઉદ્યોગનગર શાખા રાજકોટ**

| શાખા | ખાતા નંબર | નામ |
|---|---|---|
| ઉદ્યોગનગર શાખા | ૦૧૧૦૧૪૪૦૦૧૧૦૪૩૩ | શ્રી ખાંડલા વિષ્ણુ જયંતીભાઈ |

જો ભુલ હશે તો બેન્કનું રેકર્ડ જ માન્ય ગણાશે. રાજકોટ, તા. ૧૭-૦૨-૨૦૨૬, સી.એમ. (રિકવરી વિભાગ)



**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ**

ટેન્ડર નોટીસ જાહેરાત ક્ર.-૨૯/૨૦૨૫-૨૬

રાજય સરકાર, કેન્દ્ર સરકાર તથા અન્ય રાજયોની જાહેર બાંધકામ ખાતાની માન્ય યાદીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા કોન્ટ્રાકટર્સ પાસેથી નીચે દર્શાવેલ કામો માટે ઓનલાઇન ટેન્ડરો મંગાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| કામનું નામ | Construction Work of New MCA Building at Saurashtra University, Rajkot | |
| અંદાજીત રકમ | રૂ.૫,૫૩,૭૭,૯૧૭/- | |
| કામની સમયમર્યાદા | ૧૨ મહિના | |
| ઈ.એમ.ડી. | રૂ.૫,૫૩,૭૭૯/- | |
| ટેન્ડર ફી | રૂ.૧૪,૧૬૦/- | |
| સ્થળ, તારીખ અને સમય જ્યાં ટેન્ડર ફોર્મ બહાર પાડવામાં આવશે. | https://tender.nprocure.com | |
| ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ | ૦૯/૦૩/૨૦૨૬ | ૧૬:૦૦ |
| અપલોડ કરવાની છેલ્લી તારીખ | ૦૯/૦૩/૨૦૨૬ | ૧૮:૦૦ |
| ફીઝીકલ ડોક્યુમેન્ટ સબમીશન કરવાની છેલ્લી તારીખ અને સમય | ૧૮/૦૩/૨૦૨૬ | ૧૮:૦૦ |
| ટેન્ડર ક્યા ક્યારે અને કોના દ્વારા ખોલવામાં આવશે તેની માહિતી | https://tender.nprocure.com | |
| વેબસાઈટ | www.saurashtrauniversity.edu | |

ઉપરોકત ટેન્ડરો https://tender.nprocure.com પરથી ડાઉનલોડ કરી શકાશે. આ ટેન્ડરો nprocureમાં રજીસ્ટર્ડ કોન્ટ્રાકટર્સએ ઓનલાઇન ટેન્ડર ભરવાના રહેશે.ટેન્ડરની તમામ વિગતો ઉપરોકત વેબસાઇટ ઉપરથી મળી શકશે.

માહિતી -રાજ-૧૭૯૬-૨૫-૨૬ કુલસચિવ

તંત્રી લેખ

# ક્રિકેટોત્સવ: ટીમ સૂર્યાની ચમકે પાક.ને ઔકાત બતાવી દીધી

ભારતમાં ક્રિકેટની રમત એક-એક ભારતીયના નસે-નસમાં વહી રહી છે. શેરીમાં બાળકો પણ ક્રિકેટ રમતા હોય તો મોટેરા તેની રમત નિહાળવા માટે ઉભા રહી જતા હોય છે. હાલ ટી-૨૦ વર્લ્ડકપ રમાઈ રહ્યો છે. જેમાં ચેમ્પિયન એવી ભારતીય ટીમે રવિવારે પોતાના કટ્ટર હરિફ એવા પાકિસ્તાનને તેની ઔકાત બતાવી દીધી હતી. યુદ્ધનું મેદાન હોય કે ક્રિકેટનું મેદાન હમેંશા પાકિસ્તાનને ભારતના હાથે ધોબી પછડાટ મળે છે.

ટીમ સૂર્યાની ચમકે દેશના એક-એક ક્રિકેટપ્રેમીઓને ક્રિકેટોત્સવની ઉજવણી કરવાની ભેટ આપી છે. ટી-૨૦ વર્લ્ડકપમાં અત્યાર સુધીમાં ભારત અને પાકિસ્તાન ૯ વખત એકબીજાની સામ-સામે આવ્યા છે. જેમાં ૮ વખત ભારતીય ટીમે પોતાના વિજય પતાકા લહેરાવ્યા છે. ભારત સામે યુદ્ધના મેદાનમાં ઉતરતા પાકિસ્તાનના હાઝા ગગડી જાય છે. તે જ રીતે ક્રિકેટના મેદાનમાં ઉતરતા પણ ટીમમાં ફફડાટ મચી જાય છે.

વર્લ્ડકપમાં ભારત સામે નહિં રમવા માટે પાક. સરકાર અને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે નાટકો કર્યા હતા. અન્યની ભીખના ટુકડા પર નભી રહેલા પાક.ને ગઈકાલે ભારતની ક્રિકેટ ટીમે તેની ભીખારીની ઔકાત બતાવી દીધી હતી.

જંગનું મેદાન હોય કે ક્રિકેટનું મેદાન હમેંશા 'બાપ તો બાપ જ હોય છે' તે વાત પાકિસ્તાનને હવે સારી પેઢે સમજાઈ ગઈ હશે. ટીમ સૂર્યા જે રીતે હાલ વર્લ્ડકપમાં ક્રિકેટ રમી રહી છે તે જોતા એવું લાગી રહ્યું છે કે હવે ભારતીય ટીમ નવો ઈતિહાસ રચવા તરફ મક્કમ આગેકૂચ કરી રહી છે.

ટી-૨૦ વર્લ્ડકપના ઈતિહાસમાં આજ સુધી ક્યારેય યજમાન ટીમ વિજેતા બની નથી. આટલું જ નહિં ચેમ્પિયન્સ ટીમ બીજા વર્લ્ડકપમાં પોતાનું ટાઈટલ જાળવી શકી નથી પરંતુ સૂર્યાની ટીમની ચમક જૂના તમામ રેકોર્ડબ્રેક કરી નવા ઈતિહાસ રચવા તરફ આગળ વધી રહી છે.

# ધ્રોલ: ભાજપ મહામંત્રી કે.પી. ભીમાણીના આંગણે રૂડો અવસર



અબતક, સંજય ડાંગર, ધ્રોલ

ધ્રોલ તાલુકા ભાજપના સક્રિય અગ્રણી અને મહામંત્રી કાંતિલાલ પ્રેમજીભાઈ ભીમાણી (કે.પી. ભીમાણી) ના આંગણે આગામી ગુરુવારે મંગળ પ્રસંગની શરણાઈઓ ગુંજશે. કાંતિલાલભાઈ અને અ.સૌ. ચંપાબેન ભીમાણીના સુપુત્ર ચિ. રોનક ના શુભ લગ્ન બંગાવડી નિવાસી અ.સૌ. નીરુબેન તથા અમરશીભાઈ અજરામભાઈ દેત્રોજાની સુપુત્રી ચિ. તન્વી સાથે નિર્ધારિત થયા છે.

આ માંગલિક પ્રસંગ અંતર્ગત આગામી ફાગણ સુદ-૨ ને ગુરુવાર, તારીખ ૧૯-૦૨-૨૦૨૬ ના રોજ ધ્રોલ તાલુકાના વાંકિયા ગામે ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. લગ્ન પ્રસંગ નિમિત્તે સાંજે ૬:૩૦ કલાકે વાંકિયા સ્થળ કડવા પટેલ સમાજ ખાતે ભોજન સમારંભ રાખવામાં આવ્યો છે.

# ગાંધીધામ કોર્પોરેશન સમક્ષ પ્રોપર્ટી ટેક્સ રાહત યોજના માટે ચેમ્બરની રજુઆત

## અમદાવાદ - રાજકોટની જેમ ગાંધીધામ - આદિપુરમાં વ્યાજ માફી યોજનાના અમલની માંગ

અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ

ગાંધીધામ-આદિપુર જોડિયા નગરના સર્વાંગી વિકાસને કેન્દ્રમાં રાખી, શહેર અને ઉદ્યોગજગત વચ્ચે સેતુરૂપ ભૂમિકા ભજવતી ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મ્યુનીસીપલ કમિશ્નર મનીષ ગુરવાનીને સંબોધીને પ્રોપર્ટી ટેક્સ વ્યાજમાફી યોજના તાત્કાલિક અમલમાં મુકવા સશક્ત રજૂઆત કરવામાં આવી છે.

ચેમ્બર દ્વારા રજૂઆતમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન દ્વારા ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન પ્રોપર્ટી ટેક્સ બાકીદારો માટે વ્યાજમાફી યોજના અમલમાં મૂકતા નાગરિકોને મોટી રાહત મળી છે અને સાથે-સાથે કોર્પોરેશનની આવકમાં પણ સકારાત્મક વધારો નોંધાયો છે. સમાન રીતે રાજકોટ મ્યુનીસીપલ કોર્પોરેશન સહિત રાજ્યના અન્ય મહાનગરોમાં પણ આવી યોજનાઓ સફળતાપૂર્વક અમલમાં મૂકાઈ છે, જેના પરિણામે બાકીદારીમાં ઘટાડો અને આવકમાં વૃદ્ધિ બંને હાંસલ થયા છે.

ચેમ્બર પ્રમુખ તેજાભાઈ કાનગડે પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે, ગાંધીધામ ચેમ્બર હંમેશા નગરજનો અને પ્રશાસન વચ્ચે સકારાત્મક સંવાદનો મંચ બની રહી છે. અમદાવાદ અને રાજકોટ જેવા મહાનગરોમાં અમલમાં આવેલી વ્યાજમાફી યોજનાઓએ આવકમાં નોંધપાત્ર વધારો નોંધાવ્યો છે. મહાનગર તરીકે તાજેતરમાં જ સ્થાપિત થયેલ ગાંધીધામ-આદિપુર માટે આવી યોજના વિકાસયાત્રાને મજબૂત આધાર આપશે. નાગરિકોને આર્થિક રાહત અને કોર્પોરેશનને આવક- બંને હિતોનું સંતુલન સાધતી આ યોજના તાત્કાલિક અમલમાં મૂકવી સમયોચિત છે."

ચેમ્બર ઉપપ્રમુખ દિપક પારેખે જણાવેલ કે,ગાંધીધામ-આદિપુર મહાનગરની રચના તાજેતરમાં જ થઈ હોવાથી, નગરવ્યવસ્થાના અનેક માળખાકીય પ્રશ્નો હજી પ્રગતિના માર્ગ પર છે. અંદાજે ૬૦,૦૦૦ થી ૬૫,૦૦૦ જેટલી કુલ મિલકતો ધરાવતા વિસ્તારમાં રહેણાંક અને કોમર્શિયલ વર્ગની મિલકતોનો સમાવેશ થાય છે. અંદાજ મુજબ ૨૦% થી ૨૫% જેટલી મિલકતો પ્રોપર્ટી ટેક્સ બાકીદારીમાં આવતી હોઈ શકે છે. સરેરાશ પ્રતિ મિલકત રૂ. ૧૫,૦૦૦ થી ૨૫,૦૦૦ સુધીની બાકી રકમ માનીએ તો કુલ બાકીદારી, અંદાજીત પણે કરોડો રૂ. માં થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

ચેમ્બરનાં માનદ મંત્રી મહેશ તીર્થાણીએ તેમના નિવેદનમાં જણાવ્યું હતું કે, હાલ યોજનાના નાણાકીય વર્ષ પૂર્ણ થવામાં અંદાજે દોઢ માસ જેટલો સમય બાકી છે. જો આ સમયગાળા દરમિયાન વ્યાજમાફી યોજના જાહેર કરવામાં આવે તો, વધુમાં વધુ બાકીદારો તેનો લાભ લઈ શકશે.

# ગાંધીધામમાં રામલીલા મેદાન સુધી મેટ્રો સિટી જેવો 'મોડલ રોડ' બનશે



અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ

ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા પૂર્વ ઝોનમાં વિકાસકાર્યોની હારમાળા સર્જવામાં આવી રહી છે. હાલમાં કેડીબી થી મનાલી ટાવર થઈ રામલીલા મેદાન સુધીના માર્ગનું નિર્માણ જે રીતે થઈ રહ્યું છે, તે જોતા શહેરને ટૂંક સમયમાં એક શાનદાર 'મોડલ રોડ' મળવા જઈ રહ્યો છે. પ્રજામાં આ માર્ગને લઈને ઉત્સાહ છે.

મહાનગરપાલિકા આ માર્ગને માત્ર ડામરનો રસ્તો નહીં, પણ એક સુવિધા સજ્જ એસેટ તરીકે વિકસાવી રહી છે જેમાં વિશાળ ફૂટપાથ અને આધુનિક લાઈટિંગ સાથેનો નજારો, રોડની સમકક્ષ જ વ્યવસ્થિત પાર્કિંગ સ્પેસનું આયોજન, શહેરના મુખ્ય વિસ્તારોને જોડતો આ માર્ગ ટ્રાફિકનું ભારણ ઘટાડશે.હાલ જે રીતે આ રોડનું કામ દેખાઈ રહ્યું છે તે સાચા અર્થમાં મહાનગરનો લૂક આપી રહ્યો છે.

# કંડલા બંદરે વધુ એકવાર શ્રેષ્ઠ પોર્ટનો મેળવ્યો એવોર્ડ

## ગુજરાત સ્ટાર એવોર્ડના ૧૩માં સમારોહમાં કંડલા બંદરને અપાયો શિરપાવ



અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ

ગુજરાત સ્ટાર એવોર્ડ્સની ૧૩મી આવૃત્તિમાં દીનદયાળ પોર્ટ ઓથોરિટી, કંડલાએ ફરી એકવાર વર્ષનો શ્રેષ્ઠ બંદર (નોન-કન્ટેનરાઈઝ્ડ) એવોર્ડ મેળવ્યો છે.

ગાંધીધામમાં ડેઈલી શિપિંગ ટાઈમ્સ દ્વારા આયોજિત કાર્યક્રમમાં સમીર કુમાર ખરે, IAS (નિવૃત્ત), ચેરમેન (નેશનલ શિપિંગ બોર્ડ) દ્વારા દીનદયાળ પોર્ટ ઓથોરિટી માટેનો એવોર્ડ વાય.કે. સિંહ, સચિવ-ડીપીએ, ને અપાયો હતો. કંડલા પોર્ટના અધ્યક્ષ સુશીલ કુમાર સિંહ, એ તમામ હિસ્સેદારો, બંદર વપરાશકર્તાઓ, ટ્રેડ યુનિયનો, અધિકારીઓ, કર્મચારીઓ અને શ્રમિકોને તેમના પૂરા દિલથી સમર્થન બદલ અભિનંદન આપ્યા હતા.

# લખતર: ઉપાશ્રય નજીક વાસ્મોની લીકેજ લાઈનને કારણે ગ્રામજનોને હાલાકી

## ત્રણથી ચાર વખત રીપેરીંગ કરવા છતાં પાણીની લીકેજ લાઈનની સમસ્યા યથાવત



અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર

લખતર શહેર ખાતે નલ સે જલ કાર્યક્રમ અંતર્ગત વાસ્મો પુરસ્કૃત ગ્રામ્ય પેયજળ યોજના હેઠળ વાસ્મો વિભાગ દ્વવારા લખતરમાં ઘેર ઘેર પૂરતા ફોર્સથી પાણી મળી રહે તે માટે પીણીની લાઈન નાખવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ત્યારે લખતર શહેરમાં વાસ્મોની યોજના દ્વારા પાણીની લાઈનની કામગીરી લોકો માટે માથાના દુઃખાવા સમાન બની છે.

લખતર શહેરના મેઈન બજાર નજીક આવેલ ઉપાશ્રય પાસે ત્રણથી ચાર વખત કરતા પણ વધુ લીકેજ લાઈનનું રિપેરિંગ કરવા છતાં પરિસ્થિતિ જેમને તેમ જોવા મળી રહી છે. જ્યારે ઉગમણા દરવાજા પાસે પણ લીકેજ લાઈનનું યોગ્ય રીપેરીંગ કામ નહીં કરાતા પાણી વિતરણ સમયે પાણીનો બેફામ વેડફાટ થઈ રહ્યો છે. જેના કારણે રાહદારીઓ, વાહન ચાલકો, વેપારીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. તંત્ર દ્વારા તાત્કાલીક ધોરણે લીકેજ લાઈનનું રીપેરીંગ કરી પાણીનો વેડફાટ થતો અટકાવવામાં આવે અને લખતરવાસીઓને પુરતા ફોર્સથી પાણી મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# ગોંડલના વરિષ્ઠ નાગરીક એ વેલેન્ટાઈન ડે પર ૪૭મી લગ્ન વર્ષગાંઠ વિધાર્થીઓ સાથે ઉજવી



અબતક, હરેશ ગણોદીયા, ગોંડલ

ગોંડલ ના વરિષ્ટ નાગરિક અને જીઈબી ના નિવૃત ચીફ એન્જી. રોહિતભાઈ મહેતા અને રાજેશ્વરી મહેતા એ તેમના લગ્ન જીવન ની ૪૭ મી વર્ષગાંઠ ૧૪મી ફેબ્રુઆરી વેલેન્ટાઈન દિવસે ગોંડલ ફોરેસ્ટ યુથ ક્લબ ના સેવાભાવી હિતેષભાઈ દવે ના સહયોગ થી સેવાકાર્ય કરી ને ઉજવી હતી.

ગોંડલના રોહિતભાઈ મહેતા એ તેમની લગ્નજીવન વર્ષગાંઠ ની ઉજવણી ગોંડલ તાલુકાની પાંચિયાવદર સરકારી સીમ શાળા ના ધોરણ ૧ થી ૮ અને બાલવાડી ના નાના નાના ભૂલકાંઓને પૌષ્ટિક અને સ્વાદિષ્ટ ૨૨ કિલો જેટલી ચિક્કી ની ભેટ આપી ને કરી..

રોહિતભાઈ મહેતા ગોંડલ ફોરેસ્ટ યુથ ક્લબ અને સાહિત્ય વર્તુળ ગોંડલ સંસ્થા સાથે વર્ષોથી જોડાયેલા છે અને અનેક સામાજિક અને સાહિત્ય ની પ્રવૃતિઓ કરી રહ્યા છે.

તેમણે વેલેન્ટાઈન દિવસે લગ્ન જીવન ની વર્ષગાંઠ પણ ગરીબ પરિવારના સરકારી શાળા માં અભ્યાસ કરતા ૭૫ થી વધુ વિધાર્થીઓને પૌષ્ટિક અને સ્વાદિષ્ટ ચિક્કી ની ભેટ આપી ને સમાજ પ્રત્યે ની વરિષ્ઠ નાગરિક તરીકે ની ફરજ નિભાવવાના ઉદેશ્ય સાથે બાળકોને રાજી કરવાના ઉમદા કાર્ય થી ઉજવણી કરી સમાજ ને ઉમદા સંદેશ પૂરો પાડ્યો હતો.. આ તકે રોહિતભાઈ મહેતા એ શાળા ના વિધાર્થીઓને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા નિયમિત શાળા એ આવવું અને માતાપિતા સહિત શિક્ષકો નો સદા આદર કરવા સમજાવ્યા હતા..

# સોમનાથમાં ભવનાથ શિવરાત્રી સંતો મહંતો અને અખાડાઓના ગાદીપતિઓની થશે પધરામણી

## બે દિવસીય તીર્થ દર્શન પરમસંત મિલન અને ભોજન પ્રસાદી ભવ્ય ભંડારો





અબતક, જયેશ પરમાર, સોમનાથ

ભારત બાર જ્યોતિર્લિંગ પ્રથમ સોમનાથ મહાદેવના પવિત્ર ત્રિવેણી સંગમ નદી સાનિધ્યે આવેલ ચંદ્રભાગા મહાશક્તિ પીઠ મહાકાળી મંદિર ખાતે તારીખ ૧૯ અને ૨૦ ફેબ્રુઆરીના રોજ જુનાગઢ ભવનાથ શિવરાત્રી મેળામાં આવેલા સાધુ સંતો અને વિવિધ અખાડાઓનું ચંદ્રભાગા શકિતપીઠ ખાતે પધરામણી થશે

આ અંગે પત્રકાર પરિષદ યોજી માહિતી આપતા ચંદ્રભાગા મહાકાલી મા શક્તિપીઠના મહંત હરિ નારાયણ ગિરિજીએ જણાવ્યું કે પ્રાચીન વર્ષોથી ભવનાથ શિવરાત્રી મેળો પૂર્ણ થતા સાધુ સંતો સોમનાથ અહીં આવે છે જે વર્ષો જૂની પરંપરા છે વિશાળ પાયા ઉપર અહીં યોજાતા આ ધર્મ કાર્યમાં સૌનો સહયોગ મળતો રહે છે આ મંદિરનો કોઈ સેવક જ નથી માટે મંદીર અંગેની બાબતમાં સીધો જ મંતનો સંપર્ક કરવો અને અહીં થતા કાર્યમાં સર્વનો સહયોગ છે અને શ્રેય છે

સોમનાથ આવતાં પહેલાં સંતો સતાધાર બીલખા તીર્થ દર્શન અને પરંપરા પૂજન કરશે અને ૧૯ ફેબ્રુઆરી સાંજ સુધી માં આ પાવનકારી ધામ ખાતે પહોંચશે અંદાજે ૨૦૦૦ થી ૨૫૦૦ જેટલા સંતો સોમનાથ પધરામણી કરશે આવનારા સંત મહંતો માં શ્રી પંચ દશનામ જુના અખાડા. આવાહન અખાડા. અગ્નિ અખાડા. સહિત અન્ય અખાડાઓનો સમાવેશ થાય છે

૨૦ ફેબ્રુઆરીએ બપોરે ૧૨ વાગ્યા બાદ સૌ સાધુ સંતોની સમૂહ ભોજન પ્રસાદી યોજાય છે જેમાં ભોજન પ્રસાદી ભેટ પૂજા ઉપરાંત પરંપરાગત પ્રણાલીઓ પાળવામાં આવે છે

ભોજન પ્રસાદી પૂર્ણ થતા જુનાગઢ શિવરાત્રી મેળા સમાપનના ભાગરૂપે અહીંથી સૌ સાધુ સંતો પોત પોતાના સ્થાનકોએ પ્રસ્થાન કરે છે

આમ જુનાગઢ શિવરાત્રીનું સોમનાથ ખાતે સમાપન થાય છે પ્રભાસતીર્થ ચંદ્રભાગા મહાશક્તિ પીઠના મહંત હરિ નારાયણ ગિરિજી એ સર્વ લોકોને સંત દર્શન કરવા નિમંત્રણ આપ્યું અને ફરી ભાર પૂર્વક જણાવ્યું કે આ ધર્મ અને સેવા કાર્યમાં સૌનો સાથ છે માટે જે કંઈ જાણકારી જોઈતી હોય તો તેનો સીધો સંપર્ક કરે

સંતોના આગમનને પગલે મંદિર ખાતે રંગરોગાન. મંડપો અને સંત કુટીરોને સજાવટ કરાઈ રહી છે. જયેશ પરમાર પ્રભાસ પાટણ

# સુરેન્દ્રનગરના ૧૧ ગામોમાં વીજ ચેકીંગ ૧૭.૨૭ લાખનો દંડ ફટકારાયો

## ૩૫ ટીમોએ ઘોસ બોલાવી ૪૯૬ કનેકશન ચેક કરી ૭૨માંથી પકડી ચોરી



અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર પીજીવીસીએલ તંત્ર દ્વારા વીજ ચોરી ડામવા માટે ખાસ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું જે અંતર્ગત સઘન અધિક્ષક એન્જીનીયરના માર્ગદર્શન હેઠળ કુલ ૩૫ વીજ ચેકિંગ ટીમો દ્વારા સરપ્રાઈઝ ચેકીંગ તેમજ દરોડા પાડવામાં આવ્યા હતા. જે દરમિયાન ભથારીયા, ઈંગરોડી, લીલાપુર, દેવસર, હેમંતપર, મોરથલા, નાવિયાણી, પાંડવરા, રાજાવાડ અને વાવડી સહિતના કુલ ૧૧ ગામોમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. જે તપાસ દરમિયાન ટીમો દ્વારા કુલ ૪૯૬ વીજ જોડાણોની ચકાસણી કરવામાં આવી હતી. જે પૈકી ઘર વપરાશના ૬૮, વાણિજ્યિક (કોમર્શિયલ) ૦૧ અને ખેતીવાડીના ૦૩ મળીને કુલ ૭૨ વીજ જોડાણોમાં ગેરરીતિ માલુમ પડી હતી. આ ઉપરાંત, વીજ જોડાણ વગર સીધી રીતે થતી ચોરીના પણ ૪૫ જેટલા કેસ પકડાયા હતા. આ તમામ કિસ્સાઓમાં તંત્ર દ્વારા કુલ રૂ.૧૭.૨૭ લાખનો દંડ ફટકારવામાં આવતા વીજ ચોરી કરતા શખ્સોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

# 'ટી.બી. મુક્ત અભિયાન' અંતર્ગત

# વેરાવળ: લોઢવા આરોગ્ય કેન્દ્ર ખાતે ૯૨ દર્દીના પોર્ટેબલ એક્સ-રે કરાયાં

## ટી.બી.ના લક્ષણો, ચેપ, રોગમાં સમયસર સારવારનું મહત્વ સહિતની જરૂરિયાત અંગે માર્ગદર્શન અપાયું





અબતક, અતુલ કોટેચા, વેરાવળ

ટી.બી. મુક્ત અભિયાન ૨.૦ અંતર્ગત સૂત્રાપાડા તાલુકાના લોઢવા ગામ ખાતે ટીબીના દર્દીઓ માટે પોર્ટેબલ એક્સ-રે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પનો મુખ્ય હેતુ ગ્રામ્ય વિસ્તારો સુધી પોર્ટેબલ એક્સ-રે થકી ટી.બી. જેવા ગંભીર રોગનું સમયસર નિદાન કરીને દર્દીઓને યોગ્ય સારવાર મળી રહે તેવો હતો.

કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ભારતમાંથી ટીબી જેવા ચેપજન્ય અને ગંભીર રોગને સંપૂર્ણ રીતે સમાપ્ત કરવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. વડાપ્રધાનશ્રીના ટી.બી. મુક્ત ભારત અભિયાનને સફળ બનાવવા માટે દેશભરમાં વિવિધ આરોગ્ય કાર્યક્રમો ચલાવવામાં આવી રહ્યા છે. જેમાં ખાસ તો ગ્રામ્ય વિસ્તારોને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે.

આ અંગે લોઢવા આરોગ્ય કેન્દ્રના કોમ્યુનિટી હેલ્થ ઓફિસર ડો. પ્રકાશભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારોમાં રહેલા લોકો સુધી એક્સ-રે સુવિધા પહોંચે અને સાથે સાથે ટી.બી. જેવા ગંભીર પ્રકારના રોગનું નિદાન અને સારવાર સમયસર થઈ શકે તે માટે લોઢવા ગામે પોર્ટેબલ એક્સ-રે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૯૨ દર્દીના એક્સ-રે કરવામાં આવ્યાં હતાં. આ સમગ્ર કામગીરીમાં પી.એચ.સી. સુપરવાઈઝર વિજયભાઈ ચાંડેરા તેમજ સબ સેન્ટરનો સ્ટાફ પણ જોડાયો હતો.

# મહાશિવરાત્રી પર્વએ

# સોમનાથ: માલતી રોડવેઝ અને જય સોમનાથ ટ્રાન્સપોર્ટ દ્વારા યાત્રાળુને કરાવાયું ફળાહાર



અબતક, જયેશ પરમાર, સોમનાથ

શિવરાત્રી ના છેલ્લા ૨૬ વર્ષ થી ઉતરપ્રદેશના અલીગઢ ના ગુપ્તા પરીવાર દ્વારા સોમનાથ મા આવે છે અને એક દિવસ ફરાળી વાનગીઓ જેમાં ગાજરનો હલવો સાબુદાણા ની ખીચડી અને સફરજન, દ્રાક્ષ, કેળા સહિત ના ફળો થી સોમનાથ આવતા હજારો ની સંખ્યામાં લોકો ને વહેલી સવારથી સાંજ સુધી ફળાહાર કરાવે છે અને ભોલેનાથ ની જયઘોષ બોલતા જાય છે અને બીજા દિવસે પુરી શાક જમાડે છે આમ બે દિવસ સુધી વર્ષો થી લોકો ને સેવા માટે પધારે છે

ઉતરપ્રદેશના અલીગઢ ના માલતી રોડવેઝ અને જય સોમનાથ ટ્રાન્સપોર્ટ ના ભવદેશ ગુપ્તા, મુક્તાં ગુપ્તા, પ્રતિક, રીષીક, અરવિંદ, રાજુ સોનું દિલીપ , અર્ચના,રેખા ગુપ્તા રીતિક,મુકેશરાય સહિત ૧૫૦ પરીવાર સોમનાથ પધારેલ અને ખુબજ આનંદ અને પ્રેમ થી લોકો ને જાતે પીરશે અને બે દિવસ ભોજન કરાવે છે ભવદેશ ગુપ્તા રાષ્ટ્રીય સંગઠન યુવા હિન્દુ વાહિની ના મંત્રી છે અને સોમનાથ મહાદેવ ઉપર ખુબજ આસ્થા ધરાવે છે અને તેવોએ જણાવ્યું કે અત્યાર સુધીમાં સોમનાથ મહાદેવ એ તેમની હર મનોકામના પૂર્ણ કરેલ છે.

# લ્યો બોલો... તસ્કરો આશરે ૪.૫ કીમી લાંબો વાયર વિજપોલ પરથી કાપી ગયા

## લોધિકાના બાલસરસ ગામના પાટીયા પાસેથી પીજીવીસીએલના રૂ.૧.૮૦ લાખના એલ્યુમિનિયમ વાયરની ચોરી

**અબતક, રાજકોટ**

લોધીકા તાલુકાના બાલસર ગામના પાટીયા પાસેથી પીજીવીસીએલના રૂ.૧.૮૦ લાખના વાયરની ચોરીનો બનાવ સામે આવતાં મેટોડા પોલીસે તપાસ આદરી હતી.

બનાવ અંગે લોધિકામાં રહેતા પીજીવીસીએલના નાયબ ઈજનેર ભાવેશભાઈ હાપલીયાએ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ છેલ્લા એક વર્ષથી પીજીવીસીએલ કચેરી લોધીકા ખાતે નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવે છે. ગઈ તા.૦૩/૦૧ થી ફીસ્ફા રબ્બર કંપની બાલસરના નવા કનેકશન અંગે ૬૬ કેવી ખીરસરા સબ સ્ટેશનમાંથી નવા ફીડરની કુલ લંબાઈ ખુલ્લી વીજ લાઈન ૪.૦૧૫ કી.મી. તેમજ અંડર ગ્રાઉન્ડ ૧.૬૯ કી.મી. મંજુર થયેલ હતુ. જેની કામગીરી ગઈ તા.૦૫/૦૧ થી શરૂ કરેલ અને તા.૦૫/૦૨ ના રોજ પુર્ણ થયેલ હતું. ગઈ તા.૦૮ ના સ્ટાફના માણસો આ નવા ફીડરનું પરચુરણ કામ કરવા ગયેલ ત્યારે ખીરસરા-લોધીકા રોડ ઉપરના બાલસર ગામના પાટીયાથી ફીસ્ફા રબ્બર કારખાના તેમજ ત્યાંથી આગળ હરીપર તરવળા રોડ ઉપર ઓમ પ્લાસ્ટીક કારખાના તરફ જતા રોડ સુધી ઉભા કરવામાં આવેલ વીજ પોલનો વીજ વાયર મળી આવેલ નહી. જેથી માણસોએ તેઓને જાણ કરતા તુરત જ સ્થળ ઉપર ગયેલ અને જોયેલ તો અંદાજીત ૨.૪ કી.મી. ૧૦૦ એમ.એમ. સ્કવેર તેમજ ૨ કી.મી. ૫૫ એમ.એમ. સ્કવેર એલ્યુમીનીયમ વીજ વાયર વીજ પોલ ઉપરથી કોઈ અજાણ્યા માણસો કાપી ઉતારી ગયેલાનું જણાય આવેલ જેની અંદાજીત કિંમત રૂ. ૧.૮૦ લાખ જે વીજ વાયર કોઈ અજાણ્યા ચોર ચોરી કરી લઈ જતાં ફરીયાદ નોંધાવેલ છે. બનાવ અંગેની ફરીયાદ પરથી મેટોડા પોલિસે ગુનો નોંધી પીએસઆઈ એન.બી.ઝાલા અને ટીમે તપાસ આદરી હતી.

# ગોંડલ પંથકમાં સિંહ બાદ દિપડાએ ધામા નાખ્યાં

## કેશવાળા ગામે વાછરડીનું મારણ કરનાર દિપડાને જબ્બે કરવાં વનવિભાગે પાંજરૂં ગોઠવ્યું

**અબતક**
**જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ પંથકમાં કંટોલીયા ગામની વચ્ચમાં આવેલા રહેણાંક વિસ્તારમાં સિંહ દ્વારા વાછડીનું મારણ કર્યાની ઘટનાની હજુ સાહી સુકાઈ નથી ત્યાં દિપડા એ કેશવાળા ગામની સીમમાં વાછડીનું મારણ કરતા વનવિભાગ કેશવાળા દોડી જઈ દિપડાને પકડવા પાંજરૂં મુક્યુ છે. કેશવાળાનાં ખારો વિસ્તારમાં ગાડા માર્ગ પર રાત્રિના સમયે દીપડો ત્રાટક્યો હતો. વાછડીનાં મારણની જાણ થતા ગ્રામજનો અને ખેડુતો ભયભીત બન્યાં છે.

બનાવનાં પગલે દોડી આવેલાં વન વિભાગને તપાસ દરમિયાન દીપડાના પંજાના નિશાન (ફૂટ પ્રિન્ટ) મળી આવ્યા હતાં. આરએફઓ દીપકસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ રાઉન્ડ ફોરેસ્ટર પ્રતિપાલસિંહ ચુડાસમા, રેસ્ક્યુ ટ્રેકર માધવભાઈ વ્યાસ, ફિરોજભાઈ સમા સહિત વન વિભાગની ટીમે દીપડાને પકડવા પાંજરૂ ગોઠવ્યું છે. વધુમાં ખેડૂતો અને ગ્રામજનોને સાવધ રહેવા અપીલ કરાઈ છે.

# ગેસ સિલિન્ડરની ચોરી કરી નાશી છૂટેલ શખ્સ સીસીટીવીમાં કેદ

## ખારાઘોડા બાદ પાટડીની વંદેમાતરમ સોસાયટીમાં ગેસ સિલિન્ડરની ઉઠાંતરીથી લોકોમાં રોષ



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

પાટડી પોલીસ મથક વિસ્તારના ખારાઘોડામાં થોડા દિવસો પહેલા ૦૭ જેટલા ગેસ સિલિન્ડરની ચોરી ઘટનાની શાહી સુકાઈ નથી ત્યાં ફરી સીલીન્ડરની ચોરીનો બનાવ સામે આવ્યો છે. જેમાં પાટડી શહેરના બજાણા રોડ પર આવેલ વંદે-માતરમ સોસાયટીમાં રહેતા બાબુલાલ ઠાકોરના ઘરે થી તા.૧૬ ફેબ્રુઆરીએ વહેલી સવારે ગેસ સિલિન્ડરની ઉઠાંતરી કરી અજાણ્યા શખ્સો નાશી છુટયા હતા.

જ્યારે ગેસ સિલિન્ડરની ચોરી કરનાર શખ્સ સોસાયટીમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થયો છે ચોરીના ગેસ સિલિન્ડરનો ગેરકાયદે ઉપયોગ થતો હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

જો કે આ બનાવ બાબતે મોડી સાંજ સુધી પોલીસ મથકે કોઈ ગુનો દાખલ થયેલ નથી ત્યારે પાટડી પોલીસ દ્વારા સતત પેટ્રોલિંગમાં વધારો કરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે.

# રાજકોટ જિલ્લા બેંકની સાતોદડ બ્રાન્ચની બારીની ગ્રીલ તોડી ચોરીનો પ્રયાસ

## શાયરન સહિતના કેબલ તોડી નાખ્યા, બારીના દરવાજામાં પણ બાકોરૂં પાડ્યું સદનસીબે તસ્કરો અંદર પ્રવેશ કરવામાં સફળ નહિ થતાં ચોરીનો બનાવ અટક્યો

**અબતક, રાજકોટ**

જામકંડોરણાના સાતોદડ ખાતે આવેલી રાજકોટ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંકની બ્રાન્ચમાં ચોરીની કોશિશ થયાનો બનાવ સામે આવ્યો છે. તસ્કરોએ શાયરન સહિતના કેબલ તોડી નાખી, બારીની ગ્રીલ અને દરવાજો કાપી અંદર ઘુસવાનો પ્રયત્ન કર્યો હતો પણ સદનસીબે તસ્કરો ચોરી કરવામાં સફળ રહ્યા ન હતા. ઘટનાને પગલે જામકંડોરણા પોલિસે ગુનો નોંધી તસ્કરની શોધખોળ શરૂ કરી છે.

બનાવ અંગે કાલાવડના ધોરાજી રોડ પર રહેતા અને રાજકોટ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેવટિવ બેંકની સાતોદડ શાખામાં બ્રાન્ચ મેનેજર તરીકે ફરજ બજાવતા કીરીટભાઈ ઉકાભાઈ ગધેથરીયા (ઉ.વ.૪૩)એ જામકંડોરણા પોલિસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા.૧૩/૦૨/૨૦૨૬ ના રોજ નિત્યક્રમ મુજબ સાંજના આશરે પાંચેક વાગ્યે અમારી બેંકનું કામ કાજ પુર્ણ કરી હું તથા અમારી શાખાના કર્મચારીઓ જેમાં કેશીયર ધર્મેન્દ્રસિંહ ચુડાસમા, કલાર્ક પાર્થદરાય પંડયા એમ બધા બેંક બંધ કરી પોત પોતાના ઘરે જતા રહેલ હતા. ત્યાર બાદ તા.૧૫/૦૨/૨૦૨૬ ના રાત્રીના આશરે ચારેક વાગ્યાના આસપાસ હુ મારા ઘરે હતો. ત્યારે અમારી રાજકોટ ખાતે આવેલ એવરેસ્ટ સીકયુરીટી ઓફીસથી ફોન આવેલ કે, તમારી સાતોદડ શાખાની બ્રાન્ચમાં કંઈક અઘટીત થયેલ છે, તમે તપાસ કરાવો. જેથી મે અમારી બેંકના પ્યુન જયપાલસીંહ જાડેજા (રહે વાવડી,જામકંડોરણા) ને ફોન કરી કહેલ કે તમે આપણી બેંકે તપાસ કરાવો ત્યાં કઈક થયેલ છે કે કેમ ? જેથી જયપાલસિંહ જાડેજાએ બેંક ખાતે તપાસ કરાવેલ પણ કંઈ જાણવા મળેલ નહી. બાદ તા.૧૬/૦૨/૨૦૨૬ ના સવારના આશરે નવ વાગ્યે હુ મારા ઘરે હતો. ત્યારે અમારી બેંકના પ્યુન જયપાલસિંહ જાડેજાનો મને ફોન આવેલ કે, હુ બેંક ખોલવા માટે આવેલ અને મારૂ મોટર સાયકલ પાર્કીંગમાં મુકવા ગયેલ તો આપણી ઓફીસની પાછળની બારીની લોખંડની ગ્રીલના સળીયા તુટેલ જોવા મળ્યા હતા. ઉપરાંત બારીના લાકડાના દરવાજામાં આશરે ચાર બાય ચાર ઈંચ જેટલુ કાપી નાખી બાકોરું પાડી દેવાયાનું ધ્યાને આવ્યું હતું.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, બનાવની જાણ થતાં મે અમારી બેંકના ઉપરી અધીકારીઓને જાણ કરેલ અને હું તુરત કાલાવાડથી સાતોદડ અમારી બેંકની શાખાએ પહોંચી ગયેલ હતો. જયા જઈને જોતા ઓફીસની પાછળની બારીની લોખંડની ગ્રીલ તોડી નાખેલ તથા બારીનો દરવાજો આશરે ચાર બાય ચાર ઈંચ જેટલો તોડી નાખેલ હતો. ત્યારબાદ બેંકની છત પર જઈને જોતા ત્યાં ઈલેકટ્રીક લાઈટના તેમજ નેટનો કેબલ તથા એવરેસ્ટ સીકયુરીટીનો સાયરનનો કેબલ તૂટેલી હાલતમાં જોવા મળ્યો હતો. બાદ બેંકમાં તપાસ કરતા કોઈ ચીજ વસ્તુ કે રોકડ રકમ, દાગીના, બેંક પેપર્સ, ગ્રાહકોના કોઈપણ ડોકયુમેન્ટ / દસ્તાવેજની ચોરી નહિ થયાનું ધ્યાને આવ્યું હતું. બાદ બેંકમાં કેમેરા ચેક કરતા રાત્રીના આશરે બે થી ત્રણ વાગ્યાના અરસામાં આ બનાવ બન્યાનું ધ્યાને આવ્યું હતું.

બનાવને પગલે બ્રાન્ચ મેનેજરની ફરિયાદ પરથી ગુનો નોંધી જામકંડોરણા પોલિસ મથકના પીઆઈ આર વી વાઢીયાની ટીમે ચોરીનો પ્રયાસ કરનાર તસ્કરની શોધખોળ શરૂ કરી છે.

### આવાસ યોજનાનો પ્રચાર કેમ કરો છો તેમ કહી

# ભાયાવદર નગર પાલિકાના ન્યાય સમિતિના ચેરમેન પર હુમલો

## લાભાર્થીઓને લાભ મળેલ તેનો વિડીયો વાયરલ કરેલો તેમાં ટીખળો શબ્દ બોલેલ તેમ કહી બે શખ્સો ભાજપના આગેવાન પર તૂટી પડયા



**અબતક**
**કીરીટ રાણપરીયા, ઉપલેટા**

ભાયાવદર નગર પાલિકાના ન્યાય સમિતિના ચેરમેને તું કેમ પ્રધાન મંત્રી આવાસ યોજનો પ્રચાર કરશો તેમ કહી બે યુવાનો લાકડી લઈને તુટી પડતા ઘવાયેલા સામાજીક ન્યાય સમિતિના ચેરમેને પ્રથમ ભાયાવદર સિવીલ હોસ્પિટલે ત્યાંથી વધુ સારવાર માટે જુનાગઢ ખસેડવામાં આવ્યા છે. સરા જાહેર ભાજપના આગેવાન ઉપર હુમલો થતા લોકોમાં ભયનો માહોલ ઉભો થયો હતો.

પ્રાપ્ત થતી વિગતો મુંજબ વ્યવસાયે એડવોકેટ અને ભાયાવદર સામાજીક ન્યાય સમિતિના ચેરમેન નિરજભાઈ મકવાણા કોર્ટનું કામ પતાવી પોતાની ઓફીસે બેઠા હતા ત્યારે સાંજના સમયે નિરજભાઈના મોબાઈલમાં આંબેડકર નગરમાં રહેતા ભરતભાઈના મોબાઈલમાંથી ફોન આવેલો કે તારૂ કામ છે તું અમારા ગોડાઉને આવી આથી નિરજભાઈ મકવાણા અને તેનો મિત્ર બન્ને મોટર સાયકલ લઈ સ્મશાન રોડ પર આંબેડકર વાસ પાસે ભરતભાઈના ગાભાનું ગોડાઉને ગયા હતા. ત્યાં ભરતભાઈ અને મગનભાઈ એ નિરજભાઈને કહેલ કે તું કેમ પ્રધાનમંત્રી આવાસ યોજના પ્રચાર કરશે તે બનાવેલો વિડીયો ડીલીટ કરી નાખ જે નહીંતર સારાવાત નહી રહે તેમ કહી બન્ને શખ્સોએ નિરજભાઈના માથાના ભાગમાં લાકડી લઈ તુટી પડયા હતા આરોપીઓ નિરજભાઈને મારી ભાગી ગયા હતા જયારે નિરજભાઈ સાથે રહેલા તેના મિત્રએ નિરજભાઈને સારવાર માટે સિવીલ હોસ્પિટલે સારવાર માટે લઈ આવ્યા હતા. પણ માથાના ભાગે ગંભીર ઈજા થયેલ હોવાથી સ્થાનીક ડોકટરોએ પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે જુનાગઢ ખસેડાયા હતા. સ્થાનીક પોલીસે હુમલો કરનાર ભરત ભિમા ડોડીયા જાતે દલીત રહે આંબેડકર નગર ભાયાવદર મગન હાજા સોલંકી જાતે દલીત રહે. આંબેડકર નગર ભાયાવદર બન્ને ફરાર શખ્સોની શોધખોળ હાથ ધરી છે.

ભાયાવદર શહેરમાં વકીલ અને નગરપાલિકાની ન્યાય સમિતિના ચેરમેન નિરજભાઈ મકવાણા ઉપર થયેલા હુમલા પડઘા શહેરમાં જોવા મળ્યા હતા સરા જાહેર વકીલ ઉપર હુમલો થતાં પોલીસને ગુનેગારો ઉપર પકડ ઢીલી પડી ગઈ હોય તેવું દેખાઈ રહ્યું છે. ત્યારે પોલીસ કડક બની ગુનેગારો સામે કાર્યવાહી કરી તેવી શહેરમાંથી માંગ ઉઠી છે.

# શાપર(વે.) પોલિસે પકડેલો રૂ.૬.૫૧ લાખના દારૂ પર બુલડોઝર ફેરવી દેવાયું

## ઢોલરા ગામ નજીક ખોડિયારધાર ખાતે પ્રોહીબીશનના જથ્થાનો નાશ કરાયો



**અબતક, રાજકોટ**

શાપર(વે.) પોલિસે છેલ્લા ચાર માસમાં દારૂના ૧૮ કેસો કરી કબ્જે કરેલો રૂ. ૬.૫૧ લાખના દારૂના જથ્થા પર બુલડોઝર ફેરવી દઈ નાશ કર્યો હતો. ખોડિયારધાર ખાતે શરાબની ૩૩૮૨ બોટલ પર બુલડોઝર ફરી વળતા પ્યાસીઓના મોઢામાંથી મધલાળ ટપકી હતી.

રાજકોટ રેન્જ આઈ.જી અશોકકુમાર યાદવ, જિલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર અને ગોંડલ ડિવિઝનના ડીવાયએસપી કે જી ઝાલા દ્વારા રાજકોટ ગ્રામ્ય જિલ્લાના તમામ થાણા અમલદારોને પોલીસ સ્ટેશનમાં પેન્ડિંગ રહેલ મુદ્દામાલનો નિકાલ કરવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને શાપર(વે.) પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી છેલ્લા ચાર માસ દરમિયાન પ્રોહીબીશનના ૧૮ ગુનામાં ઝડપાયેલ જુદી જુદી બ્રાન્ડનો ઈંગ્લિશ દારૂનો જથ્થો નાશ કરવા કોટડા સાંગાણી જયુડીસીયલ મેજિસ્ટ્રેટ સમક્ષ મંજૂરી મેળવી કમિટી બનાવી શાપર પોલીસે પારડી ગામથી ઢોલરા ગામ જતા રસ્તા ઉપર આવેલ ખોડીયારધાર ખાતે રૂ. ૬,૫૧,૫૦૦ ની કિંમતની દારૂની ૩૩૮૨ બોટલ ઉપર બુલડોઝર ફેરવી દઈ નાશ કર્યો હતો.

# જૂનાગઢમાં મહાશીવરાત્રી પર્વે નોનવેજ વેચનાર ૩ લોકો સામે કાર્યવાહી



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

મહાશીવરાત્રીના પવિત્ર તહેવાર ઉપર ખુલ્લી રાખવામા આવેલ નોનવેજ રેસ્ટોરન્ટ/લારી ધારકો વિરુધ્ધ જાહેરનામાનો ભંગ કરવા બદલ જુનાગઢ બી ડિવિઝન પોલીસે ૩ લોકો સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

પવિત્ર મહાશીવરાત્રી તહેવાર અનુસંધાને બી ડિવિજન પોલીસ સ્ટેશનના પી.આઈ. જે.જે. પટેલની સૂચના મુજબ, પોલીસ સ્ટાફ પેટ્રોલીંગ/બંદોબસ્તમા હતા. જે દરમ્યાન જુનાગઢ મહાનગર પાલિકા દ્વારા તા. ૧૫/૦૨/૨૦૨૬ ના રોજ મહાશીવરાત્રીના પવિત્ર તહેવાર સબબ મીટ શોપ, ફિશ માર્કેટ, નોનવેજની લારીઓ, ઈન્ડાની લારીઓ બંધ રાખવા કરાયેલા જાહેરનામા આદેશ છતાં નોનવેજની લારી/રેસ્ટોરન્ટ ખુલ્લા રાખી નોનવેજની અલગ અલગ બનાવટોનુ વેચાણ કરતા ૩ ઈસમો દ્વારા જુનાગઢ મહાનગરપાલિકાના જાહેરનામા/સ્થાય હુકમનો ભંગ કરતા મળી આવ્યા હતા.

પોલીસે હયાત નોનવેજ રેસ્ટોરન્ટ (ચિતાખાના ચોક પાસે) વાળા ઈરફાન રજાકભાઈ મહિડા, અમન નોનવેજ રેસ્ટોરન્ટ (દોલતપરા દિપક પેટ્રોલપંપ સામે) વાળા સલીમ જુમ્માભાઈ સમા તથા દોલતપરા ગેઈટ સામે નોનવેજની લારી ધારક અબ્દુલઅઝિમ અબ્દુલસમદ ઓલગિ સામે ગુન્હા રજીસ્ટર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

# કુકાવાવના તાલાળી ગામે મકાન પાડતી વેળાએ યુવાન પર છત પડી

## ગંભીર રીતે ઘવાયેલા શ્રમિકને રાજકોટ સિવિલ હોસ્પિટલે ખસેડાયા

**અબતક, રાજકોટ**

વડીયા ગામના યુવાન તાલાળી મકાન પાડતી દરમિયાન અચાનક છત શ્રમિકના માથે પડતા ગંભીર રીતે ઘાયલ થયા હોવાની ઘટના સામે આવી છે. હાલ યુવાનની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું છે અને તેમને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.મળતી માહિતી મુજબ, વડીયા ગામમાં રહેતા રાકેશભાઈ ચનાભાઈ તલસાણીયા (ઉં.વ. ૩૦) ગઈકાલે સાંજે આશરે ૫ વાગ્યાના સુમારે કુકાવાવ નજીક તાલાળી ગામે એક જૂનું મકાન તોડવાનું કામ કરી રહ્યા હતા. આ દરમિયાન અચાનક મકાનનો ઉપરનો ભાગ (છત) રાકેશભાઈ પર ધસી પડ્યો હતો. છત નીચે દબાઈ જવાથી રાકેશભાઈને શરીરે અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આસપાસના લોકોએ તાત્કાલિક તેમને બહાર કાઢી સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે રાકેશભાઈ કડિયાકામ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. હાલ તેમની સ્થિતિ ગંભીર હોવાનું હોસ્પિટલના સૂત્રો જણાવી રહ્યા છે અને ડોકટરોની ટીમ દ્વારા તેમની સઘન સારવાર કરવામાં આવી રહી છે.

# ધાંગધ્રા: ઘાતક હથિયારના ગુનામાં વોન્ટેડ લતીફ જેડા ઝડપાયો



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા-માલવણ હાઈવે પર ૨૪ ડિસેમ્બરના મોડી રાત્રે જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ની ટીમે શંકાસ્પદ હાલતમાં પસાર થતી બે કારને અટકાવી હતી તપાસ દરમિયાન બંને કારમાંથી ચાર ગેરકાયદે હથિયારો અને ૪૧ જીવતા કાર્ટિઝ મળી આવ્યા હતા આ મામલે પોલીસે ઘટનાસ્થળેથી ત્રણ શખ્સોને ઝડપી પાડ્યા હતા, જ્યારે બે શખ્સો ફરાર થઈ ગયા હતા અને કુલ પાંચ શખ્સો વિરુદ્ધ ધ્રાંગધ્રા તાલુકા પોલીસમાં ગુનો નોંધવામાં આવ્યો હતો ફરાર આરોપી લતીફ સલીમભાઈ જેડાને ઝડપી કાયદેસરની કાર્યવાહી માટે ધ્રાંગધ્રા તાલુકા પોલીસ મથકે રજૂ કરવામાં આવ્યો છે અને આગળની તપાસ ચાલુ છે

# જેતપુરના બાપુની વાડી વિસ્તારના મકાનમાથી દારૂ-બિયરનો જથ્થો ઝડપાયો

## સ્થાનિક પોલિસે દરોડો પાડી રૂ. ૨૭ હજારનો કેફી પદાર્થ પકડ્યો : ફરાર બુટલેગરની શોધખોળ

**અબતક, રાજકોટ**

જેતપુર સીટી પોલિસની ટીમે બાપુની વાડી વિસ્તારમાં આવેલ મકાનમાંથી રૂ.૨૭,૬૪૦ ની કિંમતનો દારૂ-બિયરનો જથ્થો ઝડપી પાડ્યો હતો. જયારે દરોડા દરમિયાન હાજર નહિ મળી આવેલ બુટલેગરની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. પ્રાપ્ત વિગત અનુસાર જેતપુર સીટી પોલીસ મથકના કોન્સ્ટેબલ અમિતભાઈ સિધપરા, ભગીરથસિંહ જાડેજા, લાખુભા રાઠોડ, પ્રદીપભાઈ આગરીયા સહિતના કર્મચારીઓ ખાનગી વાહનમાં પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. દરમિયાન ખાનગી રાહે હકીકત મળી હતી કે, જેતપુરમાં બાપુની વાડી વિસ્તારમાં રહેતા રાહુલ રાજુભાઈ ચૌહાણ નામના શખ્સે પોતાના મકાનમાં ભારતીય બનાવટનો ઈંગ્લિશ દારૂનો જથ્થો વેચાણ કરવાના ઈરાદે રાખેલ છે. જે હકીકત મળતાની સાથે જેતપુર સીટી પોલીસની ટીમે બાતમીવાળા સ્થળે દોડી જઈ મકાનની જડતી કરી રૂ. ૨૫ હજારની કિંમતની દારૂની ૨૩ બોટલ તેમજ રૂ. ૨૬૪૦ ની કિંમતના બિયરના ૧૨ ટીન મળી કુલ રૂ.૨૭,૬૪૦ નો મુદ્દામાલ કબજે કરી હાજર નહીં મળી આવેલ બુટલેગર રાહુલ રાજુભાઈ ચૌહાણની શોધખોળ શરૂ કરી હતી.

# પાટડીના પીપળી ગામે મહિલાને નસીબખાને ફડાકા ઝીંકી જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

પાટડી તાલુકાના પીપળી ગ્રામ પંચાયતમાં ઘરની સનદ આકરણી કઢાવવા માટે ગયેલ મહિલા સાથે ગામના જ શખ્સ દ્વારા ગેરવર્તન કરી મહિલાને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી તેમજ જાતિ પ્રત્યે અપમાનિત કરી લાફો ઝીંક્યો હતો.

પાટડી તાલુકાના પીપળી ગામે પીયરમાં રહેતા સોનલબેન કરણભાઈ ચાવડા પોતાના પ્લોટની સનદ લેવા માટે પીપળી ગ્રામ પંચાયત કચેરી ખાતે ગયા હતા તે દરમિયાન ગામમાં જ રહેતો શખ્સ નસીબખાન હબીબખાન મલેક પણ ત્યાં હાજર હતો. આથી ફરિયાદીએ કચેરીના અધિકારીઓને ઘરની આકારણી બાબતે પૂછપરછ કરતા નસીબખાને ફરિયાદીને કચેરીમાંથી બહાર નીકળી જવાનું જણાવી ગેરવર્તન કર્યું હતું તેમજ જાતિ અપમાનિત કરે તેવા શબ્દો ઉચ્ચારી ફરિયાદીને ગાળો આપી લાફો ઝીંક્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. જે અંગે ભોગ બનનાર ફરિયાદીએ બજાણા પોલીસ મથકે નસીબખાન હબીબખાન મલેક, રહે. પીપળી વાળા સામે ફરિયાદ નોંધાવતા પોલીસે એટ્રોસીટી એક્ટ હેઠળ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# હત્યાની કોશિશ સહિતના ગુનામાં સંડોવાયેલો કુખ્યાત યાજ્ઞિક ઉર્ફે ભાણો પાસાના પાંજરે પુરાયો

## હદપારી હુકમનો ભંગ કરી મેટોડા સહિતના વિસ્તારમાં બેખૌફ બનીને લટાર મારતા શખ્સને અમદાવાદ જેલ હવાલે કરાયો



**અબતક, રાજકોટ**

હત્યાની કોશિશ, મારામારી સહિતના ગુનામાં સંડોવાયેલ મેટોડાનો યાજ્ઞીક ઉર્ફે ભાણો પાસાના પાંજરે પુરાયો છે. મેટોડા પોલિસે પાસા દરખાસ્ત કરી કુખ્યાત શખ્સને અમદાવાદ જેલમાં ધકેલી દીધો હતો.

રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ અને સમાજમાં નબળા વર્ગો પર અત્યાચાર ગુજારતા અસામાજિક તત્વો પર અંકુશ રહે તે હેતુથી મારામારી સહિતના અવાર નવાર ગુન્હા આચરતા શખ્સો વિરુધ્ધ પાસા હેઠળ દરખાસ્ત તૈયાર કરવાની આપેલ કડક સુચનાથી મેટોડા પોલીસ મથકના પીઆઈ એસ.એચ.શર્માએ યાજ્ઞીક ઉર્ફે ભાણો નામના શખ્સે મેટોડા વિસ્તારમાં અગાઉ નિર્દોષ નાગરિકો પર જીવલેણ હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી તેમજ અનુસૂચિત જાતિના સભ્યો પર અત્યાચાર ગુજારી સમાજમાં અશાંતિ અને ભયનું વાતાવરણ ઉભું કરવામાં આવ્યું હતું. આરોપીની અસમાજીકિ પ્રવૃતી રોકવા માટે અગાઉ તેને હદપાર કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો, તેમ છતા આરોપી કાયદાનો કોઈ ડર રાખ્યા વિના અવાર નવાર હદપારીના વિસ્તારમાં પ્રવેશ કરી હદપારી હુકમનો ભંગ કરતો હતો.

આરોપીની આ પ્રકારની બેફામ અને કાયદા વિરોધી પ્રવૃતીઓથી વિસ્તારના નાગરીકોમાં ભયનુ વાતાવરણ ઉભુ થયુ હતુ. આરોપીની આવી અસામાજિક અને જ્ઞાતિલક્ષી અત્યાચારની પ્રવૃત્તિઓ સમાજની એકતા અને શાંતિ માટે ગંભીર જોખમરૂપ જણાતા તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી જિલ્લા કલેકટર ડો.ઓમ પ્રકાશને તેઓ દ્વારા વ્યાજખોર શખ્સને ‘‘ભયજનક વ્યક્તી‘‘ ગણી પાસા વોરંટ ઈસ્યુ કરતાં આરોપી યાજ્ઞીક ઉર્ફે ભાણો શૈલેષ જરવરીયા (ઉ.વ.૨૨, રહે-મેટોડા જી.આઈ.ડી.સી. ગેઈટ નંબર ૦૨ ની સામે, શ્રીનાથજી સોસાયટી) ને પકડી પાસા વોરંટની બજવણી કરી અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરવામા આવેલ છે.ઉલ્લેખનીય છે કે, આરોપી વિરુદ્ધ મેટોડા પોલીસ મથકમાં જ હત્યાનો પ્રયાસ, એટ્રોસીટી સહિતના નવ ગુના નોંધાયેલ છે.

# મચ્છુ નદી પર શાંતિવન આશ્રમથી વેજીટેબલ રોડ સુધી નવા ડાઉનસ્ટ્રીમ બ્રિજ માટે ટેન્ડર પ્રક્રિયા શરૂ

## શહેર મધ્યે બ્રિજના નિર્માણ બાદ લોકોને ટ્રાફિકમાંથી મળશે રાહત

**અબતક, ઋષિ મહેતા**

મોરબી શહેરની ટ્રાફિક સમસ્યાના કાયમી ઉકેલ માટે મહાનગરપાલિકા દ્વારા મચ્છુ નદી પર નવા ડાઉનસ્ટ્રીમ બ્રિજના નિર્માણ માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાઈ છે. અંદાજે રૂ. ૪૦ કરોડના ખર્ચે બનનારો આ બ્રિજ શાંતિવન આશ્રમથી વેજીટેબલ રોડ સુધી બનાવાશે, જે શહેરના વિવિધ વિસ્તારોને સીધી કનેક્ટિવિટી આપશે.

મોરબી શહેરના મધ્યમાંથી પસાર થતી મચ્છુ નદી પર હાલ એક આવન અને એક જાવન માટેના બ્રિજ ઉપલબ્ધ હોવાથી સમગ્ર શહેરનો ટ્રાફિક આ જ માર્ગ પરથી પસાર થાય છે. પરિણામે શહેરમાં ખાસ કરીને પીક અવર્સ દરમિયાન ભારે ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે. આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે મહાનગરપાલિકા દ્વારા પાડાપુલની ડાઉનસ્ટ્રીમ બાજુ નવા બ્રિજના નિર્માણ માટે ડીટેઈલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડની યોજના હેઠળ અંદાજે રૂ. ૪૦ કરોડના ખર્ચે આ પ્રોજેક્ટ માટે ટેન્ડર પ્રક્રિયા લાઈવ કરવામાં આવી છે.

પ્રસ્તાવિત બ્રિજમાં અંદાજે ૧૬ ગાળા રહેશે, ૧૦.૫૦ મીટર પહોળો કેરેજ-વે તેમજ બન્ને બાજુ ૧.૫૦ મીટર પહોળી ફૂટપાથની સુવિધા આપવામાં આવશે. આ બ્રિજનું નિર્માણ શાંતિવન આશ્રમથી શરૂ થઈ મોરબી-૨ વિસ્તારમાં આવેલ વેજીટેબલ રોડ સુધી કરવામાં આવશે. બ્રિજ પૂર્ણ થયા બાદ વીસીપરા, લાયન્સનગર, રણછોડનગર, અમરેલી વિસ્તાર તેમજ મોરબી-૨ થી વિશીપરા વચ્ચે અવરજવર કરતા નાગરિકોને નોંધપાત્ર ટ્રાફિક રાહત મળશે. સાથે સાથે શહેરના વાહન વ્યવહારને વધુ સુવ્યવસ્થિત બનાવવામાં પણ મદદ મળશે.

# વેલેન્ટાઈન ડેની 'વાત્સલ્ય દિવસ' તરીકે ઉજવણી બાળકોને વૈભવી કારમાં શાહી સવારી અને ભોજન કરાવાયું

## સરકારી શાળાના બાળકો ૫૦ મોટરોના કાફલામાં ફર્યા સનરૂફ વાળી ગાડીઓમાં બાળકોએ કર્યા આનંદ

**અબતક, ઋષિ મહેતા**

મોરબીના યંગ ઈન્ડિયા ગ્રુપ દ્વારા વેલેન્ટાઈન ડેને પશ્ચિમી ઢબે નહીં પરંતુ ભારતીય સંસ્કૃતિ ઢબે 'વાત્સલ્ય દિવસ' તરીકે ઉજવી જરૂરિયાતમંદ બાળકોને વૈભવી કારમાં શહેરભરની સહેલ અને ભોજન કરાવી ભારતીય સંસ્કૃતિનો મર્મ ઉજાગર કર્યો હતો.





મોરબીમાં યંગ ઈન્ડિયા ગ્રુપ દ્વારા વેલેન્ટાઈન ડેને નવી ઓળખ આપતાં તેને વાત્સલ્ય દિવસ તરીકે ઉજવવામાં આવ્યો હતો. પ્રેમના વ્યાપારીકરણ કરતાં ત્યાગ, સમર્પણ અને બીજાની ખુશીમાં પોતાની ખુશી શોધવાની ભારતીય ભાવનાને પ્રાધાન્ય આપતાં આ અનોખી પહેલ કરવામાં આવી હતી. કાર્યક્રમ અંતર્ગત સરકારી શાળાના સામાન્ય તથા જરૂરિયાતમંદ પરિવારના બાળકોને શહેરભરમાં આશરે ૫૦ જેટલી વૈભવી કારોમાં બેસાડી યાદગાર સહેલગાહ કરાવવામાં આવી હતી. શનાળા રોડ સ્થિત સ્કાય મોલ પાસેથી શરૂ થયેલી આ આનંદયાત્રા દરમિયાન બાળકો સનરૂફમાંથી હાથ લહેરાવી હર્ષનાદ કરતા જોવા મળ્યા હતા. તેમના ચહેરા પર ઝળહળતું સ્મિત આ ઉજવણીનો સાચો ભાવ વ્યક્ત કરતું હતું.

આનંદયાત્રા બાદ બાળકોને પ્રતિષ્ઠિત હોટેલમાં લઈ જઈ પ્રેમપૂર્વક ભોજન કરાવવામાં આવ્યું હતું. ભોજન વ્યવસ્થા નિર્વિઘ્ન ફાઉન્ડેશનના સહયોગથી કરવામાં આવી હતી. સ્વાદિષ્ટ વાનગીઓ સાથેનો આ પ્રસંગ બાળકો માટે અવિસ્મરણીય બની રહ્યો હતો. આ પ્રસંગે ગ્રુપના મેન્ટોર ડૉ.દેવેનભાઈ રબારીએ જણાવ્યું હતું કે સાચો પ્રેમ સંવેદનામાં વસે છે અને જરૂરિયાતમંદ બાળકોના ચહેરા પર સ્મિત લાવવું એ જ સાચી ઉજવણી છે. યંગ ઈન્ડિયા ગ્રુપ દ્વારા સતત સાતમા વર્ષે આ પરંપરા જાળવી સમાજને માનવતા અને સંસ્કારનો સંદેશ આપવામાં આવ્યો છે.

# વીસીપરામાં પીવાના પાણીની પાઈપલાઈનની કામગીરી પુર જોશમાં

## ૩૫ હજાર મીટરમાંથી ૧૦ હજાર મીટર લાઈનનું કામ પૂર્ણ

**અબતક, ઋષી મહેતા**



મોરબી મહાનગરપાલિકા દ્વારા વીસીપરા વિસ્તારમાં રૂ.૯.૩૭ કરોડના ખર્ચે નવી પાણી પાઈપલાઈન નેટવર્ક સ્થાપવાની કામગીરી હાથ ધરાઈ છે. પ્રાથમિક તબક્કામાં ૩૫,૩૧૧ મીટરમાંથી ૧૦ હજાર મીટર પાઈપલાઈન નાખવાનું કામ પૂર્ણ થયું છે, જેનાથી વીસીપરા, અમરેલી મેઈન રોડ અને વિજયનગર મેઈન રોડ વિસ્તારમાં પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ મળશે.મોરબી મહાનગરપાલિકાની વોટર વર્કસ શાખા દ્વારા વીસીપરા અને આસપાસના વિસ્તારોમાં પાણી પુરવઠાની સમસ્યા દૂર કરવા માટે વિગતવાર સર્વે કરી DPR તૈયાર કરવામાં આવ્યો હતો. સરકાર તરફથી રૂ.૯.૩૭ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી મળ્યા બાદ આ મહત્વપૂર્ણ યોજના અમલમાં મુકાઈ છે. આ યોજનાનો મુખ્ય હેતુ સમગ્ર વીસીપરા વિસ્તારમાં પૂરતા પ્રેશર સાથે અને સમાન પ્રમાણમાં શુદ્ધ પીવાનું પાણી પહોંચાડવાનો છે. હાલના જૂના DI/PVC નેટવર્કને બદલીને નવી પાઈપલાઈન નાખવામાં આવી રહી છે.

કુલ ૩૫,૩૧૧ મીટર લંબાઈ ધરાવતા નેટવર્કમાંથી ૧૦ હજાર મીટર કામ પૂર્ણ થયું છે.

# વાંકાનેર નજીક ફેક્ટરીના લેબર ક્વાર્ટરમાં શ્રમિકનો આપઘાત

**અબતક, ઋષિ મહેતા**

વાંકાનેર તાલુકાના રાતાવિરડા ગામની સીમમાં આવેલા સિરામિકના લેબર ક્વાર્ટરમાં ૧૯ વર્ષીય યુવકે આર્થિક તંગીને લઈને માનસિક તણાવમાં આવી ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી હોવાનું સામે આવ્યું છે. બનાવ અંગે વાંકાનેર તાલુકા પોલીસે અ.મોતની નોંધ કરી છે.

વાંકાનેર તાલુકાના રાતાવિરડા ગામની સીમમાં આવેલ વરમોરા સિરામિક યુનિટ-૦૩ના લેબર ક્વાર્ટરમાં રહેતા પીયુષ આનંદકુમાર અગ્નિહોત્રી ઉવ.૧૯ મૂળરહે.ટકરુપુર તા. ચક્કરનગર જી. ઈટાવા ઉત્તરપ્રદેશ વાળાએ ગઈકાલ તા.૧૬/૦૨ના રોજ પોતાના રૂમમાં ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતકના પરિવારની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે તે માનસિક તણાવમાં રહેતો હોય જે બાબતનું લાગી આવતા આ પગલું ભર્યું હોવાની વિગતો સામે આવી છે. મૃત્યુના બનાવ અંગે વાંકાનેર તાલુકા પોલીસે અ.મોતની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ઉમા આદર્શ લગ્ન યોજનામાં નિયમો સાથે સમયોચિત બદલાવ કરાયો

## આદર્શ લગ્નના લાભાર્થીઓ ખાનગી પાર્ટી પ્લોટમાં મોટા ખર્ચ કરતા હોવાની હકિકતથી નિયમો આકરા બનાવાયા

**અબતક, ઋષી મહેતા**

મોરબીઃ પાટીદાર સમાજની ઉમા સંસ્કારધામ સંચાલિત ઉમા આદર્શ લગ્ન યોજનામાં સમયોચિત બદલાવ જાહેર કરાયા છે. હવે તમામ લગ્નવિધિઓ સંસ્થાના હોલમાં જ ફરજીયાત યોજાશે અને મહેમાનોની મર્યાદા ૧૧૧થી વધારી ૧૨૫ પ્રતિ પક્ષ કરવામાં આવી છે. નવા નિયમો ૧૬ ફેબ્રુઆરીથી લાગુ પડશે.




લગ્નપ્રસંગોમાં વધતા ખર્ચ અને દેખાડાની વૃત્તિને રોકવા માટે શરૂ કરાયેલી ઉમા આદર્શ લગ્ન યોજના છેલ્લા ૧૩ મહિનામાં સમાજમાં નોંધપાત્ર પરિવર્તન લાવી શકી છે. સેંકડો પરિવારો યોજનાથી જોડાયા છે અને સાદગીભર્યા લગ્ન તરફ વલણ વધ્યું છે. પરંતુ તાજેતરમાં કેટલીક જગ્યાએ યોજનામાં લગ્ન કરીને બહાર ખાનગી પાર્ટી પ્લોટ અથવા અન્ય સ્થળે અલગ પ્રસંગો યોજી મોટા ખર્ચ થવાના બનાવો સામે આવતા સંસ્થાએ ગંભીર નોંધ લીધી હતી. યોજનાનો લાભ લઈ બહાર ભવ્ય કાર્યક્રમો યોજાતા હોવાથી દાતાઓના વિશ્વાસ અને યોજનાની ભાવના પર અસર થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી હતી.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને હવે નવો નિર્ણય લેવાયો છે. લગ્ન પૂર્વેની ચાંદલા વિધિથી લઈને મંડપ રોપણ સહિતની તમામ વિધિઓ સંસ્થાના હોલમાં જ ફરજીયાત કરાઈ છે. સાથે જ બંને પક્ષને આમંત્રિત કરી શકાતા મહેમાનોની સંખ્યા ૧૧૧માંથી વધારી ૧૨૫ પ્રતિ પક્ષ, એટલે કુલ ૨૫૦ મહેમાનો સુધી કરવાની છૂટ આપવામાં આવી છે. યોજનામાં લગ્ન કરનારોએ બાદમાં અલગથી રિસેપ્શન રાખવા પર પ્રતિબંધ રહેશે. આ ફેરફારો તા.૧૬ ફેબ્રુઆરીથી અમલમાં મુકવામાં આવ્યા છે.

જો કે, જેમણે અગાઉથી લગ્ન નોંધાવી દીધા છે તેઓ માટે જુના નિયમ યથાવત રહેશે, જ્યારે નવા નોંધાતા તમામ લગ્નો નવા નિયમોને આધીન રહેશે. પ્રમુખ બેચરભાઈ કે. હોથી, ઉપપ્રમુખ ત્રંબકભાઈ ફેફર અને ચેરમેન એ.કે. પટેલ દ્વારા જણાવાયું છે.

# જીલ્લા ભાજપની નવી ટીમ જાહેર, વિવિધ મોરચામાં વ્યાપક નિમણૂંકો

## નવા હોદેદારોને સફળ કામગીરી માટે ચોમેરથી શુભેચ્છા

**અબતક, ઋષી મહેતા**

ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માની સહમતિથી જીલ્લા પ્રમુખ જયંતિભાઈ રાજકોટિયા દ્વારા મોરબી જીલ્લા ભાજપના નવા હોદ્દેદારો અને વિવિધ મોરચાના પ્રમુખ-મહામંત્રીઓની નિમણૂક જાહેર કરવામાં આવી છે.

મોરબી જીલ્લામાં ભાજપ સંગઠનને વધુ મજબૂત બનાવવા જીલ્લા સ્તરે નવી ટીમની જાહેરાત કરવામાં આવી છે. જીલ્લા ઉપપ્રમુખ તરીકે અરવિંદભાઈ વાંસદડીયા, યોગેન્દ્રસિંહ ઝાલા, નિર્મળાબેન હડિયલ, અશોકભાઈ પ્રજાપતિ, ચેતનગીરી ગોસ્વામી, કાજલબેન ચંડીભમર, રસિકભાઈ વોરા અને મહેશભાઈ લીખિયાને જવાબદારી સોંપવામાં આવી છે. જીલ્લા મહામંત્રી તરીકે નિર્મલભાઈ જારીયા, તપનભાઈ દવે અને ચતુરભાઈ મકવાણાની પસંદગી થઈ છે. મંત્રી મંડળમાં જીતેન્દ્રભાઈ પટેલ, પીનાબેન પરીખ, દેવીકાબેન ભંખોડીયા, પ્રહલાદભાઈ દલવાડી, ગૌરીબેન કુકવા, કાનજીભાઈ ભુંભરીયા, રંજનબેન હુંબલ અને હર્ષિદાબેન અગ્રાવતને કોષાધ્યક્ષ તરીકે નેમિષભાઈ પંડિત અને કાર્યાલય મંત્રી તરીકે ભરતભાઈ કંઝારીયાની નિમણૂક કરવામાં આવી છે.સોશિયલ મીડિયા વિભાગમાં વિજયભાઈ ગજીયા, આઈ.ટી. વિભાગમાં પ્રતિકભાઈ પારેધી અને મીડિયા વિભાગમાં ભાવેશભાઈ કાનાણીની નિમણૂક કરવામાં આવી છે. તે ઉપરાંત યુવા મોરચા, મહિલા મોરચા, કિસાન મોરચા, બક્ષીપંચ (ઓબીસી) મોરચા, અનુસૂચિત જાતિ મોરચા અને લઘુમતી મોરચાના પ્રમુખ અને મહામંત્રીઓની પણ જાહેરાત કરવામાં આવી છે.

# મનપાના આશ્રયગૃહ ખાતે આરોગ્ય નિદાન કેમ્પ યોજાયો

## નિષ્ણાંત તબીબોએ ૫૧ આશ્રીતોનું કર્યું ચેકઅપ



**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા સંચાલિત મહારાણી નંદકુંવરબા આશ્રયગૃહ ખાતે આશ્રિતો માટે જનરલ આરોગ્ય નિદાન કેમ્પ યોજાયો હતો. આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ૫૧ આશ્રિતોની તબીબી તપાસ કરી જરૂરી દવાઓ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મોરબી શહેરમાં શહેરી ઘરવિહોણા લોકોને આશ્રય અને જરૂરી સુવિધાઓ પૂરું પાડવા માટે મોરબી મહાનગરપાલિકાની યુ.સી.ડી. શાખા દ્વારા પંડિત દીનદયાળ અંત્યોદય આજીવિકા મિશન યોજના અંતર્ગત મહારાણી નંદકુંવરબા આશ્રયગૃહ કાર્યરત છે. આશ્રયગૃહ ખાતે આરોગ્ય વિભાગ અને યુ.સી.ડી. શાખાના સંયુક્ત સહયોગથી જનરલ આરોગ્ય નિદાન કેમ્પ યોજાયો હતો. કેમ્પ દરમિયાન આશ્રિતોની તબીબી તપાસ કરવામાં આવી, બ્લડ પ્રેશર અને ડાયાબિટીસની ચકાસણી કરવામાં આવી તેમજ જરૂરી દવાઓ અને આરોગ્યલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મહાનગરપાલિકાના કમિશનરના માર્ગદર્શન હેઠળ દર ૧૫ દિવસે આવો આરોગ્ય ચકાસણી કેમ્પ યોજવામાં આવે છે. આ કેમ્પમાં કુલ ૫૧ જેટલા આશ્રિતોએ લાભ લીધો હતો.

# હળવદના કડીયાણા ગામે બાઈક સ્લીપ થતા યુવકનું મોત

**અબતક, ઋષિ મહેતા**

હળવદ તાલુકાના કડીયાણા ગામ નજીક રોડ પર બાઈક સ્લીપ થતાં ૨૭ વર્ષીય યુવકનું મોત થયું છે. બનાવ અંગે હળવદ પોલીસે અ.મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.મળતી માહિતી મુજબ વિપુલભાઈ હરજીભાઈ વધરકિયા ઉવ.૨૭ રહે. કડીયાણા તા. હળવદ વાળા ગત તા.૧૨/૦૨/૨૦૨૬ના રોજ પોતાના મોટરસાયકલ રજી. નં. જીજે-૩૬-એએમ-૮૨૮૦ ઉપર જઈ રહ્યા હતા. ત્યારે કડીયાણા ગામ પાસે દુધની ડેરી સામે રોડ ઉપર આવેલ વળાંક પાસે બાઈક પરનો કાબુ ગુમાવતા વાહન સ્લીપ ખાઈ ગયું હતું. અકસ્માતમાં વિપુલભાઈને માથા તથા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મોત નિપજ્યું હતું. જેથી મૃત્યુના બનાવ અંગે હળવદ પોલીસે અ.મોત રજીસ્ટર કરી આગળની તપાસ શરૂ કરી છે.

# કારે મોપેડને હડફેટે લેતા બે ઘાયલ

**અબતક, ઋષિ મહેતા**

મોરબીના લક્ષ્મીનગર જઈ રહેલા બે કુટુંબી ભાઈને અકસ્માત નડ્યો હતો. હિટ એન્ડ રનની ઘટનામાં મોપેડ સવાર બે યુવકોને ગંભીર ઈજાઓ પહોંચી હોવાનું સામે આવ્યું છે. મળતી વિગતો મુજબ, મોરબીના લક્ષ્મીનગર ગામે રહેતા મૌલિકભાઈ કાંતિભાઈ વિરપરિયા ઉવ.૨૫ અને તેમના કૌટુંબીક ભાઈ કુલદીપભાઈ વિરપરિયા મોપેડમાં મોરબી પૂજાપાની ખરીદી કરી લક્ષ્મીનગર ગામ પરત જઈ રહ્યા હતા ત્યારે, રાજકોટ-મોરબી બાયપાસ હાઈવે રોડ ઉપર રિવર હોટલ સામે રોડ ઉપર પહોંચ્યા હશે ત્યારે પાછળથી કારના ચાલકે ઍક્સેસને ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. બંનેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જી અજાણી કારચાલક સ્થળ ઉપરથી ભાગી ગયો હતો. હાલ તાલુકા પોલીસે આરોપી અજાણી કારના ચાલક સામે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# શિવરાત્રીએ કતલખાનાં બંધ રાખવાના આદેશનો ભંગ, કડક કાર્યવાહીની માંગ

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મહાશિવરાત્રી નિમિત્તે મોરબી મહાનગરપાલિકા દ્વારા કતલખાનાં તથા માંસ-મટનના વેચાણ પર પ્રતિબંધનો આદેશ આપવામાં આવ્યો હતો. છતાં શહેરના કેટલાક વિસ્તારોમાં દુકાનો ચાલુ હોવાના આક્ષેપ સાથે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા કડક કાર્યવાહીની માંગ ઉઠાવવામાં આવી છે.મહાશિવરાત્રીના પવિત્ર દિવસે શહેરમાં ધાર્મિક ભાવનાઓને ધ્યાનમાં રાખી મોરબી મહાનગરપાલિકાના કમિશનર દ્વારા ૧૫મી ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલા તમામ પ્રકારના કતલખાનાં બંધ રાખવા તેમજ માંસ, મટન, ચિકન અને માછલીના વેચાણ પર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું હતું. છતા કેટલાક વિસ્તારોમાં દુકાનો, કતલખાનાં અને લારીઓ ચાલુ હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

આ મુદ્દે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના આગેવાનો દ્વારા જણાવાયું છે કે જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર વેપારીઓ સામે તાત્કાલિક કાયદેસર પગલાં લેવાં જોઈએ. કમિશનર અને સંબંધિત પોલીસ અધિકારીઓને લેખિત રજૂઆત કરી કડકમાં કડક કાર્યવાહી તથા ગુનો નોંધવાની માંગ કરવામાં આવી છે.

# નાની વાવડી કન્યાશાળામાં નિઃશુલ્ક આરોગ્ય કેમ્પઃ ૪૭૦ બાલિકાઓનું કરાયું નિદાન



**અબતક, ઋષી મહેતા**

મોરબીના નાની વાવડી કન્યા શાળામાં ગઈકાલ તા.૧૪ ફેબ્રુઆરીના રોજ માતુશ્રી પુષ્પાબેન ભૂપતભાઈ મહેતા (૧૪/૨)ના જન્મદિવસ નિમિત્તે તેમના પરિવારના સૌજન્યથી ડો.હસ્તલેખા મહેતા (હસતીબેન)ના એક દિવસીય નિઃશુલ્ક આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પ દરમિયાન શાળાની ૪૭૦ બાલિકાઓનું આરોગ્ય નિદાન કરી જરૂરી માર્ગદર્શન સાથે ત્રણ દિવસની નિઃશુલ્ક દવા આપવામાં આવી હતી. શાળાના આચાર્ય સાગરભાઈ મહેતા તથા સ્ટાફે આયોજનમાં ઉત્તમ સહકાર આપ્યો હતો. શિસ્તબદ્ધ રીતે બાલિકાઓની વ્યવસ્થા થવાથી કેમ્પ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો. કેમ્પમાં કુ. ચંદ્રલેખાબેન મહેતા, સુદીપ વોરા અને જીગર ભટ્ટે સેવાકાર્ય આપ્યું હતું.

# નવયુગ શાળાના વિદ્યાર્થીઓ રાજયકક્ષાની બાળ પ્રતિભા શોધ સ્પર્ધામાં ઝળકયા

## માતા પિતા પૂજન દિવસે બાળકોએ ભાવભેર કરી વડીલ વંદના

**અબતક, ઋષી મહેતા**






મોરબીની અગ્રણી શૈક્ષણિક સંસ્થા નવયુગ ગ્રુપ ઓફ એજ્યુકેશન સતત શિક્ષણ, સંસ્કાર અને સર્વાંગી વિકાસના માર્ગ પર આગળ વધી સમગ્ર ગુજરાતમાં આગવી ઓળખ સ્થાપિત કરી રહી છે. સંસ્થા દ્વારા શૈક્ષણિક ક્ષેત્રે સાથે સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓને પણ સમાન પ્રાધાન્ય આપવામાં આવે છે. રાજ્ય કક્ષા બાળ પ્રતિભા શોધ સ્પર્ધામાં જીલ્લાની યુવા વિકાસ કચેરી દ્વારા આયોજિત કાર્યક્રમમાં નવયુગના વિદ્યાર્થીઓએ ગૌરવભર્યું પ્રદર્શન કર્યું હતું. એક પાત્રિય અભિનય સ્પર્ધામાં શેરસિયા રૂહી કૌશિકભાઈએ સમગ્ર ગુજરાતમાં ત્રીજો ક્રમાંક પ્રાપ્ત કરી સંસ્થાનું નામ રોશન કર્યું, જ્યારે અગોલા નક્ષ ચંદ્રકાંતભાઈએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી નવયુગ પરિવારને રાજ્યસ્તરે ગૌરવ અપાવ્યું હતું. વિદ્યાર્થીઓની આ સિદ્ધિથી સંસ્થામાં આનંદનો માહોલ સર્જાયો હતો.

સંસ્થામાં માતા-પિતા પૂજન દિવસ નિમિત્તે ભાવસભર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નવયુગ સંકુલ ખાતે પ્રખ્યાત લોકસાહિત્યકાર રાજુભાઈ આહીર હાજર રહી માતા-પિતાના આશીર્વાદ અને જીવનમાં તેમના મહત્વ અંગે વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી સંદેશ આપ્યો હતો. વિદ્યાર્થીઓએ માતા-પિતાના ચરણોમાં વંદન કરી ભારતીય સંસ્કૃતિની ઉજ્જવળ પરંપરાને જીવંત રાખી અનોખી સંસ્કારમય ઉજવણી કરી હતી. આ સાથે નવયુગ બી.એસસી. કોલેજમાં ફૂડ ફેસ્ટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓએ વિવિધ વાનગીઓ તૈયાર કરી પોતાની સર્જનાત્મકતા અને સંચાલન કુશળતા પ્રદર્શિત કરી હતી. સાથે સાથે વ્યસન મુક્તિ કાર્યક્રમ દ્વારા યુવાનોને નશામુકત અને સકારાત્મક જીવન જીવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. પ્રેપ વિભાગના નાનકડા વિદ્યાર્થીઓ દ્વારા ૧૦૮ શિવલિંગ પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. મંદિર દર્શન સાથે ભકિત અને આધ્યાત્મિકતાનો સંદેશ આપતા કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં ધાર્મિક અને સાંસ્કૃતિક મૂલ્યોનું સંવર્ધન કરવામાં આવ્યું હતું.

સંસ્થાના પ્રમુખ પી.ડી. કાંજીયા, મેનેજિંગ ટ્રસ્ટી બલદેવભાઈ સરસવાડિયા તેમજ વિભાગીય વડાઓએ વિજેતા વિદ્યાર્થીઓ અને શિક્ષકમિત્રોને હાર્દિક અભિનંદન પાઠવી સંસ્થાની ભવિષ્યમાં પણ નવી સિદ્ધિઓ સર કરવાની શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

# રાજકોટ: ભકિતનગર રેલવે સ્ટેશન નજીક ખુલ્લા પ્લોટમાંથી મૃત નવજાત બાળક મળ્યું

## મોંઢામાં લઈને ફરતા શ્વાન પાસેથી બાળકને મુક્ત કરાવી સ્થાનિકોએ પોલિસ-એમ્બયુલન્સને જાણ કરી

### અધુરા માસે જન્મેલા બાળક મામલે રેલવે પોલિસે પીએમ-ડીએનએ રિપોર્ટના આધારે તપાસ આદરી, સીસીટીવી ફૂટેજની પણ ચકાસણી

**અબતક, રાજકોટ**

ભકિતનગર રેલવે સ્ટેશન નજીક ખુલ્લા પ્લોટમાંથી ગત રાત્રીના સમયે શ્વાનના મોઢામાં બાળક દેખાતા જાગૃત નાગરિકે તાત્કાલિક શ્વાનને દૂર કરી પોલિસને જાણ કરી હતી. જેથી તુરંત જ રેલવે પોલીસનો સ્ટાફ અહીં પહોંચી ગયો હતો. પોલિસે નવજાતને પીએમ માટે મોકલી તપાસ હાથ ધરી છે. અધુરામાસે જન્મેલા બાળકને ત્યજી દેનારી નિષ્ઠૂર જનેતાની ઓળખ મેળવવા સીસીટીવી ફૂટેજની ચકાસણી અને ડીએનએ રિપોર્ટનો આશરો લીધો છે.

પ્રાપ્ત વિગત અનુસાર ગઈકાલે રાત્રીના ભકિતગનર રેલવે સ્ટેશન પાસે આવેલા ખુલ્લા પ્લોટમાં મૃત હાલતમાં નવજાત મળી આવ્યું હતું. જે અંગેની જાણ થતા રાજકોટ રેલવે પોલીસ સ્ટેશનના પીઆઈ એચ.એમ.રાણા, પીએસઆઈ બી.જે.જાડેજા સહિતનો સ્ટાફ તાકીદે અહીં દોડી ગયો હતો. પોલીસે મૃત નવજાતને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડી જરૂરી કાર્યવાહી કરી હતી.

પોલીસે જણાવ્યું હતું કે, રાત્રીના અહીં ખાલી પ્લોટ પાસેથી પસાર થઈ રહેલા એક રાહદારીને શ્વાનને મોઢામાં કંઈક શંકાસ્પદ જણાતા તેણે તુરંત શ્વાનને દૂર કરી જોતા આ નવજાત બાળક હોવાનું જણાયું હતું. જેથી તેમણે તુરંત જ પોલીસને જાણ કરી હતી. મૃત હાલતમાં મળી આવેલું નવજાત પાંચ માસનું હોવાનું જણાઈ રહ્યું છે. બાળકને અધુરા માસે જન્મ આપ્યા બાદ તેનો અહીં નીકાલ કરવામાં આવ્યો હોવાની શંકા સેવાઈ રહી છે. તેમ છતા નવજાતનો નિકાલ કોણે અને ક્યાં કારણસર કર્યો તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે. હાલ પોલીસ દ્વારા આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત મૃત નવજાતના ડીએનએ સેમ્પલ લેવામાં આવશે તેના આધારે વૈજ્ઞાનિકઢબે પણ તપાસ ચલાવામાં આવશે તેવું પોલીસે જણાવ્યું હતું.

# જૂનાગઢ જેલમાં પ્રતિબંધીત વસ્તુ ઘુસાડવાના રેકેટનો પર્દાફાશ

## પોલીસને જોઈ અજાણ્યો શખ્સ એકિટવા મૂકી નાશી છૂટ્યો: સીસીટીવી ફૂટેજ અને વાહનના નંબરનાં આધારે તપાસનો ધમધમાટ

**અબતક**
**દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢની જિલ્લા જેલમાં દીવાલ કુદાવી તમાકુ વાળા મસાલા, સિગરેટ, સીરપ ઘુસાડવાનો પ્રયાસ કરવામાં આવતા એક અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધાયો છે. અને એકટીવા મૂકીને ફરાર થઈ જનાર આરોપીના મોપેડના નંબરના આધારે પોલીસે આરોપી શખ્સની શોધખોળ જારી કરી છે.

પોલીસ માંથી પ્રાપ્ત વિગતો અનુસાર,.સોમવારે બપોરે સવા બે વાગ્યાના અરસામાં જીજે ૧૧ સીએસ ૫૩૨૨ નંબરનું એક એકટીવા લઈને અજાણયો શખ્સ જેલની પાછળના ભાગમાં ગયો હતો. અને જેલની દિવાલ કુદાવીને જેલમાં બે પોટલા ફેંક્યા હતા. જે દરમિયાન ફરજ પરના જેલ કર્મીઓને આ કરતુંતો ધ્યાને આવતા યુવકને પકડવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ આ શખ્સ એકટીવા મૂકી ફરાર થઈ ગયો હતો. દરમિયાન જેલ કર્મીઓ દ્વારા જેલની અંદર તપાસ કરતા બે પોટલા મળી આવ્યા હતા, તેમાંથી તમાકુ વાળા ૭ મસાલા, સિગરેટના ૪ પેકેટ અને એકસો ટી કફ સીરપની ૧ બોટલ મળી આવતા જેલ કર્મી દ્વારા અજાણ્યા શખ્સ સામે એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવામાં આવી છે. અને પોલીસે મોપેડના નંબરના આધારે અને જેલ આસપાસના સીસીટીવી કેમેરાના માધ્યમથી આરોપી સુધી પહોંચવા તપાસ આદરી છે.

# અંજારના વરસામેડી ગામે જુગાર રમતા પાંચની ધરપકડ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

અંજાર પોલીસે વરસામેડી ગામની ચૌધરી કોલોની ખાતે જાહેરમાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે રેડ કરી જુગાર રમતા પાંચ આરોપીઓ રાજેશ બલવીર સિંગ,વિરેન્દ્ર રાધેશ્યામ ગૌતમ,અકરમઅલી અબ્દુલ રસીદઅલી,રવિકાન્ત હિરાલાલ ચોરસીયા અને ઉપેન્દ્ર રામદયાલ શાહને ઝડપી પાડ્યા છે.પોલીસે આરોપીઓ પાસેથી રૂ. ૧૨,૪૦૦ રોકડ અને ૫૨ ગંજીપાનાં કબ્જે કર્યા છે.



# સજા વોરંટમાં ફરાર કોટડાસાંગાણી-ગોંડલના શખ્સો ઝડપાયા

## બગદડિયાનો દેવાયત ડાંગર એક વર્ષથી અને ગોંડલનો પિન્ટુ છાપરા ૨૦ દી'થી ફરાર હતો

**અબતક, રાજકોટ**

કોટડા સાંગાણી અને ગોંડલ સિટી પોલીસ મથકના સ્ટાફે સજાના વોરંટમાં નાસતા ફરતા બે આરોપીઓને ઝડપી લીધા છે. જેમાં એક આરોપી સજાના વોરંટ બાદ એક વર્ષથી નાસતો ફરતો હતો જયારે અન્ય આરોપી છેલ્લા ૨૦ દિવસથી ફરાર હતો.

રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ અને રાજકોટ જિલ્લા પોલીસવડા વિજયસિંહ ગુર્જર અને ગોંડલ ડીવાયએસપી કે.જી.ઝાલા દ્વારા અલગ અલગ ગુનામાં નાસતા ફરતા આરોપીઓ અને સજા વોરંટ,પરોલ ફર્લોમાં ફરાર આરોપીઓને ઝડપી લેવા માટે સૂચના આપવામાં આવી હોય જેને લઈ કોટડા સાંગાણી પોલીસ મથકના પીઆઈ આર.એમ. રાઠોડની રાહબરી હેઠળ સ્ટાફ પ્રયત્નશીલ હતો.દરમિયાન મળેલી બાતમીના આધારે રાજકોટ સેશન્સ કોર્ટના સજાના વોરંટમાં એક વર્ષથી નાસતા ફરતા આરોપી દેવાયત નસરંગભાઈ ડાંગર(ઉ.વ. ૫૩ રહે. બગદડીયા તા. કોટડા સાંગાણી) ને તેના ગામેથી ઝડપી લઈ સજાના વોરંટની અમલવારી કર હતી. આ કામગીરીમાં કોટાડા સાંગાણી પોલીસ મથકના પીઆઈ આર.એમ.રાઠોડ, હેડ કોન્સ. પ્રવિણભાઈ મકવાણા, કોન્સ. અશ્વિનભાઈ રાજપરા, વલ્લભભાઈ મેર સાથે રહ્યા હતાં.

જયારે ગોંડલ સિટી પોલીસ મથકના પીઆઈ એલ.આર. ગોહિલની રાહબરી હેઠળ ટીમ પેટ્રોલીંગમાં હતી દરમિયાન મળેલી બાતમીના આધારે અમરેલી ફેમિલિ કોર્ટના ભરણપોષણના કેસમાં ૧૫ દિવસની સજાના વોરંટમાં છેલ્લા ૨૦ દિવસથી નાસતા ફરતા આરોપી પીન્ટુ ઉર્ફે રામકુમાર જગદીશભાઈ છાપરા( રહે. ગોંડલ કોટડા સાંગાણી રોડ, રઘુવીરનગર) ને ગોંડલ માર્કેટિંગ યાર્ડ પાસેથી ઝડપી લઈ વોરંટની બજવણી કરી આરોપીને રાજકોટ જિલ્લા જેલહવાલે કરી દીધો હતો. આ કામગીરીમાં ગોંડલ સિટી પોલીસ મથકના પીઆઈ એલ.આર. ગોહિલની રાહબરીમાં હેડ કોન્સ. યુવરાજસિંહ ગોહિલ, કોન્સ. હરેશભાઈ લુણી, રાજેશભાઈ બાંભવા સાથે રહ્યા હતાં.



# અમરેલી જિલ્લામાં તરખાટ મચાવનાર આંતર રાજય તસ્કર ગેંગને ઝેર કરતી એલ.સી.બી.

## ૧૮ મંદિર ચોરીનો ભેદ ઉકેલી છ સાગ્રીતની ધરપકડ કરી: રૂ.૨.૨૫ લાખનો મુદામાલ કબ્જે કર્યો

**અબતક,પ્રદીપ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લાનાં મંદિરોને નિશા બનાવી ચોરી કરતીઆંતર રાજય તસ્કર ગેંગને એલસીબીએ ઉઠાવી લઈ છ સાગ્રીતોની ધરપકડ કરી ૧૮ મંદિર ચોરીનો ભેદ ઉકેલી રૂ.૨.૨૫ લાખનો મુદામાલ કબ્જે કર્યો છે. પોલીસે અન્ય સાગ્રીતોની શોધખોળ હાથ ધરી છે.

અમરેલી પોલીસ અધીક્ષક સંજય ખરાતની સૂચના અને માર્ગદર્શન હેઠળ, વણશોધાયેલા ગુનાઓ ઉકેલવા આપેલી સુચનાને પગલે

એલ.સી.બી. પોલીસ ઈન્સપેકટર એ.ડી. ચાવડાની રાહબરી હેઠળની ટીમે બાતમી અને ટેકનિકલ સોર્સના આધારે મંદિરોમાં ચોરી કરતી ગેંગને ઝડપી પાડી છે. જેમાં તપાસ દરમિયાન એલ.સી.બી. ટીમે શંકાસ્પદ ૬ ઈસમોને પકડી પાડી સઘન પૂછપરછ કરતા, તેઓએ અમરેલી જિલ્લા તથા આજુબાજુના વિસ્તારોમાં આવેલ ૧૮ મંદિરોમાં ઘરફોડ ચોરી કરી હોવાની કબૂલાત આપી છે. આરોપી કમલેશભાઈ ઉર્ફે કમીશ ચંદ્રસીંગ બામણીયા ઉ.વ. ૨૨, રહે. અલીરાજપુર, ખડ, ગોપાલ ઉર્ફે ગુડીયો સરદાસભાઈ બામણીયા ઉ.વ. ૨૧, રહે. અલીરાજપુર, નરપતસિંહ સુભાન ઉર્ફે સોબાનભાઈ ગાવડ ઉ.વ. ૩૨, રહે. અલીરાજપુર, બાયસીંગ પાટુભાઈ અજનાર ઉ.વ. ૨૮, રહે. અલીરાજપુર, સીરદાર ઉર્ફે સરદાર કેલસીંગ મહેડા ઉ.વ. ૩૦, રહે. અલીરાજપુર, અને સુરેશભાઈ કાળીયાભાઈ ઉર્ફે કાલુભાઈ બામણીયા ઉ.વ. ૨૦, રહે. અલીરાજપુર, એમપીને કુલ ₹ ૨,૨૫,૬૯૫ ના મુદામાલ સાથે ઝડપી પાડી અમરેલી પોલીસ દ્વારા આ તમામ આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને આ ટોળકી અન્ય કયા ગુનાઓમાં સંડોવાયેલી છે તે દિશામાં તપાસ ચાલુ છે.



# કોટડા સાંગાણીના અનિડા વાછરા ગામે આધેડનો આપઘાતનો પ્રયાસ

## માનસિક બીમારીથી કંટાળી શ્રમિકે ઘરે લાકડાની આડીમાં સાડી વડે ગળાફાંસો ખાધો

**અબતક, રાજકોટ**

કોટડા સાંગાણી તાલુકાના અનિડા વાછરા ગામમાં રહેતા એક આધેડે ગઈકાલે બપોરના સમયે પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ લેતા ચકચાર મચી ગઈ છે. બનાવની જાણ થતા જ પરિવારજનો દ્વારા તેમને તાત્કાલિક ગંભીર હાલતમાં રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.પ્રાપ્ત વિગતો મુજબ, અનિડા વાછરા ગામમાં રહેતા અને કડિયાકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા નટુભાઈ કાનજીભાઈ દાફડા (ઉ.વ. ૪૨) ગઈકાલે બપોરે આશરે ૧:૦૦ વાગ્યાની આસપાસ પોતાના ઘરે હતા. આ દરમિયાન તેમણે ઘરની છતના લાકડાની આડી સાથે સાડી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. પરિવારના સભ્યોને આ અંગે જાણ થતા જ તેમને નીચે ઉતારી સારવાર અર્થે હોસ્પિટલ ખસેડ્યા હતા.પ્રાથમિક તપાસમાં બહાર આવેલી વિગતો અનુસાર, નટુભાઈ છેલ્લા કેટલાક સમયથી માનસિક બીમારીથી પીડાતા હતા, જેના કારણે કંટાળીને તેમણે આ આત્મઘાતી પગલું ભર્યું હોવાનું અનુમાન છે. ઉલ્લેખનીય છે કે નટુભાઈ ત્રણ ભાઈઓમાં મોટા છે અને તેમને સંતાનમાં એક દીકરો તથા એક દીકરી છે. આ બનાવને પગલે નાના એવા ગામમાં અરેરાટી વ્યાપી ગઈ છે અને પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગોંડલ નજીક ડોડીયાળા ગામના યુવાને પડતું મુકી જીવન ટુંકાવ્યું

## પિતરાઈ બહેનના લગ્ન બાદ એકના એક પુત્રે ભરેલા પગલાથી પરિવારમાં અરેરાટી

**અબતક**
**જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલમાં રવિવાર સાંજના સુરેશ્વર ફાટક નજીક પારડીનાં યુવાને ટ્રેન હેઠળ પડતું મુકી આપઘાત કર્યો હતો. મૃતક પરિવારમાં એકનો એક પુત્ર હોય બનાવને લઈને પરિવાર શોકમગ્ન બન્યો હતો.

પ્રાપ્ત વિગત મુજબ મુળ જશદણનાં ડોડીયાળાનાં અને હાલ શાપર પાસેનાં પારડી રહેતા પ્રદિપ રમેશભાઈ પરમાર ઉ.૨૧ કોઈ અગમ્ય કારણોસર ગોંડલ રેલ્વે સ્ટેશનથી સુરેશ્વર ફાટક વચ્ચે પસાર થઈ રહેલી રાજકોટ વેરાવળ ટ્રેન હેઠળ ઝંપલાવતા તેનું મોત નિપજ્યું હતું. બનાવની જાણ રેલ્વે પોલીસને થતા ઘટના સ્થળે દોડી જઈ મૃતદેહને પીએમ માટે ગોંડલ સરકારી હોસ્પિટલ ખસેડ્યો હતો. પ્રદિપ બે બહેનો વચ્ચે એકનો એક ભાઈ હતો. પિતા પુત્ર બન્ને ગોંડલ નજીક આવેલી શક્તિમાન ફેકટરીમાં કામ કરતા હતાં. ડોડીયાળા તેના કાકાની દિકરીનાં લગ્ન હોય પ્રદિપ પરિવાર સાથે ડોડીયાળા ગયો હતો.પ્રસંગ પુરો થતા તેના પિતરાઈ ભાઈ સાથે ગોંડલ આવ્યો હતો.પ્રદિપે એ વેળા તેનાં પિતરાઈ ને અક્ષર મંદિર પાસે ઉભો રાખી ' તું અહી ઉભો રહેજે હું હમણાં આવું છુ.તેવું કહી ત્યાંથી નિકળ્યાં બાદ ટ્રેન હેઠળ ઝંપલાવી મોત મીઠું કર્યુ હતું. તેનાં પરિવારનાં જણાવ્યાં મુજબ પ્રદિપે આપઘાત કરતા પહેલા તેનાં બનેવીને ફોન કર્યો હતો. જીવનમાં મજા આવતી નથી. એ પ્રમાણે વાતો કરી હોય તેનાં બનેવીએ આશ્વાશન આપી શું તકલીફ છે તેવું પુછ્યુ હતું. પરંતુ પ્રદિપે વધારે કોઈ વાત કરી હતી નહી. પરિવારનાં આધારસ્તંભ અને એકના એક પુત્રની અણધારી વિદાયથી પરિવાર ઉપર જાણે આભ ફાટ્યું હોય તેવી પરિસ્થિતિ વચ્ચે હૈયાફાટ રૂદનનો માહોલ સર્જાયો હતો.



# વડીયા નજીક નકલી દુધના નેટવર્કનો પર્દાફાશ કરવા ગયેલા આપના યુવા નેતા પર હુમલો

## માર્ગમાં ટેન્કરને અટકાવતા ટોળાએ યુવરાજસિંહને ઘેરી લઈ મારમાર્યો: વિસાવદર પંથકમાં દુધના બે ટેન્કર સહકારી ડેરીમાં લઈ જવાતા હોવાનો આક્ષેપ !

**અબતક**
**પ્રદીપ ઠાકર, અમરેલી**

ગુજરાતમાં નકલી દૂધના નેટવર્કનો પર્દાફાશ કરતા આમ આદમી પાર્ટીના નેતા યુવરાજસિંહ જાડેજા પર હુમલો થયો હોવાની ઘટના સામે આવી છે. વડિયાના હનુમાન ખીજડીયા ગામ પાસેથી શંકાસ્પદ નકલી દૂધ ભરેલું ટેન્કર ઝડપી પાડતા ઉશ્કેરાયેલા અજાણ્યા શખ્સોએ નેતા અને તેમની ટીમ પર હુમલો કર્યો હતો. ટેન્કરમાં રહેલા દૂધમાં યુરિયા, પામ તેલ અને શેમ્પૂ જેવી જોખમી વસ્તુઓ ભેળવવામાં આવી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. આ ટેન્કર ઝડપી પાડવા યુવરાજસિંહ જાડેજા છેલ્લા ત્રણ મહિનાથી આ રેકેટનો પીછો કરી રહ્યા હતા.



પરબવાવડીથી હનુમાન ખીજડીયા તરફ જતાં આ ટેન્કરને અટકાવવામાં આવ્યું ત્યારે અચાનક ૧૦ થી ૧૫ લોકોના ટોળાએ તેમની ગાડીને ઘેરી લીધી હતી. અને હુમલાખોરોએ અભદ્ર ભાષાનો પ્રયોગ કરી, પથ્થરમારો કર્યો અને સ્ટીલના રોડ વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં નેતાની ગાડીને નુકસાન પહોંચ્યું છે અને તેમની સાથેના લોકોને પણ માર મારવામાં આવ્યો છે. યુવરાજસિંહે કરેલા દાવા મુજબ, વિસાવદર નજીકથી દરરોજ આવા બે ટેન્કરો ગાંધીનગર અને અરવલ્લી વિસ્તાર તરફ જાય છે. આશ્ચર્યની વાત એ છે કે સહકારી ડેરીઓમાં બહારના વિસ્તારનું દૂધ સ્વીકારવાની મનાઈ હોવા છતાં, આ દૂધ ત્યાં કેવી રીતે પહોંચાડવામાં આવતું હતું? અને કોના કહેવાથી આ દૂધ ત્યાં સ્વીકારવામાં આવતું હતું તે સૌથી મોટો સવાલ ઉભો થયો છે.

યુવરાજસિંહે જણાવ્યા પ્રમાણે તેમની પાસે આ અંગેના જીપીએસ ટ્રેકિંગ સહિતના પુરાવાઓ પણ હોવાનો દાવો કરાયો છે. આ દૂધ લોકોના સ્વાસ્થ્ય સાથે ગંભીર ચેડાં છે. આ ટેન્કરને તાત્કાલિક સીલ કરી નિષ્પક્ષ તપાસ કરવામાં આવે અને દોષિતો સામે કડક કાર્યવાહી થાય તેવી યુવરાજસિંહ જાડેજાએ માગ કરી છે. હાલમાં ટેન્કર નંબર: GJ-33-T-6001 ને પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવ્યું છે. નેતાએ રાજયના ગૃહ રાજયમંત્રી અને સંબંધિત વિભાગોને આ મામલે ઊંડી તપાસ કરવા રજૂઆત કરી છે.

### ટેન્કરને સીલ કરી પરિક્ષણ કરી કડક કાર્યવાહી કરવા ગૃહમંત્રીને રજૂઆત કરવામાં આવી

# કારખાનેદાર પાસેથી લીધેલી ઉપાડની રકમ ચૂકવવા આપેલો ચેક રિટર્ન થતા કામદારને ૧ વર્ષની જેલ

**અબતક, રાજકોટ**

શહેરમાં આવેલા સી.એન.સી ફેબ્રિકેશનના કારખાનામાં ઉપાડ કરેલ રકમ ચૂકવવા આપેલ રૂપિયા ૭.૫૦ લાખનો ચેક રિટર્ન થવાના કેસમાં અદાલતે આરોપી પ્રવીણ પિત્રોડાને ૧ વર્ષની સાદી કેદની સજા અને ચેક મુજબની રકમ ફરિયાદીને ન ચૂકવે તો વધુ ૬ માસની સાદી કેદની સજાનો આખરી હુકમ ફરમાવ્યો છે.

આ કેસની હકીકત મુજબ, શહેરના રામેશ્વર સોસાયટી શેરી નં. ૨માં રહેતા મૃણાલ ગિરીશભાઈ ભટ્ટના સી.એન.સી ફેબ્રિકેશનના કારખાનામાં વર્ષોથી કામ કરતા અને અટીકા વિસ્તારમાં રહેતા પ્રવીણભાઈ કાનજીભાઈ પિત્રોડાએ કંપનીમાંથી ઉપાડ કરેલો હતો. આ રકમ ચૂકવવા આપેલો રૂ. ૭.૫૦ લાખનો ચેક રિટર્ન થતાં

મૃણાલ ભટ્ટે તેમના વકીલ મારફત આરોપીને લીગલ નોટિસ ફટકારીયા બાદ કાયદાની જોગવાઈ મુજબ કોર્ટમાં નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એક્ટની કલમ-૧૩૮ અંતર્ગત કેસ દાખલ કર્યો હતો. આ કેસ ચાલવા ઉપર આવતા બંને પક્ષોની રજૂઆત બાદ ફરિયાદ પક્ષના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ દસ્તાવેજી પુરાવા તેમજ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદાઓને ધ્યાને લઈ કોર્ટ દ્વારા આરોપીને ૧ વર્ષની સાદી કેદની સજા તથા ચેક મુજબની રકમ ૧ મહિના ફરિયાદીને ચૂકવી આપવી અન્યથા વધુ ૬ માસની સાદી કેદની સજા કરવાનો આખરી હુકમ કરવામાં આવ્યો છે.

# રાજકોટમાં કોન્ટ્રાકટરના માનસિક ત્રાસથી કંટાળી સિટી બસ ચાલકે ઝેરી દવા ગટગટાવી

## "પત્નીની કેન્ટીન બંધ કરાવી અને મને નોકરીમાંથી કાઢ્યો, તેમ કહીં સિટી બસ ડ્રાઈવરે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત રાજપથ લિમિટેડની સિટી બસ સેવાના એક ડ્રાઈવરે સુપરવાઈઝરના અસહ્ય માનસિક ત્રાસથી કંટાળીને ઝેરી દવા ગટગટાવી જીવન ટૂંકાવવાનો પ્રયાસ કરતા ચકચાર મચી ગઈ છે. રેલનગરની મહર્ષિ અરવિંદ ટાઉનશિપમાં રહેતા ૩૪ વર્ષીય સાદિક સુલતાન મુરમાએ સોમવારે સાંજે આ અંતિમ પગલું ભર્યું હતું. ગંભીર હાલતમાં રહેલા સાદિકને તેના બે માસૂમ પુત્રોએ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો,પ્રાપ્ત વિગતો મુજબ, સાદિક છેલ્લા ત્રણ વર્ષથી સિટી બસમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતો હતો. તેણે આરોપ લગાવ્યો છે કે, બસ કોન્ટ્રાક્ટર વિક્રમ ડાંગર તેને છેલ્લા ૬ મહિનાથી માનસિક રીતે હેરાન કરી રહ્યો હતો. કોઈપણ કારણ વગર તેને નોકરીમાંથી છૂટો કરી દેવામાં આવ્યો અને નિયમ મુજબ મળવાપાત્ર બોનસની રકમ પણ ચૂકવવામાં આવી નહોતી. આ આર્થિક અને માનસિક દબાણ હેઠળ સાદિકે આ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. પ્રદ્યુમન નગર પોલીસે આ મામલે સાદિકનું નિવેદન લેવા તજવીજ હાથ ધરી છે. વિક્રમ ડાંગર અગાઉ પણ વિવાદોમાં રહી ચૂક્યા છે. ૧૬ એપ્રિલ ૨૦૨૫ ના રોજ ઈન્દિરા સર્કલ પાસે સિટી બસ દ્વારા થયેલા ભયાનક અકસ્માતમાં ૩ લોકોના મોત નિપજ્યા હતા, ત્યારે પણ એવા આક્ષેપો થયા હતા કે વિક્રમ ડાંગર શાસક પક્ષ ભાજપના કાર્યકર હોવાથી તેમને રાજકીય રક્ષણ મળી રહ્યું છે. આ ઘટનાએ ફરી એકવાર રાજકોટમાં કોન્ટ્રાક્ટરોની જોહુકમી સામે રોષ જગાડ્યો છે. અહેવાલ મુજબ, સાદિકની પત્ની શબાનાબેન આજીડેમ પાસેના સિટી બસ ડેપો ખાતે કેન્ટીન ચલાવતા હતા, જે પરિવારનો મુખ્ય આર્થિક આધાર હતો. આક્ષેપ છે કે વિક્રમ ડાંગરે માત્ર સાદિકને નોકરીમાંથી જ નથી કાઢ્યો, પરંતુ તેની પત્નીની કેન્ટીન પણ બંધ કરાવી દીધી હતી, જેના કારણે પરિવાર આર્થિક રીતે પાયમાલ થઈ ગયો હતો.

### ડ્રાઈવરના હિતો માટે અવાજ ઉઠાવ્યો એટલે મને ટાર્ગેટ કર્યો: સાદિક

સાદિકે વીડિયોમાં જણાવ્યું કે, તે ડ્રાઈવરોના પડતર પ્રશ્નો અને બસોની ખરાબ હાલત અંગે અવારનવાર રજૂઆતો કરતો હતો. બસમાં હેન્ડ બ્રેક મારવા છતાં બસ ચાલતી હોવાના વીડિયો વાઈરલ થવા બાબતે પણ તેના પર શંકા રાખી હેરાન કરવામાં આવતો હતો. ઈન્દિરા સર્કલ અકસ્માત બાદ ડ્રાઈવરોની સેફ્ટી માટે અવાજ ઉઠાવવા બદલ તેને ટાર્ગેટ કરવામાં આવ્યો હોવાનો તેણે આક્ષેપ કર્યો છે.

# પારડીમાં ઘરકંકાસથી કંટાળી પરણિતાનો આપઘાતનો પ્રયાસ

**અબતક, રાજકોટ**

લોધીકા તાલુકાના પારડી ગામમાં ઘરકંકાસના કારણે ૨૩ વર્ષીય પરિણીતાએ ઝેરી દવા પી જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હોવાની ઘટના સામે આવી છે. પતિ સાથેના સતત ઝઘડાથી કંટાળીને મહિલાએ આ આત્મઘાતી પગલું ભર્યું હતું. જેને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર, પાલડી ગામમાં રહેતા માનસીબેન મિતુલભાઈ રાઠોડ (ઉં. ૨૩) ના લગ્ન પાંચ વર્ષ પૂર્વે મિતુલભાઈ સાથે થયા હતા. તેઓને સંતાનમાં એક દીકરી છે. મિતુલભાઈ સીએનસી મશીન ઓપરેટર તરીકે નોકરી કરે છે અને આ દંપતી પોતાના સાસુ-સસરાથી અલગ રહે છે. છેલ્લા કેટલાક સમયથી માનસીબેનનો તેમના પતિ સાથે અવારનવાર નાની-મોટી બાબતોમાં ઝઘડો થતો હતો. ગઈકાલે પણ પતિ-પત્ની વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ સતત થતા ઘરકંકાસથી કંટાળીને માનસીબેને અંતે આત્યંતિક પગલું ભર્યું હતું અને ઘરમાં રહેલી બીમારીની વધુ પડતી ટીકડીઓ ગળી લીધી હતી. માનસીબેનની તબિયત લથડતા પરિવાર દ્વારા તેમને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, ઘરેલુ કલેશના કારણે જ તેમણે આ પગલું ભર્યું હતું. હાલ આ મામલે વધુ તપાસ ચાલુ છે.

## શિક્ષક કભી સાધારણ નહીં હોતે....

# બાબરા ના કોટડા પીઠા પે સેન્ટરના આચાર્યએ અઢી વર્ષમાં જ સામાન્ય ગણાતી શાળાને આદર્શ બનાવી દીધી

## આચાર્ય અજય હુદડે ચાર્જ સંભાળતાના દિવસથી શરૂ કરેલી શાળા કાયાકલ્પની મહેનત રંગ લાવી

**અબતક અપુજોશી બાબરા**

શિક્ષક કભી સાધારણ નહીં હોતી... બાબરાના કોટડા પીઠા પ્રાથમિક શાળા માં એક આચાર્યની મહેનત રંગ લાવી હોય તેમ અઢી વર્ષથી સતત મહેનત કરી આચાર્ય એ શાળાને શ્રેષ્ઠ શાળા બનાવવામાં સફળતા મેળવી છે.



બાબરા તાલુકા ના કોટડાપીઠા પે. સેન્ટર માં આચાર્ય તરીકે ફરજ બજાવતા આચાર્ય અજય હુદડનું વતન પાણીયા (ક્લુ બાઈ) ના રહેવાથી છે અને હોય અને જસદણમાં રહી કોટડા પીઠા માં આચાર્ય તરીકે ફરજ બજાવી રહ્યા છે અહીં તેમને અઢી વર્ષ જેવો સમયગાળો થયો છે. અને તેમણે અઢી વર્ષ પહેલા ચાર્જ સંભાળતા ની સાથે જ શાળાની કાયાકલ્પ નો સંકલ્પ લીધો હોય તેમ શિક્ષણ સુધારા માટે કવાયત હાથ ધરી હતી તેમની મહેનત પડી હોય તેમ આજે

અહીં વર્ષ જેવા સમયગાળા માં શાળા ખૂબ સરસ રીતે વિકાસ પામી રહી છે, આજે શાળા માં જઈએ તો રોકાવું ગમે તેવી સરસ મજાની શાળા બનાવી છે. રાત દિવસ જોયા વગર તન મન ધન શાળા ને અર્પણ કરીને આચાર્ય એ વ્યક્તિની ઈચ્છા શકિત નો ઉત્તમ પરિણામદાય નમૂનો ઊભો કર્યો છે. આચાર્ય તરીકે શિક્ષણની ગુણવત્તાની સાથે સાથે શિક્ષકોના પ્રશ્નો માટે પણ તે હંમેશા સજાગ રહે છે બાળકો અને શિક્ષકોમાં શિસ્તના કારણે તે લોકપ્રિય બન્યા છે તેમના ધર્મ પત્ની કોટડાપીઠા શાળામાં જ શિક્ષક તરીકે ફરજ બજાવે છે અજયભાઈ સાથે ખંભે ખંભા મિલાવીને શાળાના વિકાસમાં યોગદાન આપે છે તેમના પત્ની પણ શિક્ષિત અને શિક્ષણ સાથે સંકળાયેલા પરિવાર સાથે નાતો ધરાવે છે દંપતિ એ શિક્ષણ સુધારવા માટે લીધેલી ભેખ ના પરિણામ દેખાઈ રહ્યા છે શાળાનું પરિણામ તો સુધરેજ છે બાળકો પણ આદર્શ નાગરિકો બનવા તરફ આગળ વધી રહ્યા છે , શિક્ષક દંપતિ રાજેશ્રી બા અને અજયભાઈ હુદળ આદર્શ શિક્ષક દંપતિ ની મિશાલ બન્યા છે

# રાજય કર્મચારી મહામંડળ રાજકોટ જિલ્લા પ્રમુખ ક્રિપાલસિંહ જાડેજાનો જન્મદિવસ



રાજકોટ બહુમાળી ભવન સ્થિત પેન્શન ચૂકવણા કચેરી ખાતે સબ એકાઉન્ટ તરીકે ફરજ બજાવતા ક્રિપાલસિંહ જાડેજા નો આજે જન્મદિવસ છે. કોટડા સાંગાણી તાલુકાના માણેકવાડા ગામના વતની અને રાજકોટ શહેર પોલીસના નિવૃત્ત એએસઆઈ લખધીરસિંહ વનુભા જાડેજાના પુત્ર ક્રિપાલસિંહ જાડેજા જીવનના ૩૭ વર્ષ પૂર્ણ કરી ૩૮ વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે. રાજકોટ ખાતે પીટીસી, બી .કોમ. અને એમ.કોમ. સુધી અભ્યાસ પૂર્ણ કર્યા બાદ વર્ષ ૨૦૧૩માં રાજકોટ ખાતે ટ્રેઝરી ઓફિસમા ક્લાર્ક તરીકે કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો. ક્રિપાલસિંહ જાડેજાને નાની ઉંમરે ગુજરાત રાજય કર્મચારી મહામંડળ, રાજકોટ જિલ્લા પ્રમુખ અને ગુજરાત રાજય હિસાબી સેવા(બિ.રા.પ.) કર્મચારી મંડળમાં સંગઠન મંત્રી તરીકેની જવાબદારીઓ મળતા તેઓ કર્મચારીઓના પ્રશ્નોને સરકાર સમક્ષ રજૂઆત કરી વાચા આપી રહ્યા છે. મળતાવડા સ્વભાવના કારણે બહોળુ મિત્ર વર્તુળ ધરાવે છે. ક્રિપાલસિંહ જાડેજાનો આજે જન્મદિવસ હોય સગા- સંબંધી, ઓફિસરો અને કર્મચારીઓ તેમજ મિત્ર વર્તુળો દ્વારા મોબાઈલ નં.૯૭૨૩૦૦૦૦૧૮ પર શુભેચ્છા પાઠવવામાં આવી રહી છે.

# ધ્રોલ નજીક કારની ઠોકરે રાહદારીનું મોત

## અજાણ્યા કારનો ચાલક અકસ્માત સર્જી નાશી છૂટ્યો

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

જામનગર-રાજકોટ હાઈવે પર પૂરઝડપે દોડતા વાહને નિર્દોષનો ભોગ લીધો છે. ધ્રોલ નજીક તાજ હોટલ પાસે ગત ૧૧ ફેબ્રુઆરીની મોડી રાત્રે સર્જાયેલ એક અકસ્માતમાં આધેડનું કરૂણ મોત નીપજ્યું છે. અકસ્માત સર્જી કાર ચાલક વાહન સાથે ફરાર થઈ ગયો હોવાનું સામે આવ્યું છે.

ઘટનાની વિગતો મુજબ, મૂળ ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકાના ડભાલી ગામના વતની મણીભાઈ દેસાઈભાઈ રાઠોડ (ઉ.વ. ૪૮) ગત તા.૧૧/૦૨/૨૦૨૬ના રોજ રાત્રિના આશરે સાડા બારેક વાગ્યાના સુમારે ધ્રોલ પાસેના હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન રાજકોટ તરફ જતી એક ફોર વ્હીલ ગાડી (રજી. નંબર GJ-03-EL-3218) ના ચાલકે બેફીકરાઈથી ચલાવી મણીભાઈને જોરદાર ટક્કર મારી હતી.

મણીભાઈને માથાના ભાગે તથા શરીરે જીવલેણ ઈજાઓ પહોંચી હતી અને તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ કાર ચાલક ઊભો રહેવાને બદલે અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યો હતો. આ અંગે મૃતકના ભાઈ મહેન્દ્રભાઈ દેસાઈભાઈ રાઠોડ (ઉ.વ. ૪૧, ધંધો-ખેતી) એ ધ્રોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ધ્રોલ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. ડી.જે. ગાગીયાએ આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે ફરાર કાર ચાલક વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો છે.

# પડાણા પોલીસ જાપ્તામાંથી નાશી છૂટેલા ડ્રગ્સ પેડલરને પંજાબથી દબોચી લીધો

## મોટી ખાવડી ગામે એસ.ઓ.જી.એ હોટલમાંથી હેરોઈનના જથ્થા સાથે ચારને ઝડપી લીધા'તાઃ રિમાન્ડ દરમિયાન વિશાળસિંઘ મટુ નાશી છૂટ્યો'તો

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગર જિલ્લાના મોટીખાવડી નજીકથી હેરોઈનના જથ્થા સાથે ઝડપાયા બાદ મેઘપર પોલીસ જાપ્તામાથી ફરાર થયેલો આરોપી આખરે એક અઠવાડિયા બાદ પંજાબ ખાતેથી દબોચી લીધો છે.



જામનગર એસઓજી પોલીસે ગત તા.૦૭ ફેબ્રુઆરીના મોટીખાવડી ગામે આવેલી ૬૬૬ નામની હોટલમાંથી હેરોઈન ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડ્યો હતો. રૂા.૮૩,૬૦,૦૦૦ ની કિંમતના ૪૧૮ ગ્રામ હેરોઈનના જથ્થા સાથે મૂળ પંજાબના વિશાલસિંઘ જસવિરસિંઘ મટુ, હરપ્રિતસિંઘ તેગાસિંઘ મજવી, બિક્રમજીતસિંઘ અમરજીતસિંઘ મજવી, જગદિપસિંઘ ઉર્ફે જગ્ગી લખબીરસિંઘ ખેહરા નામના શખ્સો ઝડપાયા હતા. દરમિયાન પોલીસ કસ્ટડીના રીમાન્ડ પરના આરોપી વિશાલસીંઘ જસવિંદરસીંઘ ઉર્ફે જસવિરસીઘ મટુ તા. ૭ ફેબ્રુઆરીને શનિવારે સાંજે પોલીસ જાપ્તાના કર્મચારીઓની નજર ચુકવી પોલીસ સ્ટેશન ખાતેથી નાશી છૂટ્યો હતો.

જામનગર પોલીસે ફરાર થયેલા આરોપી અંગે જરૂરી ટેકનીકલ તથા હ્યુમન સોર્સીંગથી તપાસ કરી હતી. જે દરમિયાન આરોપી પોતે તેના વતનમા પંજાબ ખાતે હોવાની ચોક્કસ બાતમી મળતા પંચકોષી-બી ડિવીઝન પીઆઈ વી.જે.રાઠોડ, એસઓજી પીએસઆઓ એ.વી. ખેર, મેઘપર પોલીસના લાખનસિંહ જાડેજા, જયેશભાઈ પઢેરીયા, જયદિપસિંહ જાડેજા સહિતની ટીમ પંજાબ ખાતે પહોંચી આરોપી વિશાલસીંઘ જસવિંદરસીંઘ ઉર્ફે જસવિરસીંઘ મટુને તેના વતન પંજાબ ખાતેથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી છે. પોલીસની લાંબી તલાસી બાદ અંતે આરોપી પોલીસ પકડમાં આવ્યો છે.

# જામનગર વધુ એક રેપિડોના બાઈક ચાલક યુવાન લુંટાયાની ફરિયાદ

## રસ્તામાં આંતરી ત્રણ શખ્સોએ મારમારી રોકડ લૂંટી જાનથી મારી નાખવાની આપી ધમકી

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગર શહેરમાં દિગ્જામ સર્કલ નજીકથી રેપિડોના બાઈક ચાલક યુવાનને માર મારી ૩ શખ્સોએ ખિસ્સામાંથી રૂ ૨,૫૦૦ તથા ડ્રાઈવીંગ લાયસન્સ, આર.સી બુકની ઝેરોક્ષ સહિતના અન્ય ડોક્યુમેંટની લૂંટ ચલાવી હતી. પોલીસ મથકેથી જાણવા મળતી વિગત અનુસાર ખોડીયાર કોલોની, કૃષ્ણનગર શેરી નં-૦૩ માં રહેતા અને રેપીડોમાં નોકરી કરતા બીરજુ પ્રવીણભાઈ કનખરા નામના યુવાને લૂંટ મામલે મીતેશ ઉર્ફે મીતલો સાગઠીયા, અલ્બાઝ ઉર્ફે અરબાજ ફારૂકભાઈ કટારીયા અને મોહીન સબીરભાઈ કક્લ સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. તા-૦૨ ફેબ્રુઆરીના રાત્રીના સાડા અગ્યાર વાગ્યાની આસપાસ ફરિયાદી દિગ્જામ સર્કલથી મયુરનગર આઠ માળીયા આવાસ તરફ જતા રોડ પરથી રીપીડોની રાઈડ માટે બાઈક લઈને જતા હતા ત્યારે આઠ માળીયા આવાસ નજીક ત્રણેય આરોપીઓએ ફરિયાદીનું બાઈક રોકી લીધું હતું. માર મારી ખિસ્સામાંથી પાકીટ કાઢી લીધું હતુ અને રૂ ૨,૫૦૦ તથા ડ્રાઈવીંગ લાયસન્સ, આર.સી બુકની ઝેરોક્ષ સહિતના અન્ય ડોક્યુમેંટ ઝૂંટવી લીધા હતા. અમારા વિરુધ્ધમાં પોલીસમાં કેસ કરીશ તો તને જાનથી મારી નાખીશુ. થોડા સમય અગાઉ યાદવનગરમાં રહેતા રમેશ દિનેશભાઈ જગતિયાએ આ જ સ્થળેથી પોતાની સાથે થયેલી રૂ. ૧,૮૦૦ ની રોકડની લૂંટ મામલે ફરિયાદ નોંધાવી હતી.

# જામનગર: ધુતારપર ગામે મંદિરને નિશાન બનાવતા તસ્કરો

## ચાંદીના છતરો, સોનાની આંખો, રોકડ મળી દોઢ લાખની મત્તાની ચોરી



**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગર તાલુકાના ધુતારપર ગામમાં આવેલા સતીમાના મંદિરને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. મંદિરમાં ત્રાટકેલા તસ્કરો ચાંદીના છતરો, સોનાની આંખો અને દાનપેટીમાંથી અમુક રકમ મળી કુલ દોઢ લાખનો મુદામાલ ચોરી કરી નાશી ગયા હતા.

જામનગર નજીકના ધુતારપર ગામમાં આવેલા સતિ માતાના મંદિરને કોઈ તકરોએ નિશાન બનાવી લીધું હતું. તસ્કરો મંદિરનો દરવાજો ખોલી અંદર પ્રવેશ કરી માતાજીને ચડાવેલા ચાંદીના છત્તર ઉપરાંત માતાજી ની સોનાની આંખ વગેરે મળી ચોરી કરી લઈ ગયા હતા, ઉપરાંત દાન પેટીમાં રાખેલી પરચુરણ ઉઠાવી ગયા હતા. ચોરીના આ બનાવ અંગે મૂળ અમરેલીના વતની અને હાલ સુરત રહેતા નરેશભાઈ પરસોત્તમભાઈ ખીચડીયાએ પોલીસને જાણ કરતાં પંચકોશી-એ ડિવિઝનના પી.આઈ. એમ.એન. શેખ પોતાની ટીમ સાથે બનાવના સ્થળે દોડી ગયા હતા, અને શોધી કાઢવા માટેની કવાયત હાથ ધરી છે. પોલીસ દ્વારા ગામમાં લગાવાયેલા સીસીટીવી કેમેરાઓ તથા અન્ય ટેકનીકલના આધારે શોધી કાઢવા માટેની કવાયત શરૂ કરી છે.

# જામનગરના નવા ફ્લાયઓવર બ્રિજ ઉપર અકસ્માતમાં યુવાનનું મોત

## બાઈક બ્રિજની દિવાલ સાથે અથડાયા બાદ બાઈક નીચે પટકાતા ચાલક મોતને ભેટ્યો

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગરના નવા બનેલા સૌરાષ્ટ્રના સૌથી મોટા ફલાયઓવર બ્રિજ ઉપર શિવરાત્રીના તહેવારની મોડીરાત્રે અકસ્માતનો એક બનાવ સામે આવ્યો હતો. જેમાં બાઈક સવાર યુવાન બ્રિજની આરસીસીની દિવાલ સાથે અથડાતા બાઈક પરથી નીચે પટકાતા ગંભીર ઈજા પહોંચવાના કારણે યુવાનનું મોત નિપજ્યું હતું.



વધુ વિગત મુજબ શહેરના વુલનમીલ, ખતેવાડીની સામે શેરી નં.૮માં રહેતાં દિનેશ વેલજીભાઈ રાઠોડ (ઉ.વ.૨૧) નામનો યુવાન જીજે -૧૦-સીએચ-૬૬૭૫ નંબરની મોટરસાઈકલ લઈ પોતાના ઘરેથી ગુલાબનગર તરફ જવા માટે નવા બનેલા પુલ પરથી ઓવર સ્પીડમાં ચલાવીને જઈ રહ્યો હતો. દરમિયાન ફોરેસ્ટ ઓફીસના ગેઈટના પાસે પહોંચ્યો ત્યારે પુલની ડાબી સાઈડમાં આર.સી.સી દિવાલ સાથે ધડાકાભેર અથડાતા અકસ્માત સર્જાયો હતો અને યુવાન પોતાના બાઈક સહિત પુલ પરથી નીચે પટકાયો હતો. આ અકસ્માતમાં તેને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા લોહીલુહાણ હાલતમાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત સારવાર માટે શહેરની જી.જી.હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું. પોલીસે કાગળો કરી ધોરણસરની કાર્યવાહી હાથધરી છે.

### (પહેલા પાનાનું ચાલું)

### નોટબંધી...

છે એટલું જ નહીં, પણ અર્થતંત્રના કદની સાથે વધી પણ છે.તાજેતરમાં જ અનેક રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાઈ હતી અને હવે આગામી સમયમાં પણ ચૂંટણીઓ આવી રહી છે. સામાન્ય રીતે ચૂંટણીના સમયગાળામાં રોકડનો પ્રવાહ વધતો હોય છે, જેની અસર પણ આ આંકડાઓમાં જોવા મળી શકે છે.

ભારત ભલે 'ડિજિટલ' બની રહ્યું હોય, પણ માનસિક રીતે તે હજુ પણ 'કેશ લવિંગ' સોસાયટી છે. જ્યાં સુધી અર્થતંત્રનો મોટો હિસ્સો (ખાસ કરીને અસંગઠિત ક્ષેત્ર) રોકડ પર નિર્ભર રહેશે, ત્યાં સુધી ચલણમાં રોકડનું પ્રમાણ ઘટવાને બદલે વધતું જ રહેશે. આરબીઆઈ માટે પણ આ એક સંકેત છે કે ભારતમાં 'કેશલેસ' નહીં પણ 'લેસ-કેશ' સોસાયટી બનવામાં હજુ વાર લાગશે.

### દેવું...

ચડ્યો છે. રિપોર્ટ અનુસાર, ખાદ્ય ચીજવસ્તુઓનો ફુગાવો સૌથી વધુ ચિંતાનો વિષય બન્યો છે. જાન્યુઆરીમાં શાકભાજી અને ફળોના જથ્થાબંધ ભાવમાં તીવ્ર વધારો નોંધાયો છે. જથ્થાબંધ મંડીઓમાં આવક ઓછી હોવાને કારણે અને કમોસમી વરસાદની અસરોને કારણે સપ્લાય ચેઈન ખોરવાઈ હતી, જેની અસર ભાવ પર જોવા મળી છે.

આ આંકડા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયામાટે મુશ્કેલી વધારી શકે છે. થોડા સમય પહેલા જ આરબીઆઈની મોનેટરી પોલિસી કમિટીની બેઠક મળી હતી, જેમાં વ્યાજદરો યથાવત રાખવામાં આવ્યા હતા. મધ્યસ્થ બેંકને આશા હતી કે મોંઘવારી કાબૂમાં આવશે તો રેપો રેટ ઘટાડી શકાશે. પરંતુ જથ્થાબંધ મોંઘવારીના આ ઉછાળા બાદ હવે નજીકના ભવિષ્યમાં હોમ લોન કે કાર લોનના વ્યાજદરમાં ઘટાડો થવાની શક્યતાઓ નહિવત બની ગઈ છે.

જથ્થાબંધ મોંઘવારી વધવાનો અર્થ એ છે કે ફેક્ટરી ગેટ પર ઉત્પાદકો માટે ખર્ચ વધ્યો છે. કાચા માલના ભાવ વધવાને કારણે કંપનીઓના માર્જિન પર દબાણ આવશે. જો આ ટ્રેન્ડ ચાલુ રહ્યો તો કંપનીઓ આ વધારાનો બોજ ગ્રાહકો પર નાખવા મજબૂર બનશે, જેનાથી અંતે રિટેલ માર્કેટમાં પણ ભાવ વધશે.

### કર્ણાટક...

આ વિદેશ પ્રવાસ આજથી શરૂ થયો છે અને તેમાં મુખ્યત્વે સિદ્દરામૈયાના વફાદાર ધારાસભ્યો સામેલ છે. પાર્ટીના આંતરિક સૂત્રો અનુસાર, આ પ્રવાસને રુટીન અથવા સ્ટડી ટુર તરીકે બતાવવામાં આવી રહ્યો છે પરંતુ તેનો મુખ્ય હેતુ ડી.કે. શિવકુમારની તરફથી મુખ્યમંત્રી પદ પર બદલાવની માંગ માટે કલેગ્સ લીડરશિપ પાર્ટીની મીટિંગ બોલાવવાના પ્રયાસને નિષ્ફળ બનાવવાનો છે.

કોંગ્રેસ હાઈકમાન્ડે આ યોજના પર ચિંતા વ્યકત કરી છે.એઆઈસીસી નેતા રણદીપ સુરજેવાલાએ ઘણા ધારાસભ્યોને ફોન કરીને પ્રવાસને સ્થગિત કરવાનું કહ્યું છે. કેટલાક ધારાસભ્યોએ આ આદેશ માન્યો અને પ્રવાસમાંથી પાછા હટ્યા, પરંતુ અન્યોએ આગળ વધાર્યો, જેનાથી બંને શિબિરો વચ્ચેની નિષ્ઠા અને વિભાજન સ્પષ્ટ થયું છે.

### અમિષા પટેલ...

પોતાની કમિટમેન્ટ પૂરી ન કરી.

ઈવેન્ટ મેનેજર પવન વર્માએ આરોપ કર્યો છે કે અભિનેત્રી મુંબઈથી દિલ્હી સુધી આવી, પણ ત્યાં પહોંચીને બે લાખ રૂપિયા રોકડા વધારાની માગણી કરી. જ્યારે આયોજકોએ આ માગણી નકારી દીધી તો તે દિલ્હીથી જ પાછી મુંબઈ ચાલી ગઈ અને કાર્યક્રમમાં હાજર ન રહી.

આ ઘટના પછી પવન વર્માએ અમીષા પટેલ અને તેની ટીમ સામે કોર્ટમાં કેસ દાખલ કર્યો. અભિનેત્રી પર ભારતીય દંડ સંહિતાની કલમ ૧૨૦-બી, ૪૦૬, ૫૦૪ અને ૫૦૬ હેઠળ કેસ ચાલી રહ્યો છે. બે વર્ષ અગાઉ તેણે મુરાદાબાદ આવીને જમાનત મેળવી હતી, પણ આરોપ છે તેણે જમાનતની શરતોનું પાલન નથી કર્યું.

કોર્ટે અનુપસ્થિતિ અને શરતોના ઉલ્લંઘનને ગંભીર ગણીને તેની સામે ફરીથી ગેર-જમાનતી વોરંટ જારી કર્યું. હવે અમીષાએ ૨૭ માર્ચના દિવસે કોર્ટમાં હાજર થવું અનિવાર્ય છે, અન્યથા કાનૂની કાર્યવાહી વધુ સખત થઈ શકે છે.

### મોદી...

સિટીઝની હરીફાઈ કરી રહ્યા છે. જે જમીન બે વર્ષ પહેલા કોડીના ભાવે મળતી હતી, તેના ભાવ આજે કરોડોમાં બોલાઈ રહ્યા છે. જોકે, નિષ્ણાતો ચેતવણી પણ આપે છે કે આંધળી દોટ મૂકતા પહેલા લીગલ ટાઈટલ અને સરકારી પરમિશનની ખાસ તપાસ કરવી જોઈએ, કારણ કે નાના શહેરોમાં જમીનના રેકોર્ડ્સ ઘણીવાર જટિલ હોય છે. ટૂંકમાં કહીએ તો, ભારતીયોની 'ભક્તિ' હવે અર્થતંત્રના ગ્રોથ એન્જિનમાં પરિવર્તિત થઈ રહી છે. 'ઈન ગોડ વી ટ્રસ્ટ' (ભગવાનમાં અમને શ્રદ્ધા છે) એ સૂત્ર હવે રિયલ એસ્ટેટ ડેવલપર્સ માટે 'ઈન ગોડ વી ઈન્વેસ્ટ' (ભગવાનના ધામમાં અમે રોકાણ કરીએ છીએ) બની ગયું છે.

### (છેલ્લા પાનાનું ચાલુ)

### સીબીએસઈ બોર્ડની પરીક્ષા...

વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થયો હતો. ધોરણ-૧૦માં ૨૪.૧૨ લાખ અને ધોરણ-૧૨માં ૧૭.૮૮ લાખ વિદ્યાર્થી મળી કુલ ૪૨ લાખ જેટલા વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જોકે, હવે મંગળવારથી શરૂ થનારી પરીક્ષામાં ધોરણ-૧૦ના ૨૫.૦૮ લાખ અને ધોરણ-૧૨ના ૧૮.૫૯ લાખ મળી કુલ ૪૩.૬૭ લાખ જેટલા વિદ્યાર્થીઓ નોંધાયા છે. ધોરણ-૧૦ની પરીક્ષા માટે સમગ્ર દેશમાં ૮૦૭૫ પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા છે. જ્યારે ધોરણ-૧૨ની પરીક્ષા માટે ૭૫૭૪ પરીક્ષા કેન્દ્રો નક્કી કરાયા છે. સમગ્ર ગુજરાતમાંથી પણ આ વખતે ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા માટે ૮૦ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ નોંધાયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ધોરણ-૧૦માં ૪૫ હજારથી વધુ અને ધોરણ-૧૨માં ૩૫ હજારથી વધુ વિદ્યાર્થીઓ આ વખતે બોર્ડની પરીક્ષામાં હાજર રહેશે. ગત વર્ષે રાજ્યમાંથી ૭૫ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષામાં ઉપસ્થતિ રહ્યા હતા. ધોરણ-૧૦ની પરીક્ષા ૧૭ ફેબ્રુઆરીના રોજ શરૂ થશે અને ૧૧ માર્ચના રોજ પૂર્ણ થશે. જ્યારે ધોરણ-૧૨ની પરીક્ષા ૧૭ ફેબ્રુઆરીથી શરૂ થશે અને ૧૦ એપ્રિલના રોજ પૂર્ણ થશે.

### ફોગા યુએસએ...

સિટી (ગુજરાત આંતરરાષ્ટ્રીય નાણાકીય તકનીકી નગર) સહિત ગુજરાતમાં વિકસતા વિવિધ મૂડીરોકાણ ક્ષેત્રોની તકો અંગે પણ ચર્ચા થઈ. મુખ્યમંત્રીએ જણાવ્યું કે વિદેશમાં વસતા ગુજરાતી સમાજ રાજ્યના વિકાસમાં મહત્વપૂર્ણ સહભાગી બની શકે છે અને તેમની સક્રિય ભાગીદારી ગુજરાતની પ્રગતિને નવી દિશા આપશે.

પર્યટન વિકાસના ક્ષેત્રમાં સહકાર વધારવા પર પણ ભાર મૂકાયો. ફોગા યુએસએએ પર્યટન પ્રોત્સાહન, આર્થિક વિકાસ અને વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે મજબૂત જોડાણો ઉભા કરવાની પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

આ બેઠકમાં ડૉ. વસુદેવ પટેલની આગેવાની હેઠળ હર્ષદ પટેલ, પ્રકાશ પટેલ, ભુપેશ શાહ, નિશા પટેલ, ધીરુભાઈ પટેલ, ડૉ. પ્રદીપભાઈ કણસાગરા, સુરેશ રાજપૂત, સુરેશ પટેલ, નીલકંઠ પટેલ, પરિમલભાઈ પટેલ, ડૉ. રશ્મી પટેલ, રમેશ પટેલ, પ્રતિક પટેલ અને ચતુર છાભાયા ઉપસ્થિત રહ્યા હતા.

આ મુલાકાત દ્વારા ગુજરાત અને વિદેશમાં વસતા ગુજરાતી સમાજ વચ્ચે વેપાર, મૂડીરોકાણ, પર્યટન અને સાંસ્કૃતિક એકતાના ક્ષેત્રોમાં સહકાર વધારવાની સંયુક્ત દ્રષ્ટિ વધુ દ્રઢ બની હોવાનું સ્પષ્ટ થયું. બંને પક્ષોએ ભવિષ્યમાં પણ આવા સંવાદ અને સહકારને આગળ વધારવાની આશા વ્યક્ત કરી.

### કથિત બોગસ પોલિટિકલ ડોનેશન...

આરોપ લગાવ્યો હતો.

આઈ-ટી વિભાગ અનુસાર, લગભગ ૨૮ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સે 'બોગસ દાન યોજના' તરીકે વર્ણવેલા ક્લાયન્ટ્સ પાસેથી પૈસા માંગ્યા હોવાનું જાણવા મળ્યું હતું. કાયદાની કલમ ૧૩૨(૪) અને ૧૩૧(૧એ) હેઠળ નોંધાયેલા નિવેદનોમા સીએએ કથિત રીતે તેમની ભૂમિકા સ્વીકારી હતી.

વિભાગે આરોપ લગાવ્યો હતો કે વ્યાવસાયિકોએ કરચોરી અને 'છેતરપિંડીપૂર્ણ ચૂંટણી ભંડોળ'ને સરળ બનાવવા માટે ચોક્કસ રાજકીય પક્ષો સાથે જોડાયેલા મુખ્ય વ્યક્તિઓ સાથે સાંઠગાંઠ કરી હતી. કરપાત્ર આવક ઘટાડવા માંગતા ગ્રાહકોને રાજકીય પક્ષોના નિયુક્ત બેંક ખાતાઓમાં 'દાન' મોકલવા માટે કથિત રીતે સમજાવવામાં આવ્યા હતા.

### પોરબંદર...

પર ૧૮ ટેરિફ લગાડયો જયારે ભારતે અમેરિકા પર શુન્ય ટેરિફ લગાવ્યો છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમીતી ત્યાં સુધી સંઘર્ષ કરશે જયાં સુધી ગુજરાતમાંથી ભુપેન્દ્ર પટેલની સરકારને સતામાંથી દુર કરી દઈએ.

ગાંધીનગરના સત્યાગ્રહ છાવણીમાં જન આક્રોશ સભાને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમીતીના પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતં કે, કમૌસમી વરસાદથી પીડીત ખેડુતો માટે સૌરાષ્ટ્રમાં ૧૧૦૦ કિલોમીટરની સોમનાથથી દ્વારકા સુધીની કિશાન આક્રોશ યાત્રા યોજવામાં આવી હતી. મદય ગુજરાતમાં ફાગવેલ થી કંબોઇ ગામ સુધીની ૧૪૦૦ કિલોમીટરની જન આક્રોશ યાત્રા યોજવામાં આવી હતી. ગુજરાતમાં છેલ્લા ત્રણ દાયકાથી ચાલતી ભાજપ સરકારના શાસનાં સામાન્ય લોકોના જીવનમાં ભય, અન્યાય અને તકલીફો વધી છે. રાજય આજે વિકાસના દાવાઓની પાછળ છુપાયેલા કડવા સત્યનો સામનો કરી રહ્યું છે. ગુજરાતની પ્રજાએ વિશ્વાસ અને આશાભેર સરકારને બહુમતિ આપી હતી. પરંતુ આજે લોકો રોજગાર, ખેતી, શિક્ષણ આરોગ્ય અને સલામતી જેવી મુળભુત જરુરીયાતોથી વંચિત છે. દરેક ગામમાં મનરેગા અને નલ સે જલ યોજનાઓમાં કરોડો રૂપિયાના ભ્રષ્ટાચાર જોવા મળે છે. ભાજપના નેતાોઓએ જલ સે જલ યોજનાને નળ સે ધન યોજના બનાવી દીધી છે. આદિવાસી યુવાનો બેરોજગારીથી ત્રસ્ત છે. ખેડુતો દેવામા ડૂબ્યા છે મહિલાઓની સુરક્ષા જોખમમાં છે.

વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરીએ જણાવ્યું હતું કે, વન વિભાગના અધિકારીઓ દ્વારા આદિવાસી શ્રમિકો પર સતત અત્યાચાર કરવામાં આવી રહ્યો છે. જે લોકો પેઢીઓથી જંગલને પોતાનું ઘર માને છે. જંગલ પર જ જીવિકા ચલાવે છે. એ જ લોકોને આજે જંગલમાં પ્રવેશ કરતા રોકવામાં આવે છે. ભાજપ સરકાર કમિશન ખોર સરકાર છે. તડકેશ્વરમાં, પાણીની ટાંકી તુટીએ તમે કોન્ટ્રાકટરે કમલમમા એક લાખ રૂપિયાનું દાન આપ્યું હતું. ડબલ એન્જીનની સરકારે ખેડુતો સાથે સહાય પેકેજના નામે ખુલ્લી મશ્કરી કરી રહી છે. કમોસમી વરસાદ, અતિવૃષ્ટિ કે પાક નિષ્ફળ જવાની આફત આવે છે. ત્યારે સરકાર દ્વારા મોટા ઉપાડે કરોડો રૂપિયાના સહાય પેકેજની જાહેરાતો તો કરવામાં આવે છે.

ગાંધીનગર ખાતે આયોજિત જન આક્રોશ સભામાં પૂર્વ કેન્દ્રીય મંત્રી અને પૂર્વ પ્રમુખ ભરતસિંહ સોલંકી, બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકર, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી અધ્યક્ષ જીગ્નેશ મેવાણી, ડો. ઈન્દ્રવિજયસિંહજી ગોહિલ, સેવાદળના રાષ્ટીય અધ્યક્ષ લાલજીભાઈ દેસાઈ, એઆઈસીસીના મંત્રી રામકિશન ઓઝા, સુભાષીની યાદવ, દેવેન્દ્ર યાદવ, બી.વી. શ્રીનિવાસ, પૂર્વ સાંસદ એમિબેન યાજ્ઞીક, એનએસયુઆઈના પ્રમુખ નરેન્દ્ર સોલંકી, યુથ કોંગ્રેસના પ્રમુખ ડો. પ્રવીણ વણોલ વિશેષ ઉપસ્થિત રહીને જનતાના મુદ્દાઓ ઉપર સાથે મળીને લડતનો નિર્ધાર વ્યકત કર્યો હતો.

# ખંભાળીયા: બંગલાવાડી વિસ્તારમાં શ્વાનનો આતંક

## દાદા તથા પૌત્રીને કરડતા હોસ્પિટલે સારવાર હેઠળ

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

ખંભાળીયા તાલુકાના શકિતનગર વિસ્તારની બંગલાવાડી વિસ્તારમાં રહેતા એક રૂડાચ ગઢવી પરિવારની બે વર્ષની માસુમ બાળકી ઘર આંગણા પાસે રમતી હતી ત્યારે અચાનક એક રખડતા શ્વાને બાળકીના ઉપર હુમલો કરીને ગળુ પકડતા તેના દાદાએ વચમાં પડીને બચાવવા જતા તેને પણ પગમાં કરડતા બાળકીને નવ ટાંકા આવ્યા હતા તથા પ્રૌઢને પણ ઈજાઓ થઈ હતી. રખડતા શ્વાનના ત્રાસ અંગે યોગ્ય કરવા માંગ કરાઈ છે.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટઃ** સોની મુકેશભાઈ (ભાયલાલભાઈ) વિઠ્ઠલદાસ લાઠીગરા (ઉ.વ.૭૮) તે મનીષભાઈ, રૂપલબેન, હેમાબેન, નીશાબેનના પિતા, હેમીલભાઈ, ખુશ્બુબેન, અર્પીતાબેનના દાદા, સોની ત્રિભોવનદાસ દુર્લભજીભાઈ રાજપરા (વેરાવળ) ના જમાઈનું તા. ૧૬ ના રોજ અવસાન થયેલ છે. બન્ને પક્ષનું બેસણું તા. ૧૯ ને ગુરુવાર બપોરે ૩.૩૦ થી ૫.૩૦ ધારેશ્વર મહાદેવ મંદિર, ભકિતનગર સર્કલ પાસે, રાજકોટ મુકામે રાખેલ છે.

તેમજ વેરાવળ મુકામે ટેલીફોનીક સવારે ૧૦ થી ૧૨ દરમિયાન દામોદરભાઈ મો. નં. ૯૪૦૯૨ ૪૯૫૫૧, જેશુખભાઈ મો. નં. ૯૮૯૮૩ ૬૨૭૨૧, શરદભાઈ મો. નં. ૯૪૯૯૬ ૭૯૬૫૧ પર રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# 'જેને કોઈ ચિજ વસ્તુમાં આસકિત કે સંગ્રહ પરિગ્રહની ઈચ્છા રહેતી નથી અને તદ્દન નિઃસ્પૃહ થઈ જાય છે, તે સમગ્ર વિશ્વને જીતી લે છે'

## ''આત્મા અને પરમાત્માને ભેગા કરવા નવા કોઈ સાધન – કર્મ – પરિષ્કારની જરૂર નથી, માત્ર જરૂર છે એવી ઈચ્છાની શ્રદ્ધા અને ભક્તિની!''

### નહિ જાણેલુ રહસ્ય

'દરેક મનુષ્ય પોતાના જીવનના બે રસ્તા (૧) શ્રેય (જ્ઞાન) અને (૨) પ્રેય (ભૌતિક સુખો) પૈકી એક પસંદ કરી તે તરફ ગતિ કરે છે, અને તે પ્રમાણે તેની ગતિ થાય છે'

'નચિકેતા' આ શબ્દ તો તમામે સાંભળ્યો જ હશે તે એક ઋષિ પુત્ર હતો. તેના પિતા વાજશ્રવસે સર્વસ્વ દક્ષિણા યજ્ઞ કર્યો,. આ યજ્ઞ એવો હતો કે જેમાં યજ્ઞ કરનાર પોતાનું પ્રિય અને કિંમતી તમામ બ્રાહ્મણોને દક્ષિણામાં આપવાનું હોય છે, તે સમયે ગાયો ને જ 'ધન' ગણવામાં આવતું. ઋષિબાળક નચિકેતા ને મનમાં થયું કે તેના પિતા વાજશ્રવસે સર્વસ્વ દાન એટલે કે ગાયો સહિતની તમામ પ્રિય અને કિંમતી વસ્તુનું દાન કરવાના છે તો હું પણ પિતાજીનો પ્રિય પુત્ર છું તો મારૂ દાન પિતાશ્રી કોને કરશે? આથી તેના પિતાને પુછયું કે પિતાશ્રી મારૂ દાન તમે કોને કરવાના છો? આથી પિતા એવા ઋષિએ કોઈ જવાબ આપ્યો નહિ. આથી નચિકેતાએ ફરીથી એજ પ્રશ્ન પૂછયો. બીજી વખત પણ તેના પિતાએ કોઈ જવાબ આપ્યો નહિ. આથી નચિકેતાએ તેના પિતાને ત્રિજીવાર પણ એજ પ્રશ્ન પુછયો. પિતાજી કહોને આ યજ્ઞમાં તમે મને કોને આપવાના છો? મારૂ દાન કોને કરવાના છો? આતો સર્વસ્વ દક્ષિણા યજ્ઞ છે જેમાં જે પોતાનું સર્વસ્વ તમામ સંપતિ વિશ્વના હિત માટે આપી દે છે તેને કોઈ ચિજ વસ્તુમાં આસશકિત કે સંગ્રહ પરિગ્રહની ઈચ્છા રહેતી નથી. અને નિઃસ્પ્રહ થઈ ને વર્તે છે તે જ સમગ્ર વિશ્વને જીતી લે છે. આતો આપ આવો વિશ્વજીત યજ્ઞ કરી રહ્યા છો તેથી પુછું છું કે તમે મારૂદાન કોને કરવા ના છો?

નચિકેતાના પિતાને હજુ પુરી અનાશકિત આવી ન હતી. તેઓ સારી સારી ગાયો રાખી મુકી ને દુબળી ઘરડી ગાયોને દાનમાં આપતા હતા, વળી તેમને પુત્ર પ્રત્યે પણ ખૂબજ આસકિત, મમતા હતી. જેનો તેઓ ત્યાગ કરવા માંગતા ન હતા. આમ છતા નચિકેતાએ ત્રિજીવાર પુછયું અને આગ્રહ કરી પુછવા લાગતા નચિકેતાના પિતાએ કાંઈક આવેશમાં આવી ને કહી દીધું કે તને હું યમરાજ ને સોંપું છું. આથી નચિકેતા તપ કરી યમદેવના ઘેર ગયો. નચિકેતાને થયું કે યમરાજાના ઘેર તો મારા પહેલા મારા જેવા અનેક પહોચ્યા હશે, અને હવે પછી પણ જશે. આવામાં મારાથી તેમનું શુ કામ થઈ શકશે? આમ જોવા જઈએ તો સંસારમાં તમામ જીવો જેમ ખેતરમાં ધાનના છેડવાઓની જેમ ઉત્પન્ન થાય છે. અને અનાજની ફસલ પુરી થતા છેડવાઓ સુકાય જાય તેમ નાશ પામે છે. દુનિયામાં જીવાત્માઓનો પણ આજ ક્રમ સંસારમાં ચાલી રહ્યો છે.

નચિકેતાએ યમરાજાને મૃત્યુ પછી જીવની શું સ્થિતિ થાય છે તે જાણવાની ઈચ્છા વ્યકત કરી યજરામાને થયું કે આ બાળકને શું થયું છે ? આથી તેમણે નચિકેતાને કહ્યું તું સંસારમાં પાછો જઈને સંસારના સુખ ભોગવ આમ છતા વૈરાગી નચિકેતાએ પાછા જવાને બદલે પોતાની માગણી જ ચાલુ રાખી યમરાજાએ તેને પૃથ્વી ઉપર ના સુખોના અનેક પ્રકારના પ્રલોભનો આપી મૃત્યુ પછીની જીવની સ્થિતિ જાણવાનો નચિકેતાનો પ્રશ્ન ત્રણ વખત ટાળ્યો. પરંતુ નચિકેતા કોઈ પ્રલોભનમાં ફસાયો નહિ કેમકે તેમણે જોયેલું કે સંસારનું દરેક સુખ નાશવંત છે. અને જીવની શકિતને તથા ઈન્દ્રિયોના તેજને ક્ષીણ કરનારૂ છે. તેને સુખોપ્રત્યે કોઈ રૂચિ હતી નહી આથી ચોથી વાર પણ એજ પ્રશ્ન યમરાજને પુછયો. યમરાજા સમજી ગયા કે નચિકેતા વિદ્યાનો પાકો અધિકારી છે. આથી તેમણે નચિકેતાને ત્રણ વરદાનો માંગવા માટે કહ્યું. નચિકેતાએ પહેલો વર એ માંગ્યો કે મારા પિતા મારા પર રોષે ભરાયા છે. તેમનો રોષ શાંત થઈ જાય અને તેઓ પ્રસન્ન થઈ જાય ! તેણે બીજો વર એ માગ્યો કે નચિકેતાસ (વૈશ્વાનર) નામના સ્વર્ગ ના અગ્નિનું રહસ્ય મને જણાવો. આથી યમરાજાએ સમસ્ત લોક ના કારણ એવા અગ્નિતત્વની વ્યાખ્યા કરી અને ત્રણ પ્રકારના અગ્નિથી જ સમગ્ર વિશ્વનું ત્રિકાત્મક (આધિભૌતિક, આધ્યાત્મિક, આધિદૈવિક) રૂપ તૈયાર થાય છે જે કોઈ જાણતુ નથી જે મનુષ્ય આ અગ્નિની પ્રક્રિયાને જાણી ને પોતાના જીવનનો નિર્ણય કરે છે તેને સમજાય છે કે જીવ ભૌતિક વસ્તુઓમા આસક્ત બની બંધાય છે. અને તેથી આખરે તેને શોક પ્રાપ્ત થાય છે, અને જો તેમાં આસકિત ન રાખે તો જીવનમાં આનંદ આનંદ જ છે!

ત્યાર પછી યમરાજાએ નચિકેતાને ત્રિજું વરદાન માગવા કહ્યું જેથી નચિકેતા એ આત્માનું સ્વરૂપ જાણવાની ઈચ્છા બતાવી. પરંતુ યમરાજાને આ ગુઢ વિદ્યા નચિકેતાને આપવાનું ઠીક લાગ્યું નહિ અને કહ્યું તું મારી પાસેથી વધુ સો વર્ષનું આયુષ્ય, પુત્રો; પૌત્રો, ગાયો,હાથી ઘોડા, સોનું, રત્નો વિગેરે મૃત્યુ લોકની તમામ અતિદુર્લભ વસ્તુઓ માગ અને મૃત્યુ પછી જીવના અસ્તિત્વ વિશે પ્રશ્ન નહિ કરવા કહ્યું. પરંતુ નચિકેતા અડગ જ રહ્યો અને તે પ્રશ્નનો જ જવાબ માગ્યો.

વાસ્તવિક રીતે દરેક વ્યકિત નચિકેતાનોજ પ્રતિનિધિ છે. નચિકેતાનો બીજો અર્થ અવિજ્ઞાન એટલે કે નહિ જાણેલુ રહસ્ય એવો છે જેને વૈશ્વાનર કહે છે. તેનો બીજો અર્થ પ્રાણાગ્નિ પણ છે. દરેક જીવંત વસ્તુના કેન્દ્રમાં વૈશ્વાનર અગ્નિ જ 'ચેતન તત્વ' છે. તેનોસંબંધ યમરાજા સાથે છે. આ



લેખક
એસ. બી. ગોહિલ
પૂર્વ આસિ. પોલીસ કમિશનર
મો.૯૯૨૫૫૦૦૦૬૭

'વૈશ્વાનર અગ્નિ'ની સમજૂતી આપવી તેજ આ નચિકેતાના પ્રશ્નનો આશય છે. બ્રહ્માંડમાં રહેલો સૂર્ય એજ યમદેવતા છે. તે સૂર્યનું એક કીરણ અથવા અંશ કે ચિનગારી એજ વ્યકિતગત વૈશ્વાનર છે. અગ્નિ છે. વિશ્વમાં જેટલા અગ્નિ છે. તેનું મુળ સ્થાન સૂર્ય (યમરાજા જ છે) તે રીતે જ જેટલા વ્યકિતગત આત્મા ચૈતન્ય છે તેનું મૂળ બ્રહ્મ છે.

દરેક જીવનમાં આ નચિકેત અગ્નિ જ મન, પ્રાણ અને પંચમહાભૂતો ના રૂપોમાં ત્રણે પ્રકારે જીવનમાં વ્યકત થઈ રહ્યો છે. જે ત્રણેની સંયુકત સંજ્ઞા જ નચિકેત છે.

નચિકેતાએ તેના મૂળ પ્રશ્ન જીવનનો અંત શું છે? તે જાણવાનોજ આગ્રહ રાખતા કોઈ પ્રલોભન સ્વિકાર્યું નહિ ત્યારે યમરાજા એ... માનો ને કે આપણા તપસ્વિઓએ યમરાજાના નામે સનાતન સત્ય રજુ કર્યું.

જીવનનાં લાભો અને અનુભવોને બે વિભાગ છે, એક શ્રેય અને બીજો પ્રેયની રીતે વ્યાખ્યાયીત કર્યું છે. જેમાં મંદબુધ્ધિ વાળો જીવ ઉપરથી સુંદર લાગતા પ્રેય પ્રાપ્તિના પ્રપંચમાં સપડાય છે. જયારે ધીર અને બુધ્ધિમાન જીવ શ્રેયને પસંદ કરે છે. જેમાં નચિકેતાએ શ્રેયને પસંદ કરી પ્રેય ને છોડી દીધું. આ દુનિયામાં મોટાભાગના લોકો દુન્યવિ લાભો રૂપીયા, પૈસા, સંપતિ વિ.ની સાંકળથી બંધાય છે. જે અવિદ્યા છે. જયારે શ્રેય વિદ્યા છે. જે બંને વચ્ચે અંધારા-અજવાળા જેટલો ફેર છે.

પ્રેયમાં સપડાયેલા જીવ વારંવાર જન્મ લઈ મૃત્યુ પામે છે, જયારે શ્રેય (વિદ્યા) (આત્મજ્ઞાન કે બ્રહ્મ જ્ઞાન) સાથે જોડાયેલા લોકો બહુ ઓછા હોય છે. જેઓ ક્રમશઃ ઉચ્ચગતિ પ્રાપ્ત કરી ને મુકિત તરફ પ્રયાણ કરે છે.

આત્મજ્ઞાન (આધ્યાત્મ જ્ઞાન) અંગેની વાતો કરનારા ઘણા છે. પરંતુ સાચુ કહેનાર મળી જાય તોજ આશ્ચર્ય છે. આ જ્ઞાનમાં ખાલી તર્ક નો આધાર લેવો કે બહુ ભણીલેવાથી કે બહુ બુધ્ધિ કુશળતાથી પણ આ જ્ઞાન પ્રાપ્ત થતુ નથી. આમાં તો ઈશ્વર અને ગુરૂની કૃપા જ મુખ્ય છે. આતો એક પ્રકારનો સ્વયંવર છે. આત્મા (જે પરમાત્મા જ છે) તે જેને ચાહે છે તેની આગળ તેનું સ્વરૂપ પ્રગટ કરે છે.

આત્મા નિત્ય છે. અને સંસાર અનિત્ય છે. આ અનિત્ય જગતમા રહેવા છતા કોઈ એવા નિત્ય વિકાસ (અગ્નિ)નો સંચય કરી શકે છે આ રીતે અનિત્ય (જગત જીવન) દ્વારા નિત્ય (અત્મા-પરમાત્મા)ને પામી શકે છે. આ માટે ખુબ જીજ્ઞાસા-ધીરજ અને પુરૂષાર્થની જરૂર પડે છે, તે દ્વારા જ આવી વ્યકિતની અંતર ગુહામાં પ્રવેશ કરી યોગવિદ્યાની ઉપાસના દ્વારા જાણી શકે છે, તે પછી આવી વ્યકિતને કશાથી કોઈ હર્ષ કે શોક, સુખ કે દુઃખ થતુ નથી. આત્માને જાણીને મૃતક વ્યકિત પોતાના સુક્ષ્મ ધર્મને ઓળખીને તે આનંદમય તત્વને જાણીને પરમાનંદનો અનુભવ કરે છે. આવા આત્માને ટુંકમાં સંજ્ઞા આપી છે. 'ॐ' લોકો અક્ષર (અવિનાશી) આવા તત્વની પ્રાપ્ત માટે જ તપ-બ્રહ્મચર્યનું પાલન કરે છે.જેને અક્ષરબ્રહ્મ કહેવાય છે. આ અક્ષર સર્વનું આલંબન આધાર છે. અને સઘળુ તેમાંજ રહેલું છે. તે જન્મ રહિત અને શાશ્વત છે. તે કદી નાશ પામતુ નથી. કે ઉત્પન્ન થતુ નથી. જે તેને મરેલું કે મૃત્યુ પામનાર સમજે છે તેને જ્ઞાન પ્રાપ્ત થયું નથી.

વૈશ્વાનરનું સ્વરૂપ અગ્નિ, વાયુ અને આદિત્ય અથવા ત્રણ જયોતિ ત્રણ સંચાલક પ્રાણોના જ્ઞાનથી જાણી શકાય છે. મન, પ્રાણ અને વાણીએ ત્રણ જયોતિઓ છે. મન એ ધુ લોકની જયોતિ છે, પ્રાણ અથવા વાયુ અંતરિક્ષ (અવકાશ)ની જયોતિ છે. અને વાણીએ ભૌતિક (પૃથ્વી લોક) જયોતિ છે. આ ત્રણેય જયોતિનો સમન્વય (સંયુકતભાવ)એ જ મનુષ્ય છે. ભૂત,ભૌતિક પુરૂષ, પ્રાણાત્મક પુરૂષ અને વિજ્ઞાનાત્મક-મનોમય પુરૂષ આ ત્રણેય જયારે એકત્ર થાય ત્યારે વૈશ્વાનર પુરૂષ બને છે. મનુષ્ય શરીરમાં રહેલ પ્રાણાગ્નિ એજ વૈશ્વાનર છે. અને તેનું રહસ્ય જાણવું જરૂરી છે. આમ જીવાત્માએ પરમાત્માનો અંશ જ છે. જે તેને જાણી શકતો નથી તે વારંવાર જન્મ લે છે.

છેલ્લે યમરાજ નચિકેતા ને કહે છે કે 'સાંભળ મર્યા પછી આત્માની શું ગતિ થાય છે. કેટલાક લોકો શરીર ધારણ કરવા માટે પોત પોતાની યોનિઓમાં જાય છે, તો કેટલાક જીવો તેમના કર્મ અનુસાર જડ શરીર અથવા વૃક્ષ આદિના રૂપમાં પરિવર્તન પામે છે. જે શરીરમાં જે આત્મા 'કામના' મુકત થઈ શુધ્ધ બનતા તે અમૃત અથવા બ્રહ્મમાં વિલિન થઈ જાય છે. આ આખુ વિશ્વ તેના આધારે જ છે.'

**વિશ્વરસઃ 'મન સહિત ઈન્દ્રિયો ને દ્રઢતા પૂર્વક સ્થિર કરવી તેનું નામ જ યોગ છે'**

# એસજીવીપી ગુરૂકુલ રીબડા ખાતે મહાશિવરાત્રિની દિવ્ય ઉજવણી

## શિવ-પાર્વતીના વેશમાં સજજ વિદ્યાર્થીઓએ કૈલાસધામ જેવું વાતાવરણ સર્જ્યું

**અબતક, રાજકોટ**



એસજીવીપી ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે શિવરાત્રિના પર્વની અદભૂત અને ભક્તિમય માહોલમાં ઉજવણી કરવામાં આવી આ અવસરે શાળાનું પટાંગણ શિવમય બન્યું હતું અને આધ્યાત્મિકતા સાથે સંસ્કારનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો કાર્યક્રમની શરૂઆત રીબડા ગુરૂકુલના સંચાલક પૂજ્ય ધર્મવત્સલ સ્વામી પૂજ્ય વેદાંતસ્વરૂપ સ્વામી, પૂજ્ય હરીનંદન સ્વામી પૂજ્ય ઋષિકેશ સ્વામી આદિ સંતોના વરદહસ્તે કરવામાં આવી હતી. પૂજ્ય સંતોએ વૈદિક શાસ્ત્રોક્ત વિધિથી ભગવાન શિવજીનું પૂજન-અર્ચન કરીને વાતાવરણને પવિત્ર મંત્રોચ્ચારથી ગુંજતું કર્યું હતું.

આ મહોત્સવમાં પૂર્વ કેબિનેટ મંત્રી અને ધારાસભ્ય જયેશ રાદડિયાએ હાજરી આપી હતી. તેમણે પૂજ્ય સંતો સાથે સમૂહ આરતીમાં જોડાઈ ભગવાન ભોળાનાથના આશીર્વાદ મેળવ્યા હતા અને એસજીવીપી ગુરુકુલ દ્વારા બાળકોમાં શિક્ષણની સાથે જે ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારોનું સિંચન કરવામાં આવે છે, તે બદલ રાજીપો વ્યક્ત કર્યો હતો. ઉજવણીનું સૌથી મનોહર આકર્ષણ શાળાના ભૂલકાઓ અને વિદ્યાર્થીનીઓ હતા, જેઓ સ્વયં ભગવાન શિવ અને માતા પાર્વતીના મનોહર વેશમાં સજ્જ થઈને આવ્યા હતા. જાણે સાક્ષાત કૈલાસ ધામ ધરતી પર ઉતર્યું હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા.

પ્રિન્સિપાલ જીગ્નેશ સર અને સ્ટાફના માર્ગદર્શન હેઠળ તમામ વિદ્યાર્થીઓએ અત્યંત શ્રદ્ધાપૂર્વક શિવજીનો જળાભિષેક અને દૂધનો અભિષેક કરી ભોળાનાથ ના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા .સાંસ્કૃતિક કૃતિઓ અને શિવ સ્તુતિ દ્વારા બાળકોએ શિવમહિમાનું સુંદર ગાન કર્યું હતું. પૂજ્ય ધર્મવત્સલ સ્વામીએ આ પ્રસંગે આશીર્વચન પાઠવતા જણાવ્યું હતું કે, મહાદેવનું જીવન આપણને મનથી શાંત અને વિચારોથી પવિત્ર બનવાની પ્રેરણા આપે છે.

# અંજારમાં મંત્રી ત્રિકમભાઈ છાંગાએ કોમનમેનના અંદાજમાં એસ.ટી. બસની કરી 'સફર'

## મંત્રી ત્રિકમભાઈએ બસમાં મુસાફરો સાથે કર્યો સ્નેહસભર સંવાદ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**





ગુજરાતના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી તથા અંજાર ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગા હંમેશાં કોમન મેન અંદાજમાં જોવા મળે છે. લોકલ ફોર વોકલ દરમિયાન દિવાળીના ટાઈમ પર નાના વેપારીઓ પાસેથી બજારમાં ખરીદી કરતા જોવા મળ્યા હતા.

મંત્રી ત્રિકમભાઈ અંજાર ડેપોની બસમાં મુસાફરી કરી મુસાફરો સાથે સંવાદ કર્યો હતો.બસમાં તેઓ મુસાફરોની વચ્ચે જ બેઠા હતા.બસમાં બેસેલા લોકોને નવાઈ તો ત્યારે લાગી, જ્યારે તેમણે સામાન્ય માણસની જેમ બસમાં મુસાફરી કરી હતી. આ દરમિયાન ત્રિકમભાઈ છાંગાએ એસટી ડેપો મેનેજર એચ આર શામળા પાસેથી મુસાફરોને અપાતી સુવિધાઓ, સ્વચ્છતા, સમયપાલન અને સેવાઓ વિશે માહિતી મેળવી હતી. ત્યારબાદ અંજાર બસ સ્ટેશનની મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું હતું અને સ્વચ્છતા બાબતે સારા અભિપ્રાયો જણાવ્યા હતાં તેમ જ જનતાને પણ સ્વચ્છતા રાખવા પ્રવચન આપ્યું હતું અને મુસાફરોના પ્રશ્નો પણ સાંભળ્યા હતા. આ તકે મંત્રી સાથે અંજાર નગરપાલિકા પ્રમુખ વૈભવભાઈ કોડરાણી, પાર્થભાઈ સોરઠીયા, શાસક પક્ષના નેતા નિલેશગીરી ગોસ્વામી ઉપસ્થિત રહ્યા હતા.

# સ્વદેશી મેળામાં ચોકલેટના વેચાણથી વિધિબહેનના જીવનમાં આવી મીઠાશ

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**



'વોકલ ફોર લોકલ' થીમ હેઠળ વેરાવળના કે.સી.સી. ગ્રાઉન્ડ ખાતે સ્વદેશી મેળો ચાલી રહ્યો છે. શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫-૨૦૨૬ અંતર્ગત યોજાયેલા આ સ્વદેશી મેળામાં વેરાવળના રહેવાસી તન્ના બહેનના જીવનમાં ચોકલેટ વેચાણના બિઝનેસથી ચળકાટ આવ્યો છે.

છેલ્લા પાંચ વર્ષથી ઘરેથી જ ચોકલેટનો બિઝનેસ કરતા વેરાવળના જ રહેવાસી તન્ના વિધિબહેને જણાવ્યું હતું કે, એમ.કોમના અભ્યાસ પછી નોકરી મળતી હતી પરંતુ મને બિઝનેસમાં રૂચિ હોવાના કારણે મેં ચોકલેટના બિઝનેસમાં આગળ વધવાનું પસંદ કર્યું હતું.

હું 'વી.ડી. ચોકલેટ'ના માધ્યમથી ચોકલેટ, કેક, બેકરી પ્રોડક્ટ્સનું વેચાણ કરૂ છું. ચોકલેટ અને અન્ય પ્રોડક્ટ્સ કોકો પાઉડર, બટર વગેરેમાંથી બનાવવામાં આવે છે. અમે હાઈજેનિક રીતે જ ચોકલેટનું ઉત્પાદન કરીએ છીએ.

છૂટક રીતે તેમજ એક્ઝિબિશનના માધ્યમથી પણ અમે ચોકલેટનું વેચાણ કરીએ છીએ. સરકાર દ્વારા અનેક મેળાઓ યોજાય છે. જેનાથી સારો બિઝનેસ પણ પ્રાપ્ત થાય છે અને આગળ વધવાની તક મળે છે. મેળા થકી ગ્રાહકો અહીંથી ખરીદી તો કરે જ છે ઉપરાંત અમારા વિઝિટિંગ કાર્ડ પણ લઈ જાય છે. ગ્રાહકો પણ ચોકલેટના સારા રિવ્યૂ આપે છે. એમ એમણે ઉમેર્યું હતું.

'સ્વદેશી મેળા' થકી ઘરે રહી બિઝનેસ કરતા નાના લોકોને પણ તક મળે છે. આ તક આપવા બદલ વિધિબહેને હૃદયપૂર્વક રાજ્ય સરકારનો આભાર વ્યકત કર્યો હતો.

# ભવનાથ મેળામાં પોલીસનું માનવતાભર્યું કાર્યઃ હેડ કોન્સ્ટેબલ ઉમેદ મહેતાએ યુવાનનો જીવ બચાવ્યો

## લાખોની મેદની વચ્ચે હાર્ટ એટેક આવેલા યુવાનને ઊંચકી દોડીને પહોંચાડ્યો સારવાર કેન્દ્ર સુધી

**અબતક, રાજકોટ**



જૂનાગઢ ખાતે યોજાતા પવિત્ર ભવનાથ મેળામાં સંતોની રવેડી નિમિત્તે લાખો ભક્તોની ભીડ ઉમટી પડી હતી. આવી ભારે માનવમેદની વચ્ચે કિલ્લેબંધ સુરક્ષા ગોઠવણ સાથે પોલીસ તંત્ર ખડે પગે ફરજ બજાવી રહ્યું હતું. એ જ સમયે પોલીસની સતર્કતા અને માનવતાભર્યા કાર્યનું ઉત્તમ ઉદાહરણ સામે આવ્યું છે.

મંગલમ હોટલ સામે એકવીસ નંબરની પોલીસ ચોકી નજીક બપોરથી જ ભક્તોની લાંબી લાઈન લાગી હતી. આ દરમિયાન લાઈનમાં ઉભેલા આશરે ત્રીસ વર્ષીય એક યુવાનને અચાનક હાર્ટ એટેક આવ્યો અને તે બેભાન હાલતમાં જમીન પર ઢળી પડ્યો. હાજર લોકોએ તાત્કાલિક સારવાર માટે ૧૦૮ પર સંપર્ક કર્યો, પરંતુ અતિભીડને કારણે એમ્બ્યુલન્સને સ્થળ સુધી પહોંચવું મુશ્કેલ બન્યું હતું.

આ વિકટ પરિસ્થિતિમાં ફરજ પર તૈનાત પોલીસ કર્મચારીઓએ ક્ષણભર વિચાર કર્યા વગર કાર્યવાહી હાથ ધરી. અમરેલી જિલ્લાના ખાસ બંદોબસ્તમાં મુકાયેલા અને મૂળ બગસરાના રાજગોર બ્રાહ્મણ હેડ કોન્સ્ટેબલ ઉમેદભાઈ મહેતાએ યુવાનની નાજુક સ્થિતિ જોઈ તરત જ તેને ખભા પર ઊંચકી ભવનાથ પોલીસ મથક નજીક આવેલ તાત્કાલિક સારવાર કેન્દ્ર સુધી દોડ મૂકી.

સમયસર ઓકિસજન અને પ્રાથમિક સારવાર મળતા યુવાનની સ્થિતિ સુધરી અને તેનો જીવ બચી ગયો. સમગ્ર ઘટનાનો એક વિડિયો એક યાત્રિક દ્વારા મોબાઈલમાં કેદ કરવામાં આવ્યો હતો, જે હાલમાં સામાજિક માધ્યમોમાં વ્યાપક રીતે પ્રસરી રહ્યો છે.જયેશ દવે દ્વારા સંપર્ક કરતા ઉમેદભાઈ મહેતાએ જણાવ્યું હતું કે ફરજ સાથે માનવતા જાળવવી એ પોલીસનું પ્રથમ કર્તવ્ય છે.લાખોની ભીડ વચ્ચે માનવતા અને ફરજનિષ્ઠાનું અનોખું ઉદાહરણ પૂરું પાડનાર હેડ કોન્સ્ટેબલ ઉમેદભાઈ મહેતાના આ કાર્યની સર્વત્ર પ્રશંસા થઈ રહી છે.

# ગાંધીધામઃ ૨૪ કલાક ધમધમતા મુંદ્રા બંદરે કસ્ટમ કલીયરન્સ માટે નાઈટ શિફ્ટ શરૂ કરવા ચેમ્બરની માંગ

## મુંદ્રા બંદરે આયાત – નિકાસ વ્યવસાયને મુદ્દે ચેમ્બરની પોર્ટ પ્રશાસન સમક્ષ વિસ્તૃત રજુઆત

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

કચ્છના વેપાર અને ઉદ્યોગના અગ્રણી પ્રતિનિધિ સંસ્થા ગાંધીધામ ચેમ્બરના પ્રમુખ તેજાભાઈ કાનગડે કચ્છના મહાબંદરો પર થતી કામગીરીને લગતા અને દેશની આયાત-નિકાસ ના વ્યવસાયની ગતિને અવરોધતા પરિબળો કે જે દેશની રાષ્ટ્રીય આવક પર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અસર કરે છે તેવા મહત્વપૂર્ણ નીતિગત અને કામગીરી સંબંધિત મુદ્દાઓ અંગે સંબંધિત અને સંલગ્ન એસોસિએસનોના પ્રમુખોને અને કન્ટેઈનર્સ લાઈન્સને યોગ્ય પગલાંઓ લેવા વિસ્તૃત રજૂઆતો કરી છે.

કચ્છના વિકાસમાં મહાબંદરોના પ્રસાશન સાથો સાથ જરૂરી માળખાગત સુવિધાઓ ઉપરાંત પોર્ટ વપરાશકર્તાઓનું પણ એટલું જ યોગદાન રહેલું છે. જેમાં પોર્ટ ઓપરેશન, માલ પરિવહન, કન્ટેઈનર્સ હેન્ડલીંગ, સ્પોટ સર્વે, કલીયરન્સ પ્રક્રિયા જેવા અગત્યના મુદ્દે વિવિધ પોર્ટ-યુઝર્સ એસોસિએશનોની વ્યાજબી રજૂઆતોને ચેમ્બર પ્રમુખ દ્વારા યોગ્ય કરવા ભારપૂર્વક રજૂઆતો કરી છે.

મુન્દ્રા પોર્ટ ખાતે દરરોજ અંદાજે ૨૦૦૦-૨૫૦૦ કન્ટેનર હેન્ડલ થાય છે, છતાં કસ્ટમ કિલયરન્સ માત્ર એક દિવસની શિફ્ટમાં ચાલે છે. નાઈટ શિફ્ટના અભાવે કલીયરન્સ પ્રક્રિયામાં વિલંબ, ટ્રાફિક ભીડ, ડેમરેજ, ડિટેન્શન અને સ્ટોરેજ ખર્ચમાં વધારો થાય છે. વળી આ વિલંબના કારણે આવાત-નિકાસકારોના નિશ્ચિત શેડ્યુલ ખોરવાઈ જાય છે જેથી ખર્ચ અને સમયનો વ્યય થાય છે જે અંતે ઊંચી લોજિસ્ટિક કોસ્ટમાં પરિણમે છે. વધતા EXIM ટ્રાફિકને ધ્યાનમાં રાખીને રાત્રીના ૧૦:૦૦ થી સવારે ૬ સુધી નાઈટ શિફ્ટ શરૂ કરવાની માંગ ગાંધીધામ ચેમ્બર દ્વારા કમિશનર ઓફ કસ્ટમ્સ-મુન્દ્રા સમક્ષ કરી છે, જેથી સપ્લાય ચેઈન સુવ્યવસ્થિત રહે અને નિકાસકારોની વિશ્વસનીયતા જળવાઈ રહે. અને દેશની લોજિસ્ટિક કોસ્ટ ઘટાડવાના સરકારના સંકલ્પને બળ મળે.

૨. શિપિંગ લાઈન દ્વારા સ્વચ્છ અને સર્વિસેબલ નિકાસ કન્ટેનર ઉપલબ્ધ કરાવવાની માંગ આંતરરાષ્ટ્રીય વેપારમાં કાર્યક્ષમતા, ગતિ, સલામતી અને ખર્ચ અસરકારકતા માટે કન્ટેઈનર દ્વારા માલ પરિવહન શ્રેષ્ઠ ગણાય છે.

૩. આયાત થતા માલના ખાલી થયેલા કન્ટેનરનું સર્વે જે તે નિયુકત એમ્પ્ટી કન્ટેઈનર્સ પાર્કના સ્થળે કરવાની માંગઃ શિપિંગ ઉદ્યોગમાં સામાન્ય પ્રથા મુજબ આયાત થતા માલના કન્ટેનર ખાલી થયા બાદ આ કન્ટેઈનર્સ નિયુકત થયેલ જે તે ડેઝીગનેટેડ એમ્પટી કન્ટેઈનર પાર્કોમાં જમા થતા હોય છે અને આ ખાલી કન્ટેઈનર્સનું સર્વે પરીક્ષણ પણ જે તે એમ્પ્ટી કન્ટેઈર પાર્કર્સમાં જ થતું હોય છે. જયારે કે હાલમાં મુન્દ્રા ખાતે પ્રથા જળવાતી નથી અને એમ્પ્ટી કન્ટેઈનર્સનું સર્વે પરીક્ષણ નિયત થયેલ પાર્કર્સમાં ન થતા અલગ અલગ જગ્યાએ કરવામાં આવી રહ્યું છે જેથી શિપિંગ વ્યવસાયકારોને ખુબ હાડમારી ભોગવવી પડે છે.

૪. ૪. ટી-જંકશનથી મુન્દ્રા પોર્ટ નોર્થ ગેટ માર્ગ વિકાસ માટે તાત્કાલિક માળખાકીય સુધારાની આવશ્યકતા ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા અદાણી પોર્ટસ એન્ડ સેઝ લીમીટેડ સંચાલિત મુન્દ્રા પોર્ટના ટી-જંકશનથી નોર્થ ગેટ સુધીના અતિ વ્યસ્ત માર્ગના વિસ્તરણ અને સુવ્યવસ્થિત ટ્રાફિક માળખા માટે નમ્ર રજૂઆત કરવામાં આવી છે.

તેવું ચેમ્બર ની અખબારી યાદીમાં માનદ મહેશ તિર્થાણીએ જણાવ્યું હતું.

# કચ્છ પોલીસ દ્વારા હાઈવેની હોટલોમાં ખાસ ચેકિંગ કરાયું



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

સરહદી રેન્જ આઈજી ચિરાગ કોરડીયા અને એસપી સાગર બાગમારની સૂચનાથી પૂર્વ કચ્છમાં મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા અને હાઈવે પરની હોટલોમાં થતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ રોકવા ૧૩ ફેબ્રુઆરીના રોજ મેગા ચેકિંગ હાથ ધરાયું હતું. જીલ્લાના તમામ પોલીસ મથકોની ટીમો દ્વારા હાઈવે પરની ૨૪૩ હોટલ- ઢાબા અને ૧૨૮ પાર્કિંગ વિસ્તારોમાં સઘન તપાસ કરવામાં આવી હતી. આ સ્પેશિયલ ડ્રાઈવ દરમિયાન પોલીસે પ્રોહિબિશન (દારૂ)ના ૦૭ કેસ શોધી કાઢી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# ઝિમ્બાબ્વે આજે આયર્લેન્ડને હરાવે તો કાંગારૂઓ ટુર્નામેન્ટમાંથી બહાર થઈ જશે!



## સિકંદર રઝાની કેપ્ટનશીપ હેઠળ ઝિમ્બાબ્વેએ અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું છે, ઓમાનને હરાવ્યા પછી, તેમણે ઓસ્ટ્રેલિયાને હરાવીને બધાને આશ્ચર્યચકિત કરી દીધા

**અબતક, રાજકોટ**

આ વર્ષે ક્રિકેટ ટી૨૦ વર્લ્ડકપમાં મોટા ઉલટફેર જોવા મળી રહ્યા છે. ઑસ્ટ્રેલિયાએ ગઈકાલે વધુ એક મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે. આ સાથે જ આ ટીમ પર હવે ટુર્નામેન્ટથી બહાર થવાનો ખતરો વધી ગયો છે. વર્લ્ડ કપની સૌથી મહત્વપૂર્ણ મેચોમાંની એકમાં આજે આયર્લેન્ડ અને ઝિમ્બાબ્વે ટકરાશે. આ મેચ સુપર ૮ માં ક્વોલિફાય થવાની બંને ટીમોની શક્યતા નક્કી કરી શકે છે. આયર્લેન્ડે બહાર થવાથી બચવા માટે જીતવું પડશે, જ્યારે બે પોઈન્ટ સુપર ૮ માં ઝિમ્બાબ્વેનું સ્થાન લગભગ સુનિશ્ચિત કરશે. આ મેચમાં ઓસ્ટ્રેલિયા સૌથી વધુ નજીકથી જોવામાં આવતી ટીમ હશે. જો ઝિમ્બાબ્વે આજે જીતે છે, તો કાંગારૂઓ ટુર્નામેન્ટમાંથી બહાર થઈ જશે.

### ત્રણ ટીમોની સફર સમાપ્ત, પાકિસ્તાન પર લટકતી તલવાર

ટુર્નામેન્ટમાં લીગ સ્ટેજમાં જ નેપાળ, ઓમાન અને નામીબિયાની સફર સમાપ્ત થઈ ગઈ છે. ભારત સામે પરાજય બાદ પાકિસ્તાનની સ્થિતિ પણ સારી નથી. તે ગ્રુપ-એમાં ત્રીજા સ્થાન પર છે. જો હવે છેલ્લી લીગ મેચમાં પણ જીત ન મળી તો પાકિસ્તાન પણ ટુર્નામેન્ટથી બહાર થઈ શકે છે.

સિકંદર રઝાની કેપ્ટનશીપ હેઠળ ઝિમ્બાબ્વેએ અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું છે. ઓમાનને હરાવ્યા પછી, તેમણે ઓસ્ટ્રેલિયાને હરાવીને બધાને આશ્ચર્યચકિત કરી દીધા. જો તેઓ તેમની બાકીની બે મેચમાંથી એક જીતી જાય, તો તેઓ સુપર ૮ માં આગળ વધી શકે છે. આયર્લેન્ડ સામેની જીત આગામી રાઉન્ડમાં ઝિમ્બાબ્વેનું સ્થાન સુરક્ષિત કરી શકે છે.

આ મેચ પલ્લેકેલે ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં રમાશે. પલ્લેકેલેમાં હવામાનની આગાહી બહુ સારી નથી. મેચ દરમિયાન વરસાદની શક્યતા છે. તાપમાન ૨૦ થી ૨૬ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહેવાની ધારણા છે, ભેજ ૭૫ ટકાથી વધુ રહેશે. જો વરસાદને કારણે આ મેચ રદ કરવામાં આવે છે, તો ઝિમ્બાબ્વેને એક પોઈન્ટ મળશે. આ સ્થિતિમાં, તેઓ શ્રીલંકા સામેની આગામી મેચ હારી જાય તો પણ સુપર ૮માં આગળ વધશે. વરસાદ પડેલી મેચ ઝિમ્બાબ્વેના પાંચ પોઈન્ટ રહેશે, જ્યારે ઓસ્ટ્રેલિયા અંતિમ મેચ જીતી જાય તો પણ ફક્ત ચાર પોઈન્ટ સુધી પહોંચી શકશે.

# નિશંકાની શાનદાર સદીથી ઓસ્ટ્રેલિયાને ૮ વિકેટે હરાવી શ્રીલંકાનો સુપર-૮માં પ્રવેશ

## પહેલા બેટિંગ કરતા ઓસ્ટ્રેલિયા ૧૮૧ રનમાં ઓલઆઉટ થઈ ગયું, જેના જવાબમાં શ્રીલંકાએ ૧૮ ઓવરમાં ૧૮૪ રન બનાવીને મેચ જીતી લીધી



**અબતક, રાજકોટ**

શ્રીલંકાએ ઓપનર પથુમ નિશંકાની તોફાની સદી અને કુસલ મેન્ડિસની અર્ધી સદીની મદદથી ઓસ્ટ્રેલિયાને ૮ વિકેટે પરાજય આપી સુપર ૮ સ્થાન મેળવી લીધું છે. ઓસ્ટ્રેલિયાએ પ્રથમ બેટિંગ કરતાં નિર્ધારિત ૨૦ ઓવરમાં ૧૦ વિકેટ ગુમાવી ૧૮૧ રન બનાવ્યા હતા. જેના જવાબમાં શ્રીલંકાની ટીમે ઓપનર પથુમ નિશંકાના અણનમ ૧૦૦ રન અને કુસલ મેન્ડિસના ૫૧ રનની મદદથી ૧૮ ઓવરમાં ૧૮૨ રનનો લક્ષ્યાંક મેળવી લીધો હતો. ઓસ્ટ્રેલિયાની આ સતત બીજી હાર છે. આ અગાઉની મેચમાં ઝિમ્બાબ્વે સામે પણ પરાજય થયો હતો. હવે ઓસ્ટ્રેલિયાને ઓમાન સામે રમવાનું છે. આ મેચ જીતે તો પણ તેણે આજે મંગળવારે ઝિમ્બાબ્વે અને આયરલેન્ડ વચ્ચેની મેચ પર મદાર રાખવો પડશે. જો આ મેચ ઝિમ્બાબ્વે જીતી જાય તો તે છ પોઈન્ટ સાથે સુપર ૮માં ક્વોલિફાઈ કરી લેશે અને ઓસ્ટ્રેલિયા ગ્રુપ સ્ટેજમાંથી જ બહાર થઈ જશે. ઓસ્ટ્રેલિયાને અંતિમ આઠમાં પહોંચવા માટે ઝિમ્બાબ્વે પોતાની બાકીની બંને મેચ હારી જાય અને ઓસ્ટ્રેલિયા ઓમાન સામે ઊંચા રનરેટથી મેચ જીતી પોતાનો રનરેટ સુધારે તો અંતિમ આઠમાં પહોંચવાની શક્યતા છે. ઝિમ્બાબ્વેને પોતાની છેલ્લી બે મેચ આયરલેન્ડ અને શ્રીલંકા સામે રમવાની છે. ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ઓસ્ટ્રેલિયન ટીમના ઓપનર મિચેલ માર્શ અને ટ્રેવિસ હેડે ટીમને તોફાની શરૂઆત અપાવી હતી.મેચની ત્રીજી જ ઓવરમાં શ્રીલંકાના ઝડપી બોલર મથીશા પથિરાનાના સ્નાયુઓ ખેંચાઈ જતાં બહાર જતો રહ્યો હતો. ઓસ્ટ્રેલિયન ઓપનરોએ પાવર પ્લેનો ભરપુર ફાયદો ઉઠાવતાં વિના વિકેટે ૬૦ રને સ્કોર પહોંચાડી દીધો હતો. માર્શ અને હેડ બંનેએ આ દરમિયાન પોતાની અર્ધી સદી પૂર્ણ કરી ટીમનો સ્કોર ૧૦૦ રનની પાર પહોંચાડી દીધો હતો. સ્પિનર દશુન હેમંથાએ નવમી ઓવરમાં પ્રથમ સફળતા અપાવતાં ટ્રેવિસ હેડને કામિંદુ મેન્ડિસના હાથે કેચ કરાવી પેવેલિયન મોકલ્યો હતો. ત્રીજા નંબરે આવેલા કેમરૂન ગ્રીન માત્ર ૩ રન બનાવી આઉટ થયો હતો જ્યારે મિચેલ માર્શ પણ ૨૭ બોલમાં ૫૪ રન બનાવી હેમંથાની ઓવરમાં એલબીડબલ્યુ થયો હતો. ટીમ ડેવિડ પણ માત્ર છ રન બનાવી આઉટ થતાં ૧૩૦ રનના સ્કોરે ચોથી વિકેટ ગુમાવી દીધી હતી. મેક્સવેલ અને જોશ ઈંગ્લિશે ટીમને સંભાળવાનો પ્રયાસ કર્યો હતો. બંને વચ્ચે પાંચમી વિકેટ માટે ૩૦ રનની ભાગીદારી નોંધાઈ હતી. અંતિમ ઓવરોમાં બંને ઘાતક સાબિત થાય તે પહેલાં મેક્સવેલને હેમંથાએ અને જોશ ઈંગ્લિશને ચમીરાએ આઉટ કરી ઓસ્ટ્રેલિયાને બેકફૂટ પર ધકેલી દીધું હતું. જોશ ઈંગ્લિશ ૧૭૪ રનના સ્કોરે આઉટ થયા બાદ બાકીની ચાર વિકેટ ચાર રનમાં ગુમાવી દીધી હતી. શ્રીલંકા તરફથી દશુન હેમંથાએ ૪ ઓવરમાં ૩૭ રન આપી ૩ વિકેટ ઝડપી હતી જ્યારે દુશમંથા ચમીરાએ ૪ ઓવરમાં ૩૮ રન આપી બે વિકેટ મેળવી હતી. ૧૮૨ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી શ્રીલંકાની ટીમે ઓપનર કુશલ પરેરાની વિકેટ બીજી ઓવરમાં જ ગુમાવી દીધી હતી. જોકે, પથુમ નિશંકા અને કુસલ મેન્ડિસે ઓસ્ટ્રેલિયાન બોલરોને હંફાવતા છ ઓવરમાં ટીમનો સ્કોર ૬૧ રને પહોંચાડી દીધો હતો. બંનેએ ઓસ્ટ્રેલિયન બોલરોને મચક આપ્યા વિના ટીમનો સ્કોર ૧૦૦ રનની પાર પહોંચાડ્યો હતો. ૧૦૫ રનના સ્કોરે મેન્ડિસ અંગત ૫૧ રન બનાવી આઉટ થયા બાદ પથુમ નિશંકા અને પવન રથ્નાયકેએ ત્રીજી વિકેટ માટે અણનમ ૭૯ રનની ભાગીદારી નોંધાવી ટીમને ૧૮મી ઓવરમાં વિજય અપાવ્યો હતો.

### પથુમ નિસાંકાના ૫૨ બોલમાં અણનમ ૧૦૦ રન

ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી શ્રીલંકાને બીજી ઓવરમાં જ ઝટકો લાગ્યો જ્યારે કુસલ પરેરા માત્ર ૧ રન બનાવીને આઉટ થઈ ગયો. પરંતુ પથુમ નિસાંકાએ પોતાની તાકાત જાળવી રાખી અને શાનદાર સદી ફટકારીને શ્રીલંકાને જીત અપાવી.પથુમ નિસાંકાએ ૫૨ બોલમાં ૧૦૦ રનની શાનદાર ઈનિંગ રમી, જેમાં ૧૦ ચોગ્ગા અને ૫ છગ્ગા ફટકાર્યા છે. કુસલ મેન્ડિસે પણ ૩૮ બોલમાં ૫૧ રન બનાવ્યા, જેમાં ૬ ચોગ્ગા અને ૧ છગ્ગા ફટકાર્યા છે. પથુમ નિસાંકાની સદીના આધારે શ્રીલંકાએ ૧૮ ઓવરમાં ૧૮૪ રન બનાવીને મેચ જીતી લીધી.

# સરકારી સાહસોને વિકસિત ભારતના ચેમ્પિયન બનાવવા નીતિ આયોગ રોડમેપ બનાવી દેશે

## આધુનિકીકરણની પ્રક્રિયામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ઈન્ટરનેટ ઓફ થિંગ્સ, ડિજિટલ ટ્વિન્સ અને ૩ડી પ્રિન્ટિંગ જેવી ચોથી ઔદ્યોગિક ક્રાંતિની ટેકનોલોજીના ઉપયોગ પર વિશેષ ભાર મૂકવામાં આવશે

**નવી દિલ્હીઃ** ભારતને વર્ષ ૨૦૪૭ સુધીમાં એક વિકસિત રાષ્ટ્ર બનાવવાના વિઝનને સાકાર કરવા માટે કેન્દ્ર સરકાર હવે જાહેર ક્ષેત્રના એકમો (CPSEs) ના કાયાકલ્પની તૈયારી કરી રહી છે. નીતિ આયોગ અને નાણા મંત્રાલયના સંયુક્ત પ્રયાસોથી એક એવો વ્યૂહાત્મક રોડમેપ તૈયાર કરવામાં આવી રહ્યો છે, જે અંતર્ગત પસંદગીની સરકારી કંપનીઓને 'ચેમ્પિયન CPSEs' તરીકે સ્થાપિત કરવામાં આવશે.

આ નવી યોજના મુજબ, સરકાર આ કંપનીઓને માત્ર આર્થિક રીતે જ નહીં પરંતુ ટેકનોલોજી અને ગવર્નન્સની દ્રષ્ટિએ પણ મજબૂત બનાવશે. 'ચેમ્પિયન CPSEs' ને તેમના રોકાણના નિર્ણયો લેવામાં, વિદેશી બજારોમાં તકો ઝડપવામાં અને ખાનગી ક્ષેત્રમાંથી નિષ્ણાત પ્રતિભાઓની ભરતી કરવા માટે વિશેષ સ્વાયત્તતા અને સ્વતંત્રતા આપવામાં આવશે.




આ આધુનિકીકરણની પ્રક્રિયામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ઈન્ટરનેટ ઓફ થિંગ્સ, ડિજિટલ ટ્વિન્સ અને ૩ડી પ્રિન્ટિંગ જેવી ચોથી ઔદ્યોગિક ક્રાંતિની ટેકનોલોજીના ઉપયોગ પર વિશેષ ભાર મૂકવામાં આવશે. નીતિ આયોગના સભ્ય રાજીવ ગૌબાના નેતૃત્વમાં તૈયાર થઈ રહેલો આ પ્લાન ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, આ સુધારા માટે અંદાજે એક ડઝન જેટલી કંપનીઓને શોર્ટલિસ્ટ કરવામાં આવી છે, જેમાં ઈન્ડિયન રેર અર્થ્સ, ભારત ઈલેક્ટ્રોનિક્સ , માઝાગોન ડોક શિપબિલ્ડર્સ, ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા અને સેન્ટ્રલ વેરહાઉસિંગ કોર્પોરેશન જેવી અગ્રણી સંસ્થાઓનો સમાવેશ થાય છે. માર્ચ ૨૦૨૫ સુધીના ડેટા મુજબ ભારતમાં કુલ ૪૭૫ કેન્દ્રીય જાહેર સાહસો છે, જેમાંથી ૨૯૧ કાર્યરત છે. સરકારનો લક્ષ્ય આ સાહસોને 'ફ્યુચર રેડી' બનાવીને દેશની આર્થિક વૃદ્ધિમાં તેમનો ફાળો વધારવાનો છે.

# આજે ફ્રાન્સના રાષ્ટ્રપતિ ભારતની મુલાકાત લઈ વેપાર, સંરક્ષણ, ટેકનોલોજીના ક્ષેત્રના કરાર વિશે ચર્ચા કરશે

## ભારત અને ફ્રાન્સ માત્ર વેપાર જ નથી કરી રહ્યા, પરંતુ હિંદ મહાસાગર વિસ્તારમાં શાંતિ જાળવવા માટે ફ્રાન્સ ભારતનો સૌથી મજબૂત સાથી બનશે

આજે મુંબઈમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનનું સ્વાગત કરશે. આ મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે સંરક્ષણ , વેપાર અને ટેકનોલોજી ક્ષેત્રે અનેક મહત્વના કરારો થવાની શક્યતા છે. આ ત્રણ દિવસની મુલાકાત ભારત અને ફ્રાન્સના સંબંધોને નવી ઊંચાઈ પર લઈ જશે. ભારતે હાલમાં જ ફ્રાન્સ પાસેથી ૧૧૪ રાફેલ ફાઈટર જેટ ખરીદવાની મંજૂરી આપી છે, જેના પર આ બેઠકમાં મહોર લાગી શકે છે. મુંબઈના ગેટવે ઓફ ઈન્ડિયા ખાતે 'ભારત-ફ્રાન્સ ઈનોવેશન વર્ષ ૨૦૨૬' ની ભવ્ય શરૂઆત કરવામાં આવશે.



દિલ્હીમાં યોજાનારા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સમિટમાં પણ મેક્રોન ભાગ લેશે. બંને દેશો સુરક્ષિત અને વિશ્વાસપાત્ર AI ટેકનોલોજી બનાવવા માટે સહમત થયા છે. રશિયા-યુક્રેન યુદ્ધ અને ગાઝાની સ્થિતિ જેવા ગંભીર મુદ્દાઓ પર પણ બંને નેતાઓ ચર્ચા કરશે. ભારત અને ફ્રાન્સ માત્ર વેપાર જ નથી કરી રહ્યા, પરંતુ ૨૦૪૭ સુધીનો એક એવો રોડમેપ તૈયાર કરી રહ્યા છે જેમાં સંરક્ષણ અને ટેકનોલોજીમાં બંને દેશો એકબીજાના અવિભાજ્ય સાથી બની રહે. ખાસ કરીને હિંદ મહાસાગર વિસ્તારમાં શાંતિ જાળવવા માટે ફ્રાન્સ ભારતનો સૌથી મજબૂત સાથી છે.

ફ્રાન્સ માત્ર યુરોપમાં નથી. હિંદ મહાસાગરમાં ફ્રાન્સના પોતાના ટાપુઓ છે. ત્યાં ફ્રાન્સના સૈનિકો અને નૌકાદળના મથકો કાયમ માટે તૈનાત હોય છે. તેથી ફ્રાન્સ આ વિસ્તારની સ્થાનિક શક્તિ ગણાય છે.

ચીન અને પાકિસ્તાન જેવા પડોશી દેશોની સ્થિતિ જોતા ભારતે પોતાની વાયુસેનાને મજબૂત કરવા રાફેલ જેવા આધુનિક વિમાનોની જરૂર છે. ભવિષ્ય AI અને નવા ઈનોવેશનનું છે. ફ્રાન્સ સાથે મળીને ભારત આ નવી ટેકનોલોજીમાં દુનિયાનું નેતૃત્વ કરી શકે છે. રક્ષણ અને ઉદ્યોગ ક્ષેત્રે થનારા ૧૦ થી વધુ કરારોથી ભારતમાં કુશળતા વધશે અને નવી નોકરીઓની તકો ઊભી થશે.

# AIનો ગેરઉપયોગ રોકવા ભારત ૩૦ થી વધુ દેશો સાથે વાટાઘાટો કરશે

## AIથી બનેલા ફોટા કે વિડિયો પર 'વોટરમાર્ક' અને 'લેબલિંગ' ફરજિયાત બનાવવાની તૈયારીમાં છે, જેથી લોકોને ખબર પડે કે કયું કન્ટેન્ટ સાચું અને કયું AI દ્વારા બનેલું છે

આજના ડિજિટલ યુગમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેટલું વરદાનરૂપ છે, એટલું જ તે 'ડીપફેક' અને ખોટી માહિતી ફેલાવવાના જોખમો પણ સાથે લાવ્યું છે. જ્યારે ટેકનોલોજી લોકશાહીના પાયા અને માનવ સર્જનાત્મકતા પર પ્રહાર કરવા લાગે, ત્યારે માત્ર કાયદા જ નહીં પણ વૈશ્વિક એકતાની જરૂર પડે છે. ભારતના આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે તાજેતરમાં સ્પષ્ટ કર્યું છે કે ભારત હવે માત્ર ટેકનોલોજીનો ઉપયોગ કરનાર દેશ નથી, પરંતુ તેને સુરક્ષિત બનાવવા માટે વિશ્વનું નેતૃત્વ કરી રહ્યો છે.



૩૦ થી વધુ દેશો સાથેની આ ઐતિહાસિક ચર્ચા અને 'ક્રિએટ ઈન ઈન્ડિયા' જેવા મિશન દ્વારા ભારત એક એવી 'ઓરેન્જ ઈકોનોમી' તરફ ડગ માંડી રહ્યું છે, જ્યાં સર્જકોની મહેનત સુરક્ષિત હશે અને ટેકનોલોજી ભરોસાપાત્ર હશે. સરકાર હવે AI થી બનેલા ફોટા કે વિડિયો પર 'વોટરમાર્ક' અને 'લેબલિંગ' ફરજિયાત બનાવવાની તૈયારીમાં છે, જેથી લોકોને ખબર પડે કે કયું કન્ટેન્ટ અસલી છે અને કયું AI દ્વારા બનાવેલું છે. 'ડીપફેક' અને ખોટી માહિતી લોકશાહી અને સામાજિક વિશ્વાસ પર હુમલો કરી રહી છે. જો કોઈ પ્લેટફોર્મ પર ખોટી માહિતી ફેલાય, તો તેની જવાબદારી માત્ર બનાવનારની જ નહીં, પણ તે પ્લેટફોર્મની પણ રહેશે.

આને રોકવાની જવાબદારી માત્ર સરકારની જ નહીં, પણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ અને તેને બનાવનાર કંપનીઓની પણ છે. ભારત ટૂંક સમયમાં આ નવું મિશન શરૂ કરશે. જેનો હેતુ ભારતને દુનિયાનું ક્રિએટિવ હબ બનાવવાનો અને તેના દ્વારા રોજગારી વધારવાનો છે.

સર્જનાત્મક અને સાંસ્કૃતિક ઉદ્યોગોને વેગ આપીને આગામી ૨૫ વર્ષના આર્થિક વિકાસનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.ટેકનોલોજી આગળ વધે તે જરૂરી છે, પણ તે કોઈના હિતને નુકસાન ન પહોંચાડે અથવા ખોટો પ્રચાર ન ફેલાવે તે માટે વૈશ્વિક સ્તરે કડક નિયમો બનાવવા એ આ લેખનો મુખ્ય મુદ્દો છે.

# ભાડુઆતોને હવે 'ખાલી દીવાલો' નહીં પણ 'સજાવેલી મિલકતો'નું આકર્ષણ

## સ્થાયી મિલકતોમાં મૂડીરોકાણ અને ભાડાની આવક વચ્ચેનું અંતર વધ્યું

**અબતક રાજકોટ**

ભારતીય રિયલ એસ્ટેટ માર્કેટમાં અત્યારે એક મોટું પરિવર્તન જોવા મળી રહ્યું છે. એક તરફ મિલકતોના ખરીદ-વેચાણના ભાવ આસમાને પહોંચી રહ્યા છે, તો બીજી તરફ ભાડાની આવક તેટલી ઝડપે વધી રહી નથી, જેના કારણે રોકાણ અને વળતર વચ્ચેનું અંતર સતત વધી રહ્યું છે. આ દરમિયાન, ભાડુઆતોની પસંદગીમાં પણ મોટો બદલાવ આવ્યો છે; હવે તેઓ માત્ર ચાર દીવાલો ધરાવતા ખાલી મકાનોને બદલે સુવિધાયુક્ત અને સજાવેલી મિલકતોને વધુ પસંદ કરી રહ્યા છે.



મેજિકબ્રિક્સ રેન્ટલ ઈન્ડેક્સના તાજેતરના અહેવાલ મુજબ, દેશના મુખ્ય શહેરોમાં પ્રોપર્ટીની કિંમતોમાં વાર્ષિક ધોરણે મોટો ઉછાળો જોવા મળ્યો છે. છેલ્લા ક્વાર્ટરમાં મિલકતોના ભાવમાં ૨.૨ ટકા નો વધારો થયો છે, પરંતુ તેની સામે ભાડાની માંગમાં ૨.૪ ટકા નો ઘટાડો નોંધાયો છે.

આ સ્થિતિ દર્શાવે છે કે રોકાણકારો માટે હવે માત્ર ભાડાની આવક પર નિર્ભર રહેવું મુશ્કેલ બન્યું છે. મિલકતની કિંમતો એટલી ઝડપથી વધી રહી છે કે ભાડાનું વળતર તેટલું આકર્ષક રહ્યું નથી. જોકે, ચેન્નાઈ (૪.૧૬ ટકા) અને અમદાવાદ (૩.૯૮ ટકા) જેવા શહેરો હજુ પણ ભાડાની આવકની દ્રષ્ટિએ દેશમાં મોખરે છે.નિષ્ણાતોના મતે, રિયલ એસ્ટેટ માર્કેટ અત્યારે એક 'ડિસર્નિંગ' એટલે કે સમજી-વિચારીને ચાલનારા તબક્કામાં છે. રોકાણકારો હવે લાંબા ગાળાના મૂડી વધારા પર ધ્યાન આપી રહ્યા છે, જ્યારે ભાડુઆતો એવી મિલકતો પાછળ ખર્ચ કરવા તૈયાર છે જે તેમને તત્કાલ રહેવા માટેની તમામ સગવડ પૂરી પાડે છે.

**આજના સમયમાં ભાડુઆતો, ખાસ કરીને નોકરીયાત વર્ગ અને યુવા પરિવારો, એવા મકાનો શોધી રહ્યા છે જ્યાં તેમને પાયાની સજાવટ પહેલેથી મળેલી હોય. રિપોર્ટ અનુસાર**

- સેમી-ફર્નિશ્ડની માંગઃ બજારમાં ઉપલબ્ધ કુલ મકાનોમાંથી ૫૫ ટકા અને માંગના ૫૪ ટકા હિસ્સો સેમી-ફર્નિશ્ડ મકાનોનો છે.
- સુવિધાને પ્રાધાન્યઃ લોકો હવે ભાડે રહેવા માટે ખાલી મકાનોને બદલે એવા મકાનોને પ્રાધાન્ય આપે છે જેમાં કિચન કેબિનેટ્સ, વોર્ડરોબ અને પાયાની ઈલેક્ટ્રિકલ ફિટિંગ્સ પહેલેથી જ હોય.
- મધ્યમ કદના ઘરોઃ ૫૦૦ થી ૧૫૦૦ ચોરસ ફૂટના મકાનોની માંગ સૌથી વધુ એટલે કે ૭૮ ટકા જોવા મળી છે.

# હવે AI દવા બનાવવાનો સમય અને ખર્ચ બંનેમાં ફાયદો કરાવશે

## જો દવાઓ જલ્દી શોધાય અને તેના ખર્ચમાં ઘટાડો થાય, તો અંતે સામાન્ય દર્દીઓને નવી અને સસ્તી સારવારનો લાભ મળશે.

ભારતની દિગ્ગજ દવા કંપનીઓ જેવી કે સન ફાર્મા અને ગ્લેનમાર્ક હવે નવી દવાઓ શોધવા માટે AI નો સહારો લઈ રહી છે. અત્યાર સુધી આ કંપનીઓ માત્ર જૂની દવાઓની કોપી બનાવતી હતી, પણ હવે તેઓ પોતે જ નવી અને અદ્યતન દવાઓ શોધવા પર ધ્યાન આપી રહી છે. AIની મદદથી દવા બનાવવાનો ખર્ચ ઘટશે અને જે કામમાં વર્ષો લાગતા હતા તે હવે ઝડપથી પૂર્ણ થશે.

નવી દવા શોધવામાં અને તેના ટેસ્ટિંગમાં ઘણો સમય લાગે છે. AI ના ઉપયોગથી ડેટા એનાલિસિસ ઝડપી બનશે, જેથી દવા વહેલી બજારમાં આવશે. આખી દુનિયામાં ફાર્મા કંપનીઓ AI પાછળ અબજો ડોલર ખર્ચી રહી છે. વર્ષ ૨૦૩૪ સુધીમાં આ રોકાણ વધીને ૧૬.૫ અબજ ડોલર સુધી પહોંચવાની શક્યતા છે. સન ફાર્માના દિલીપ સંઘવી અને ગ્લેનમાર્કના ગ્લેન સલ્દાન્હાનું માનવું છે કે AI દ્વારા દર્દીઓની ભરતી અને દવાના મોડેલિંગમાં મોટી ક્રાંતિ આવશે.



ગ્લેનમાર્કની પેટાકંપનીએ તાજેતરમાં જ બ્લડ કેન્સરની નવી દવા માટે અમેરિકન કંપની સાથે રૂ. ૧૫,૦૦૦ કરોડથી વધુનો મોટો સોદો કર્યો છે. ભારત હવે માત્ર 'દુનિયાની ફેક્ટરી' નથી રહ્યું, પણ ટેકનોલોજીના ઉપયોગથી 'નવી શોધ' કરનારું કેન્દ્ર બની રહ્યું છે. ફાર્મા સેક્ટરમાં આવનારા આ બદલાવથી કંપનીઓની આવક અને નફાકારકતામાં મોટો ઉછાળો આવી શકે છે. જો દવાઓ જલ્દી શોધાય અને તેના ખર્ચમાં ઘટાડો થાય, તો અંતે સામાન્ય દર્દીઓને નવી અને સસ્તી સારવારનો લાભ મળી શકે.

# ભાટીયા રેલવે સ્ટેશનનો અમૃત ભારત યોજના અંતર્ગત ૬.૪૨ કરોડના ખર્ચે કરાય કાયાપલટ

## ભાટીયાનું રેલવે સ્ટેશન આધુનીક સુવિધા સાથે સ્થાપત્ય વારસાના જતનનું બન્યું પ્રતિક




**અબતક, રાજકોટ**

રાજકોટ: પશ્ચિમ રેલવેના રાજકોટ રેલવે ડિવિઝન દ્વારા મુસાફરોની સુખદ અને સુરક્ષિત મુસાફરીની દિશામાં એક મોટી સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. 'અમૃત ભારત સ્ટેશન યોજના' અંતર્ગત રૂ ૬.૪૨ કરોડના ખર્ચે ભાટિયા સ્ટેશનના પુનઃવિકાસનું કાર્ય લગભગ પૂર્ણ થઈ ગયું છે. હવે આ સ્ટેશન માત્ર આધુનિક સુવિધાઓથી સજ્જ નથી, પરંતુ તેની નવી ભવ્ય સ્થાપત્યકળા સાથે સૌરાષ્ટ્રની રેલ કનેક્ટિવિટીને નવી ઊંચાઈ પ્રદાન કરી રહ્યું છે.

સ્ટેશનને સંપૂર્ણપણે 'દિવ્યાંગજન અને વડીલોને અનુકૂળ' બનાવવામાં આવ્યું છે. વિશાળ સર્ક્યુલેટિંગ એરિયાના વિકાસથી સ્ટેશન પરિસરમાં વાહનોની અવરજવર સરળ અને વ્યવસ્થિત બનશે. સ્ટેશનને નીચે મુજબની અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ કરવામાં આવ્યું છે. નવું સ્ટેશન બિલ્ડિંગ: ૨૮૫૯.૪૭ ચોરસ ફૂટમાં ફેલાયેલું આધુનિક ભવન, જેમાં અઈઙ ક્લેડિંગ , પ્લાસ્ટર અને ટાઈલ્સનું ફિનિશિંગ કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે. પ્રવેશ અને નિકાસ દ્વાર: મુસાફરોની ભીડને નિયંત્રિત કરવા અને સરળ અવરજવર માટે ૨૦-૨૦ ફૂટ પહોળા દ્વાર બનાવવામાં આવ્યા છે. સ્ટેશન પોર્ચ: ૧૨૧૦ ચોરસ ફૂટનો વિસ્તાર જે મુસાફરોને ખરાબ હવામાનથી બચાવવાની સાથે આરામદાયક પ્રવેશ પ્રદાન કરે છે.

વિશાળ કોનકોર્સ: ૧૮૧૦ ચોરસ ફૂટનો મોટો વિસ્તાર જ્યાં મુસાફરો ભીડભાડ વગર આરામથી રોકાઈ શકે છે. પ્રતીક્ષાલય: ૨૧૧૦ ચોરસ ફૂટનો વિસ્તાર, જે બહેતર વેન્ટિલેશન અને બેસવાની આરામદાયક વ્યવસ્થાથી સજ્જ છે. ડીલક્સ એસી વેઈટિંગ રૂમ: ૩૭૩ ચોરસ ફૂટના વિશાળ પ્રીમિયમ રૂમ, જ્યાં મુસાફરો શાંત વાતાવરણમાં પ્રતીક્ષા કરી શકે છે. પ્લેટફોર્મ કવર શેડ: પ્લેટફોર્મ નંબર ૧ થી ૩ સુધી ૧૨૯૫૦ ચોરસ ફૂટનો વિસ્તૃત શેડ જે મુસાફરોને તડકા અને વરસાદથી રક્ષણ આપે છે.



વિશાળ પાર્કિંગ એરિયા: ૩૯૨૦.૧૫ ચોરસ ફૂટનો સમર્પિત વિસ્તાર જે વધુ વાહનોને વ્યવસ્થિત રીતે પાર્ક કરવાની સુવિધા આપે છે. પિક-અપ/ડ્રોપ-ઓફ લેન: વાહનોના સરળ પ્રવાહ માટે ૧૩ ફૂટ પહોળી અલગ લેન બનાવવામાં આવી છે. સર્ક્યુલેટિંગ એરિયા: સ્ટેશન પરિસરના બહારના ભાગનો વિકાસ, જેનાથી વાહનોની અવરજવર વ્યવસ્થિત અને ટ્રાફિક મુક્ત બનશે.

દિવ્યાંગજન સુવિધાઓ: સમર્પિત પાર્કિંગ સ્લોટ, ટેક્ટાઈલ ટાઈલ્સ, સાઈનેજ અને હેન્ડ રેલ જેવી વિશેષ સુવિધાઓ જેથી દિવ્યાંગ મુસાફરોને કોઈ અસુવિધા ન થાય. પ્રકાશ વ્યવસ્થા: સુરક્ષા માટે નવા વીજ થાંભલા અને હાઈ માસ્ટ લાઈટ્સ લગાવવામાં આવી છે, જેથી રાત્રિના સમયે સ્ટેશન સંપૂર્ણપણે પ્રકાશિત રહે.

રાજકોટ ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી ગિરિરાજ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ ભાટિયા સ્ટેશનનો આ પુનઃવિકાસ મુસાફરો માટે સુગમતા અને ગરિમાપૂર્ણ મુસાફરીનો નવો માપદંડ સ્થાપિત કરશે. આધુનિક પ્રતીક્ષાલયોમાં બેસવાની ઉત્તમ વ્યવસ્થા, વેન્ટિલેશન અને શાંત વાતાવરણ મુસાફરોનો અનુભવ વધુ સુખદ બનાવશે. આધુનિક માહિતી પ્રણાલી, બહેતર પ્રકાશ વ્યવસ્થા, સ્વચ્છ પરિસર અને સુવ્યવસ્થિત પ્રવેશ-નિકાસ મુસાફરોને સુરક્ષિત વાતાવરણ પૂરું પાડશે.

# જામનગર: રામેશ્વર નગરમાં મહિલા જાગૃતિ સેમિનાર યોજાયો

## ઘરેલું હિંસા અધિનિયમની વિવિધ જોગવાઈઓ, કાયદાકીય સુરક્ષા અને ઉપલબ્ધ સહાય અંગે મહિલાઓને વિસ્તૃત માર્ગદર્શન અપાયું



**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગરના રામેશ્વર નગર ખાતે મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા ઘરેલું હિંસા અધિનિયમ-૨૦૦૫ અંતર્ગત જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત મહિલાઓને તેમના કાયદાકીય અધિકારો પ્રત્યે સજાગ કરી, આત્મવિશ્વાસ સાથે અન્યાય સામે અવાજ ઉઠાવવા પ્રોત્સાહિત કરાયા હતા.

આ પ્રસંગે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના પ્રતિનિધિ અને કસ્ટમ્સ તથા સેન્ટ્રલ જીએસટીના પેનલ વકીલ હર્ષિદાબેન જોશી દ્વારા ઘરેલું હિંસા અધિનિયમની વિવિધ જોગવાઈઓ, કાયદાકીય સુરક્ષા અને ઉપલબ્ધ સહાય અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું, જેમાં મહિલાઓ માટે ન્યાયને સરળ બનાવવામાં ની ભૂમિકાને વિશેષરૂપે ઉજાગર કરવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન મહિલા અને બાળ અધિકારી ડૉ. પૂજાબેન ડોડીયા તથા દહેજ પ્રતિબંધ અધિકારી સોનલબેન વર્ણાગર દ્વારા પ્રશ્નોત્તરી પદ્ધતિથી અત્યંત સરળ ભાષામાં મહિલાઓને માર્ગદર્શન આપી, ઘરેલું હિંસા સામે કાયદાકીય રીતે મજબૂત બનવા પ્રેરણા આપવામાં આવી હતી.

# ખંભાળિયા ખામનાથ મહાદેવ મંદિરએ દ્વારા શિવરાત્રી પર્વની ઉજવણી



**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળીયા:** શિવ શોભાયાત્રા આ વખતે પણ પરમ પરંપરાગત રીતે યોજવામાં આવી હતી જેમાં ખામનાથ મહાદેવના શ્રદ્ધાળુઓ ભૂદેવો સહિત મોટી સંખ્યામાં ભક્તજનો ઉમટીયા હતા બેન્ડવાજા ના તાલ સાથે ખેલૈયાઓ દ્વારા રંગત જમાવી હતી સમગ્ર રૂરટિંમાં અને રૂ આકર્ષણ સઁજાયું હતુ જે યાત્રા રંગબેલ શાળાથી શરૂ થઈ રાબેતા મુજબના રૂટ ફરી અને ખામનાથ મહાદેવ ના મંદિરે સંપૂર્ણ થઈ હતી ૧૨ માસ દરમિયાન ફક્ત એક જ વખત પાલખીમાં સ્થાપવામાં આવેલા ભગવાન શિવ પાર્વતીજી અને ગણેશજીની એક જ વખત ઝાંખી થતી હોય જેથી યાત્રાની પૂર્ણાઁહૂતિ પણ બાદ શિવ શોભાયાત્રા ની ભવ્ય આરતી ઉતારવામાં આવી હતી જે સમયે બ્રાહ્મણો દ્વારા મંત્રોચ્ચાર કરતાં સમગ્ર વાતાવરણ મંગલમય બની રહ્યું હતું

# જામનગર: સમાણા ગ્રામ પંચાયતમાં નકલી લગ્ન સર્ટિફિકેટ કૌભાંડથી ખળભળાટ

## વડોદરાના યુગલને અપાયું ખોટું લગ્ન પ્રમાણપત્ર, પિતાની અરજીથી મામલો બહાર આવ્યોગ્રામ પંચાયતના સિક્કા અને સહીના દુરુપયોગની ચર્ચા

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના સમાણા ગ્રામ પંચાયત કચેરીમાં ડુપ્લીકેટ લગ્ન સર્ટિફિકેટ બનાવવાનું કૌભાંડ બહાર આવતા વિસ્તારભરમાં ચર્ચા જાગી છે. વડોદરાથી ભાગીને આવેલા એક યુગલને ખોટું લગ્ન સર્ટિફિકેટ આપવામાં આવ્યું હોવાનો આક્ષેપ સામે આવ્યો છે.

વિગતો મુજબ, ગ્રામ પંચાયતના સિક્કા અને તલાટી મંત્રીની સહી સાથે બનાવવામાં આવેલ આ સર્ટિફિકેટ અંગે યુવતીના પિતા દેસાઈ સંજયભાઈ અર્જુનભાઈએ સર્ટિફિકેટ સાચું છે કે નહીં તે અંગે અરજી કરતાં સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં સર્ટિફિકેટ ખોટી રીતે બનાવાયું હોવાની ચર્ચા છે.

લોકમુખે ચર્ચાઈ રહ્યું છે કે સમાણા ગામના તલાટી મંત્રીએ પૈસા લઈ નકલી સહી અને સિક્કાનો દુરુપયોગ કરી સર્ટિફિકેટ બનાવ્યું હતું. યુવતીના પિતાએ આ મામલે શેઠવડાળા પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધવા અરજી કરી છે, પરંતુ હજુ સુધી મુખ્ય આરોપી સામે કાર્યવાહી ન થતાં પ્રશ્નો ઊભા થયા છે. સમાણા ગ્રામ પંચાયત બોગસ લગ્ન નોંધણીનું કેન્દ્ર બની ગયું હોવાની ચર્ચા વચ્ચે તાલુકા વિકાસ અધિકારી તથા જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ક્યારે સઘન તપાસના આદેશ આપવામાં આવશે અને કૌભાંડનો મુખ્ય સૂત્રધાર ક્યારે બહાર આવશે તે મુદ્દે લોકોમાં ઉત્સુકતા જોવા મળી રહી છે.

# જામનગર: નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા શિક્ષકનું કરાયું સન્માન

## એડવાન્સ ટેક્નિક્સથીબીએલઓ કામગીરીમાં ઝડપ અને પારદર્શિતા અને ચૂંટણી પ્રક્રિયા સરળ બનાવવા બદલ જાહેર બિરદાવાય



**અબતક, સાગર સંઘાણી, જામનગર**

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓના શિક્ષકો માત્ર શિક્ષણ જ નહીં, પરંતુ વહીવટી કામગીરીમાં પણ પોતાની સૂઝબૂઝથી શ્રેષ્ઠતા સાબિત કરી રહ્યા છે. ૭૮-જામનગર ઉત્તર વિધાનસભા મતવિસ્તારમાં બીએલઓ તથા અન્ય સ્ટાફની કામગીરીને વધુ ઝડપી અને પારદર્શક બનાવવા માટે એડવાન્સ ટેક્નિક્સ અને સોફ્ટવેરનો અસરકારક ઉપયોગ કરનાર મદદનીશ શિક્ષક પરેશ કે. સહેત્યાની સરાહનીય કામગીરીને તંત્ર દ્વારા બિરદાવવામાં આવી છે.

શાળા નંબર ૪૫ માં ફરજ બજાવતા પરેશભાઈએ પોતાની ટેકનિકલ કુશળતાનો ઉપયોગ કરી જટિલ કામગીરીને અત્યંત સરળ અને વેગવંતી બનાવી હતી. તેમની આ નિષ્ઠા અને નવતર અભિગમ બદલ જામનગરના આસિસ્ટન્ટ કલેક્ટર અદિતિ વાર્ષ્ને, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષ પરસોતમભાઈ કકલાણી તેમજ શાસનાધિકારી ફાલ્ગુનીબેન પટેલના હસ્તે તેમનું જાહેર સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું કે, સરકારી કામગીરીમાં જ્યારે ટેકનોલોજીનો આવો સકારાત્મક સમન્વય થાય છે, ત્યારે સમયની બચત સાથે પરિણામ પણ સચોટ મળે છે. પરેશભાઈની આ કામગીરી અન્ય કર્મચારીઓ માટે પણ પ્રેરણારૂપ બની છે. આ સન્માન બદલ શિક્ષણ જગત અને સાથી કર્મચારીઓમાં આનંદની લાગણી પ્રસરી છે.

# દ્વારકા: ગુજરાત સાહિત્ય અકાદમી અને સંકપ એનજીઓના સંયુક્ત ઉપક્રમે રવિવારે કવિ સંમેલન

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

ગુજરાત સાહિત્ય અકાદમી તથા દ્વારકાના સંકલ્પ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે આગામી તા.૨૨-૨-૨૦૨૬ ન રવિવારના રોજ ભવ્ય કવિ સંમેલનનું આયોજન હાથ ધરાયું છે. દ્વારકાના હોટલ વીટઝ ખાતે તા.૨૨મીએ સાંજે ૭.૩૦ કલાકથી યોજાનાર કવિ સંમેલનમાં સાહિત્ય ક્ષેત્રે આગવી ઓળખ ધરાવતા ખ્યાતનામ કવિઓ ઉપસ્થિત કવિતા રસિકો સમક્ષ કવિતાનું સરનામું કૃષ્ણની થીમ આધારિત કવિતાઓનું રસપાન કરાવશે. ઉપસ્થિત કવિગણમાં ભરત ભટ્ટ (પવન), ડા.કેતન કારિયા, નિનાદ અધ્યારૂ તથા જય દાવડા તેમની આગવી શૈલીમાં શબ્દોનો રસથાળ પિરસશે.

## ગૌમાંસ પ્રકરણમાં

# દ્વારકા: ૪૨ ગામના સરપંચોએ રેલી યોજી પ્રાંત અધિકારીને આવેદન પાઠવ્યું



**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દ્વારકા નજીકના રૂપેણ બંદર વિસ્તારમાં ગત સપ્તાહે ૫૦ કિલો જેટલા ગૌમાંસના જથ્થા ઝડપાયા અંગે ગૌપ્રેમીઓ તથા સ્થાનીકોનો રોષ દિન-પ્રતિદિન વધી રહયો છે. આજરોજ દ્વારકા તાલુકાના ૪૨ ગામોના સરપંચો તથા પંચાયતના સભ્યો, સામાજિક આગેવાનો દ્વારા તાલુકા પંચાયત કચેરીથી પ્રાંત કચેરી સુધી વિશાળ રેલી યોજી પ્રાંત કચેરીએ આવેદનપત્ર પાઠવ્યું હતું. આવેદનપત્રમાં જણાવ્યાનુસાર દ્વારકા યાત્રાધામ પવિત્ર ભૂમિ હોય તીર્થભૂમિની પવિત્રતા જાળવવા હેતુ યાત્રાધામ તથા આસપાસના વિસ્તારોમાં કોઈપણ પ્રકારના માંસ-મટનના વેચાણ પર પ્રતિબંધ મૂકવા તેમજ આ પ્રકરણના દોષીઓ સામે સખ્ત દાખલારૂપ પગલા ભરવા તેમજ ઘટના અંગે ઉંડાણપૂર્વક તપાસની માંગ કરવામાં આવી છે.

# દ્વારકા જગતમંદિરમાં ઠાકોરજીને સુકા મેવા મનોરથ



**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દ્વારકાધીશ જગતમંદિરમાં આજરોજ ઠાકોરજીના ભાવિક ભક્ત પરિવાર દ્વારા વારાદાર પૂજારીના સૌજન્યથી સવારે ઠાકોરજીના શૃંગાર દર્શન સમયે સુકા મેવા મનોરથ યોજવામાં આવ્યો હતો. સોમવારના ગુલાબી વાઘા અને શીતકાલીન શૃંગાર સાથેના દિવ્ય મનોરથ દર્શન તથા મનોરથ આરતીનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોએ લાભ લીધો હતો. આ ઉપરાંત ઓનલાઈનના વિવિધ માધ્યમોથી દેશ વિદેશના લાખો કૃષ્ણભક્તોએ નિહાળી ભાવવિભોર બન્યાં હતાં.

# દ્વારકા: દ્વારકાધીશ મંદિર ૪થી માર્ચે દોલોત્સવ અને પાટોત્સવ દર્શનના સમયમાં ફેરફાર



**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા:** શ્રીકૃષ્ણ ભગવાનની નિવાસ ભૂમિ બેટ દ્વારકા તીર્થક્ષેત્રમાં આવેલા દ્વારકાધીશના મંદિરમાં આગામી ૪થી માર્ચના દોલોત્સવની પરંપરાગત રીતે ઉજવણી કરાશે. દોલોત્સવ નિમિત્તે ઠાકોરજીના દર્શન સમયમાં જરૂરી ફેરફાર નોંધાયો છે. બેટ દેવસ્થાન સમિતિના ઈન્ચાર્જ વ્યવસ્થાપકની યાદીમાં જણાવ્યાનુસાર ૪થી માર્ચે ઠાકોરજીની મંગલા આરતી સવારે ૭:૩૦ કલાકે, મોર આરતી ૮ કલાકે, શૃંગાર આરતી ૧૦ કલાકે તેમજ મધ્યાહન આરતી સવારે ૧૧:૩૦ કલાકે થશે. સવારે ૧૧:૩૦ થી બપોરે ૧૨:૩૦ ઠાકોરજીના દોલોત્સવ દર્શન પરંપરાગત રીતે થશે. બપોરે ૧:૩૦ કલાકે મીઠાજળ, સાંજે ૫ કલાકે ઉત્થાપન દર્શન તથા રાત્રે ૮ કલાકે ઠાકોરજીના શયન દર્શન થશે. તા.૫મી માર્ચના દ્વિતીયા પાટોત્સવ પ્રસંગે મંગલા આરતી સવારે ૭.૩૦ કલાકે તથા મોર આરતી સવારે ૭.૦૦ કલાકે યોજાયા બાદ તમામ મંદિરો બંધ રહેશે. શૃંગાર આરતી સવારે ૧૧ કલાકે, બપોરે ૧:૩૦ કલાકે અનોસર (દર્શન બંધ) થશે. સાંજના ૪:૩૦ કલાકે ઉત્થાપન દર્શન તથા રાત્રિના ૮.૦૦ કલાકે શયન થશે.

# જામનગર જિલ્લા ભાજપ ઉપપ્રમુખ રાજભા જાડેજાનો જન્મદિવસ



જામનગર જિલ્લા ભાજપ ઉપપ્રમુખ રાજભા જાડેજાનો આજે જન્મદિવસ છે. મૂળ ધ્રોલ તાલુકાના વાગુદળ ગામના વતની એવા રાજભા જાડેજાના જન્મદિવસ નિમિત્તે સવારથી જ કાર્યકરો, મિત્ર વર્તુળ અને શુભેચ્છકો દ્વારા શુભેચ્છાઓનો ધોધ વરસી રહ્યો છે.

રાજભા જાડેજાની રાજકીય સફર ખૂબ જ સંઘર્ષમય અને પ્રેરણાદાયી રહી છે. તેમણે અગાઉ ધ્રોલ તાલુકા ભાજપ પ્રમુખ તરીકે સંગઠનને ગામે-ગામ મજબૂત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમની આ નિષ્ઠા, સંગઠન શક્તિ અને લોકો સાથેના સીધા જોડાણને ધ્યાને રાખીને પક્ષ દ્વારા તેમને જામનગર જિલ્લા ભાજપ ઉપપ્રમુખ જેવી મોટી જવાબદારી સોંપવામાં આવી છે.

# દ્વારકા: દ્વારકાધીશ મંદિર આસપાસના વિસ્તારમાં પાથરણાંવાળાના દબાણોની સમસ્યા યથાવત

## તંત્રના જાહેરનામાનો ઉલાળિયો કરતા ફેરીયાઓ



**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દ્વારકાધીશ જગતમંદિરમાં હાલમાં ફૂલડોલ ઉત્સવ પૂર્વે જ દર્શનાર્થીઓની ભારે ભીડભાડ જોવા મળતી હોય જગતમંદિર આસપાસ દરરોજ હજારો દર્શનાર્થીઓ જોવા મળી રહયા છે ત્યારે જગતમંદિર આસપાસ પાથરણાંવાળાઓ દ્વારા કથિત રીતે ગેરકાયદે દબાણ કરાતું હોવા અંગે ફરી એકવાર ન્યૂ વેપારી મંડળના પ્રમુખ નીલેશભાઈ બથીયા દ્વારા ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવામાં આવી છે. તેઓ દ્વારા એક્સ-હેન્ડલ પર ટવીટ કરી ગુજરાત પોલીસ સહિતનાઓને રજૂઆત ઉકત રજૂઆત કરતા જણાવેલ કે ગેરકાયદે દબાણો ઉપરાંત ગેરકાયદે પાર્કિંગની સમસ્યા પણ જગતમંદિર આસપાસ જોવા મળી રહી છે જેના કારણે જગતમંદિર આસપાસ દબાણો ન કરવા અંગે કરેલ જાહેરાતનો સરેઆમ ભંગ થઈ રહયો છે. વ્યાપારીઓને પડી રહેલી સમસ્યા અંગે તુર્ત કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

બેસ્ટ ઓફ લક

# સીબીએસઈ બોર્ડની પરીક્ષાનો શાંતિપૂર્ણ માહોલમાં પ્રારંભ

## ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓની ગણિત સ્ટાન્ડર્ડ અને ગણિત બેઝિકની જ્યારે ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓની એન્ટરપ્રિનોરશિપ- બાયોટેકનેલોજીની પરીક્ષા લેવાઈ



**અબતક, રાજકોટ**

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશનની ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાઓનો આજથી શાંતિપૂર્ણ માહોલમાં પ્રારંભ થયો છે.ગુજરાતમાંથી પણ ધોરણ-૧૦ અને ૧૨ના મળી ૮૦ હજાર સાથે સમગ્ર દેશમાંથી આ પરીક્ષા માટે ૪૪ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા છે. ગત વર્ષ કરતા આ વખતે વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થયો છે.સીબીએસઈ બોર્ડ દ્વારા પરીક્ષા માટે ૮ હજાર કરતા વધુ પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા છે. બોર્ડની પરીક્ષા ભારત ઉપરાંત અન્ય ૨૬ દેશોમાં લેવાનું આયોજન કરાયું છે. પ્રથમ દિવસે ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓની ગણિત સ્ટાન્ડર્ડ અને ગણિત બેઝિકની પરીક્ષા લેવાઈ હતી. જ્યારે ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓની એન્ટરપ્રિનોરશિપ-બાયોટેકનેલોજીની પરીક્ષા આપી હતી. ધોરણ-૧૦ની પરીક્ષા ૧૮ માર્ચના રોજ પૂર્ણ થશે જ્યારે ધોરણ-૧૨ની પરીક્ષા ૧૦ એપ્રિલ સુધી ચાલશે.

ધોરણ-૧૦ અને ૧૨ના મળી કુલ ૨૦૩ વિષયોની પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવશે. જેમાં ધોરણ-૧૦ના ૮૩ વિષય અને ધોરણ-૧૨ના ૧૨૦ વિષયોનો સમાવેશ થાય છે. ૨૦૨૪ની પરીક્ષામાં ધોરણ-૧૦માં ૨૨.૫૧ લાખ વિદ્યાર્થી અને ધોરણ-૧૨માં ૧૬.૩૩ લાખ મળી કુલ ૩૮.૮૪ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. ત્યારબાદ ૨૦૨૫ની પરીક્ષામાં

(અનુ. આઠમા પાને)

**ધોરણ-૧૦ની પરીક્ષા ૧૮ માર્ચ જ્યારે ધોરણ-૧૨ની પરીક્ષા ૧૦ એપ્રિલ સુધી ચાલશે**

### પરીક્ષા દરમિયાન અફવાઓ પ્રત્યે ધ્યાન ન આપવા વિદ્યાર્થીઓ અને વાલીઓને બોર્ડની સલાહ

બોર્ડની પરીક્ષા શરૂ થવાની છે ત્યારે વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષાને લઈ ફેલાતી અફવાઓ પ્રત્યે ધ્યાન ન આપવા માટે તાકીદ કરાઈ છે. બોર્ડ દ્વારા પરીક્ષાને લઈને ચાલતા ફેક ન્યુઝ અને પેપર લીક સહિતની સોશિયલ મિડીયામાં ફેલાતી અફવાઓ પ્રત્યે ધ્યાન ન આપવા અને પરીક્ષાની તૈયારીમાં રહેવા માટે સલાહ આપવામાં આવી છે. ઉપરાંત પરીક્ષા સહિતની બાબતોની ચોક્કસ માહિતી માટે બોર્ડના ઓફિશિયલ હેન્ડલને જ યોગ્ય ગણવા માટે પણ અનુરોધ કર્યો છે.

### વડોદરાની ૪૦ શાળાઓને બોમ્બથી ઉડાવવાની મળી ધમકી: પોલીસ તંત્ર એલર્ટ

વડોદરા શહેર અને જિલ્લાની ૧૯ શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યો ઈ-મેઈલ મળ્યો હતો. અજાણ્યા વ્યક્તિ દ્વારા મોકલાયેલા આ ઈ-મેઈલ બાદ શિક્ષણ તંત્ર, પોલીસ વિભાગ અને વાલીઓમાં દોડધામ મચી ગઈ હતી. મેલમાં ગુજરાત બનેગા ખાલિસ્તાન એવો ઉલ્લેખ કરાયો છે.ધમકી મળ્યા બાદ ઊર્મિ સ્કૂલ (સમા-સાવલી રોડ), નાલંદા સ્કૂલ (વાઘોડિયા રોડ) અને ડી.આર. અમીન સ્કૂલ (ગદાપુરા) સહિત અનેક સ્કૂલોમાં તાત્કાલિક અસરથી વિદ્યાર્થીઓને રજા જાહેર કરવામાં આવી હતી. સ્કૂલ પ્રશાસન દ્વારા વાલીઓને તાત્કાલિક જાણ કરવામાં આવતા, સ્કૂલો બહાર વાલીઓનો મોટો જમાવડો જોવા મળ્યો હતો.પોલીસે પરિસ્થિતિની ગંભીરતા ધ્યાનમાં રાખીને બોમ્બ સ્કવોડ, ડોગ સ્કવોડ અને સ્થાનિક પોલીસ ટીમોને તમામ સંદિગ્ધ સ્કૂલોમાં મોકલી દીધી હતી. ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ સ્થળ પર પહોંચીને સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. દરેક સ્કૂલના કેમ્પસમાં ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી છે.

# એસઆઈઆરની ફાઈનલ મતદાર યાદી જાહેર થશે ૭૩ લાખના નામ કમી, હવે ૪.૩૫ કરોડ મતદાર

## ફાઈનલ મતદાર યાદી જાહેર થતાં જ ચૂંટણીનો ધમધમાટ, તંત્રએ તૈયારીઓ શરૂ કરતા રાજકીય પક્ષોમાં બેઠકોનો દોર શરૂ

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં ખાસ સઘન સુધારણા ઝુંબેશ પૂર્ણ થયા બાદ રાજ્યની આખરી મતદાર યાદી આજે પ્રસિદ્ધ કરવામાં આવશે તેવા અહેવાલો છે.

મતદાર યાદી જાહેર થયા બાદ તેમાં વાંધા અરજી માટે એક મહિનાનો સમય અપાશે, બાદમાં અન્ય કામગીરીને જોતા જેની કાગડોળે રાહ જોવાઈ રહી છે તે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ એપ્રિલના અંત કે મે મહિનામાં યોજાઈ તેવી શક્યતા જોવાઈ રહી છે. વહીવટી તંત્રએ તૈયારીઓ શરૂ કરતા રાજકીય પક્ષોએ પણ બેઠકોનો દોર શરૂ કર્યો છે.નવી યાદીમાં કુલ મતદારોનો આંકડો અંદાજે ૪.૩૫ કરોડની આસપાસ રહેવાની સંભાવના છે, જે અગાઉની યાદી કરતા લગભગ ૭૨ લાખ જેટલો ઓછો હોવાની વિગતો છે. મુખ્ય ચૂંટણી અધિકારી એચ. શુક્લાએ જણાવ્યું હતું કે, સુધારણા પ્રક્રિયા દરમિયાન મળેલી તમામ અરજીઓની ઝીણવટભરી તપાસ પૂર્ણ કરી લેવામાં આવી છે. અગાઉ જાહેર કરાયેલી ડ્રાફ્ટ યાદીમાં ૪.૩૪ કરોડ મતદારો નોંધાયા હતા, જેમાં નવા નોંધાયેલા મતદારોના ઉમેરા સાથે આખરી આંકડામાં સામાન્ય વધારો જોવા મળી શકે છે.સુધારણા પ્રક્રિયા દરમિયાન રાજ્યની મતદાર યાદીમાંથી કુલ ૭૩.૭૩ લાખ નામો દૂર કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. જેમાં મુખ્યત્વે મૃત્યુ પામેલા મતદારો, અન્ય સ્થળે કાયમી સ્થળાંતર કરી ગયેલા લોકો અને ડુપ્લિકેટ એન્ટ્રીઓનો સમાવેશ થાય છે. ચૂંટણી પંચને નામ કમી કરવા માટે ૬.૮૮ લાખ અરજીઓ મળી હતી, જ્યારે અન્ય ૯.૮૮ લાખ મતદારોએ સ્થળાંતરના કારણે ફોર્મ-૭ ભરીને જે-તે વિધાનસભા મતવિસ્તારમાંથી નામ દૂર કરવા વિનંતી કરી હતી. તપાસ બાદ બાકી રહેલી ૧.૪૭ લાખ જેટલી નવી નોંધણી અને સુધારાની અરજીઓનો પણ હવે નિકાલ કરી દેવામાં આવ્યો છે.મુખ્ય ચૂંટણી અધિકારીએ સ્પષ્ટતા કરી હતી કે, નામ કમી કરવાની પ્રક્રિયા સંપૂર્ણ પારદર્શિતા સાથે કરવામાં આવી છે અને કોઈ પણ નામ મનસ્વી રીતે દૂર કરાયું નથી. જ્યાં જરૂર જણાય ત્યાં મતદારોને નોટિસ આપી તેમના જવાબ પણ માંગવામાં આવ્યા હતા. ની આ સમગ્ર પ્રક્રિયા ૨૮ ઓક્ટોબરથી શરૂ થઈ હતી અને ડિસેમ્બરમાં ડ્રાફ્ટ યાદી પ્રસિદ્ધ થયા બાદ નાગરિકોને ૧૮ જાન્યુઆરી સુધી વાંધા-સૂચનો રજૂ કરવાનો સમય આપવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે લોકશાહીમાં તમામ લોકોની ભાગીદારી રહે તે માટે રાજ્યભરમાં ખાસ કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ખાસ કરીને સોમનાથ અને દ્વારકા જેવા વિસ્તારોમાં જ્યાં મોટા પાયે દબાણ હટાવવાની કામગીરી થઈ હતી, ત્યાં ખાસ મતાધિકાર કેમ્પ યોજાયા હતા. અમદાવાદના ચંડોળા જેવા વિસ્તારોમાં પણ જેમના મકાનો તોડી પડાયા હતા અને રહેઠાણના પુરાવા નહોતા, તેમને નવા રહેઠાણના દસ્તાવેજો રજૂ કરી નામ નોંધાવવાની તક આપવામાં આવી હતી.

### આખરી મતદાર યાદી તૈયાર કરાયા પછી ચેકિંગ કરાશે

રાજય ચૂંટણી પંચ અને રાજય સરકારની સૂચનાને અનુસરીને એસઆઈઆર અંતર્ગત અમદાવાદના તમામ મતદારો માટે સુધારેલી મતદાર યાદી તૈયાર કરવામાં આવી છે અને તે અંગે વાંધા- સૂચનોને ધ્યાનમાં લઈને આખરી મતદાર યાદી તૈયાર કરાયા પછી તેનું ચેકિંગ કરાવવામાં આવશે અને ત્યારપછી અંતિમ મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે.

# ફોગા યુએસએના પ્રતિનિધિમંડળની મુખ્યમંત્રી સાથે મુલાકાત



## સેકન્ડ યુનાઈટેડ ગુજરાતી કન્વેન્શન માટે આમંત્રણ, મિની વાઈબ્રન્ટ ગુજરાત અને રોકાણ-પર્યટન સહકાર મુદ્દે વિસ્તૃત ચર્ચા

**અબતક, રાજકોટ**

ફેડરેશન ઓફ ગુજરાતી એસોશિયન ઓફ યુએસએ (ફોગા યુએસએ)ના પ્રતિનિધિમંડળે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે સૌજન્ય મુલાકાત કરી. મુલાકાત અત્યંત અર્થસભર અને ભવિષ્યમુખી રહી હતી. બેઠક દરમિયાન ગુજરાત અને અમેરિકામાં વસતા ગુજરાતી સમાજ વચ્ચે વેપાર, મૂડીરોકાણ, પર્યટન અને સાંસ્કૃતિક સહકાર વધુ મજબૂત બનાવવાના વિવિધ મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી.

પ્રતિનિધિમંડળે મુખ્યમંત્રીને અમેરિકામાં યોજાનાર ''દ્વિતીય એકતા ગુજરાતી મહાસંમેલન''માં મુખ્ય અતિથિ તરીકે પધારવા સત્તાવાર આમંત્રણ આપ્યું. મુખ્યમંત્રીએ આ આમંત્રણ બદલ આનંદ વ્યક્ત કર્યો અને વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે રાજ્યના વધતા સંબંધોને વધુ સશક્ત બનાવવા રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

બેઠક દરમિયાન અમેરિકામાં વેપાર અને ઉદ્યોગ સહકાર વધારવા ''લઘુ સ્પંદિત ગુજરાત'' જેવી પહેલ હાથ ધરવા અંગે માર્ગદર્શન મેળવવામાં આવ્યું. મુખ્યમંત્રીએ જણાવ્યું કે આવી પહેલ નવા મૂડીરોકાણને પ્રોત્સાહન આપશે અને ગુજરાત તથા અમેરિકા વચ્ચેના આર્થિક સંબંધોને વધુ ગાઢ બનાવશે.

મુલાકાત દરમિયાન ગિફ્ટ

(અનુ. આઠમા પાને)

# ઠંડીનો વિરામ અને ઉનાળાનો પગરવ જોકે, માવઠા માટે તૈયાર રહેજો!

## બંગાળની ખાડીમાં લો-પ્રેશર સક્રિય થતા ફેબ્રુઆરીના અંતમાં કમોસમી વરસાદની આશંકા

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં શિયાળો હવે વિદાય લઈ રહ્યો છે અને બપોરના સમયે ઉનાળા જેવો અહેસાસ થઈ રહ્યો છે. જોકે, આ મિશ્ર ઋતુ વચ્ચે હવામાન વિભાગ અને નિષ્ણાતોએ આગામી દિવસોમાં વાતાવરણમાં મોટા પલટાની આગાહી કરી છે. ફેબ્રુઆરીના અંતિમ દિવસોમાં રાજ્યના વિવિધ ભાગોમાં માવઠું પડે તેવી પૂરેપૂરી શકયતા છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, હાલમાં કોઈ સક્રિય વેધર સિસ્ટમ ન હોવાથી ઉત્તર-પશ્ચિમના પવનો ફૂંકાઈ રહ્યા છે. આગામી ચાર દિવસ સુધી લઘુતમ તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર નહીં થાય, પરંતુ ત્યારબાદ પારો ૨ થી ૩ ડિગ્રી ઊંચકાશે. આનાથી વહેલી સવારની ગુલાબી ઠંડી પણ ઓછી થશે અને ગરમીનું જોર વધશે.હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે ખેડૂતોની ચિંતામાં વધારો કરતા જણાવ્યું છે કે, ૧૮ ફેબ્રુઆરીએ બંગાળની ખાડીમાં લો-પ્રેશર સર્જાશે. જેની અસર રૂપે ૨૫ થી ૨૮ ફેબ્રુઆરી દરમિયાન દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, વલસાડ અને આહવામાં વરસાદી ઝાપટા પડી શકે છે. જ્યારે સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ અને છૂટાછવાયા છાંટાની શક્યતા. આ ઉપરાંત ઉત્તર-મધ્ય ગુજરાતમાં પવન સાથે વાદળવાયુ રહેશે, જે રવી પાક માટે જોખમી સાબિત થઈ શકે છે.

# અમદાવાદના ૧૧ સીએ કથિત બોગસ પોલિટિકલ ડોનેશન કૌભાંડમાં દોષિત જાહેર

## ૨૦૨૧ ના કેસમાં વ્યવસાયિક ગેરવર્તણુક સામે આવતા આઈસીએઆઈની ડિસિપ્લિન બોર્ડએ કાર્યવાહી કરી

**અબતક, રાજકોટ**

ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ) ના ડિસિપ્લિન બોર્ડે કથિત બોગસ રાજકીય દાન કૌભાંડના સંદર્ભમાં અમદાવાદના ૧૧ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સને વ્યાવસાયિક ગેરવર્તણૂક માટે દોષિત ઠેરવ્યા છે.

તાજેતરના આદેશોમાં, બોર્ડે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ એક્ટ, ૧૯૪૯ ના પ્રથમ અનુસૂચિ હેઠળ સીએને 'અન્ય ગેરવર્તણૂક' માટે દોષિત ઠેરવ્યા છે અને કાયદાની કલમ ૨૧એ (૩) હેઠળ કાર્યવાહી કરવાનું વિચાર્યું છે. જો કે, તેમની રજૂઆતો સાંભળ્યા પછી, બોર્ડે તેમને ઠપકો આપવાનો નિર્ણય લીધો હતો.

આદેશમાં બોર્ડે નોંધ્યું છે કે આવકવેરા વિભાગ દ્વારા સંકળાયેલા રાજકીય પક્ષો સામે કોઈ પુનઃમૂલ્યાંકન કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી કે તેમની સામે કોઈ કાર્યવાહી શરૂ કરવામાં આવી નથી. સીએ દ્વારા કરવામાં આવેલી રજૂઆતોને ધ્યાનમાં લેતા, જેમણે સહાનુભૂતિપૂર્ણ દૃષ્ટિકોણ માંગ્યો હતો અને ખાતરી આપી હતી કે આવી વર્તણૂક ફરીથી નહીં થાય બોર્ડે ઠપકો આપવાનો આદેશ આપ્યો હતો. આવકવેરા વિભાગ દ્વારા કોઈ પુનઃમૂલ્યાંકન કરવામાં આવ્યું ન હતું, કે તાત્કાલિક મામલામાં સામેલ રાજકીય પક્ષો સામે કોઈ કાર્યવાહી શરૂ કરવામાં આવી ન હતી, તેમજ સીએના ગેરવર્તણૂકને ધ્યાનમાં રાખીને અને બોર્ડે તેમની રજૂઆતને ધ્યાનમાં રાખીને કડક ઠપકો આપી બીજીવાર આવું કૃત્ય નહિ કરવા ચેતવણી આપી હતી.

આ કેસ ફેબ્રુઆરી ૨૦૨૧ માં અમદાવાદ સ્થિત ત્રણ રાજકીય પક્ષો અને બે સખાવતી સંસ્થાઓના સંદર્ભમાં આવકવેરા કાયદા, ૧૯૬૧ હેઠળ હાથ ધરવામાં આવેલી શોધ અને જપ્તી કાર્યવાહીમાંથી ઉદ્ભવ્યો હતો. વિભાગે મોટા પાયે કરચોરીનો

(અનુ. આઠમા પાને)

# મોદી સરકારે ભારતને આત્મનિભરના સ્થાને અમેરિકા નિર્ભર બનાવ્યુ: કોંગ્રેસ

## વિધાનસભા પ્રથમ સત્રમાં કોંગ્રેસ દ્વારા જન આક્રોશ સભા યોજાઈ





**અબતક, રાજકોટ**

અખિલ ભારતીય કોંગ્રેસ સમીતીના મહામંત્રી અને સંગઠન પ્રભારી મુકુલ વાસનિકલજીએ સભાને સંબોધન કરતા જણાવ્યું હતું કે, ખેડુતો હેરાન છે. મહિલા સાથે ઉત્પીડન થઈ રહ્યું છે. યુવાનો ગરીબો છે.બેરોજગારી માંજા મુકી ગઈ છે. ભ્રષ્ટાચાર ચરમ સીમાએ છે પરંતુ ભુપેન્દ્ર પટેલની સરકાર અને નરેન્દ્ર મોદીની સરકાર કુંભકર્ણની નિદ્રામાં છે. નરેન્દ્ર મોદીએ ભારતને આત્મ નિર્ભર કરવાને બદલે ભારતને અમેરિકા નિર્ભર બનાવી દીધો છે. અમેરીકા ભારત સાથે ટેરિફ ડિલ કરી. આ ટ્રેડ ડિલ પ્રમાણ અમેરિકાએ ભારત

(અનુ. આઠમા પાને)



# પોરબંદરના દરીયાકાંઠેથી ૨૦૦ કિલોગ્રામ ડ્રગ્સ સાથે બે ઈરાની ઝડપાયા

## ગુજરાત એટીએસ અને કોસ્ટગાર્ડનું મધદરિયે ઓપરેશન જેટી ખાતે ડ્રગ્સનો જથ્થો લાવવા તજવીજ

**અબતક, રાજકોટ**

ગુજરાતનો દરિયાકાંઠો ડ્રગ્સ માફિયાઓ માટે સ્વર્ગ સમાન બની રહ્યો છે. સાથે સાથે યુવાધન ડ્રગ્સના દૂષણમાં બરબાદ થઈ રહ્યું છે ત્યારે ગૃહવિભાગે દાવો કર્યો છે કે, પાડોશી દેશો ગુજરાતમાં માદક પદાર્થો ઘુસાડવાના ઈરાદા ધરાવે છે, પણ ગુજરાત પોલીસની સતર્કતાને લીધે બધું નાકામ થયું છે. ત્યારે આ દાવાને સમર્થન આપતો વધુ એક બનાવ સામે આવ્યો છે. ગુજરાત એટીએસ અને કોસ્ટ ગાર્ડની ટીમેં પોરબંદરના દરીયાકાંઠા નજીકથી ૨૦૦ કિલો ડ્રગ્સ સાથે બે ઈરાની કેરિયરોને દબોચી લેવાયાના અહેવાલ સાંપડી રહ્યા છે.

પોલિસ સૂત્રોમાંથી પ્રાપ્ત અહેવાલ અનુસાર પોરબંદર નજીક મધદરિયે ગુજરાત એન્ટી ટેરીરિસ્ટ સ્કવોડ(એટીએસ) અને ઈન્ડિયન કોસ્ટગાર્ડની ટીમેં એક મોટું ઓપરેશન હાથ ધરી ડ્રગ્સનું કન્સસાઈમેન્ટ ઝડપી લીધું છે. સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર પોરબંદર નજીક મધદરિયેથી એટીએસ અને કોસ્ટગાર્ડ ટીમે આશરે ૨૦૦ કિલો ડ્રગ્સના જથ્થા સાથે બે ઈરાની કેરિયરને દબોચી લીધા હતા. હાલ ડ્રગ્સનો જથ્થો પોરબંદર જેટી ખાતે લઈ આવવા તજવીજ હાથ ધરવામાં આવી છે. જયારે ડ્રગ્સ ક્યાં લેન્ડ થવાનો હતો, કન્સાંઈમેન્ટ મંગાવનાર કોણ સહીતની દિશામાં એજન્સીઓએ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. જો કે, હાલ સુધીમાં પોલિસ કે કોસ્ટગાર્ડ દ્વારા આ ઓપરેશન અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

ઉલ્લેખનીય છે કે, અગાઉ વર્ષ ૨૦૨૪ ના અંતમાં પણ પોરબંદરના દરીયાકાંઠા નજીકથી ૭૦૦ કિલો ડ્રગ્સ ઝડપાયો હતો. ગુજરાત ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્કવોડ અને નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો દ્વારા સંયુક્ત ઑપરેશન દરમિયાન ૭૦૦ કિલો ડ્રગ્સનો જથ્થો ઝડપી લેવાયો હતો. પોરબંદરના દરિયામાં બોટમાં ડ્રગ્સ આવતું હોવાની બાતમી દિલ્હી એનસીબીની ટીમને મળી હતી. ગુજરાત એટીએસની ટીમ અને એનસીબીની ટીમે મોડી રાત્રે દરિયામાં ઑપરેશન હાથ ધર્યું હતું. આ દરમિયાન એક બોટમાંથી ૭૦૦ કિલો ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો છે. આ સાથે આઠ જેટલા ઈરાની શખ્સોની ધરપકડ કરવામાં આવી છે.